# FMPB ફસલ

October 2025

Issue 10

Volume 15


“પણ સંતોષસહિતનો ભક્તિભાવ એ મોટો લાભ છે.” ૧ તિમોથી ૬:૬

# સાદગીપૂર્ણ જીવનશૈલી

## સાદગીપૂર્ણ જીવનશૈલીની દૈવીય કૃપામાં વૃદ્ધિ પામવું



આના કરતા વધારે



યોહાન ૨૧:૧૫



# મુખપૃષ્ઠ...

## સાદગીપૂર્ણ જીવનશૈલી : ખ્રિસ્તમાં સાચી સમૃદ્ધિ

તેમની આત્મકથા ‘જસ્ટ એઝ આઈ એમ’ માં બિલી ગ્રેહામ કેરેબિયન ટાપુઓમાં એક ન ભૂલી શકાય તેવા અનુભવનો ઉલ્લેખ કરે છે, જેણે ખરેખર સાચી મહાનતા શું છે તે જાહેર કર્યું. તેમને અને તેમની પત્ની રૂથને વિશ્વના સૌથી ધનિક માણસોમાંના એક દ્વારા બપોરના ભોજન માટે આમંત્રણ અપાયું હતું. તેમની પાસે યાટ, ખાનગી વિમાન અને અપાર સંપત્તિ હોવા છતાં, માણસે આંસુઓ સહિત કબૂલાત કરી, “હું વિશ્વનો સૌથી દુઃખી માણસ છું.”

તે જ દિવસે, તેઓએ એક ગરીબ, વિધુર, અંગ્રેજી પાળકની મુલાકાત લીધી જેમણે તેમની બે અમાન્ય બહેનોની પ્રેમથી સંભાળ રાખી હતી. જો કે તેમની પાસે બિલકુલ પૈસા નહોતા તેમ છતાં, તેમણે આનંદ સાથે જાહેર કર્યું કે, “હું આ ટાપુનો સૌથી સુખી માણસ છું.” બિલી અને રૂથ તરત જ જાણી ગયા કે ખરેખર સમૃદ્ધ માણસ કોણ છે – સમૃદ્ધિ તમારી મિલકતો દ્વારા મપાતી નથી, પરંતુ ખ્રિસ્તમાં આનંદ અને ચરિત્ર દ્વારા માપવામાં આવે છે. આ સત્ય **એફએમપીબીના સાતમા મૂલ્ય : “સરળ જીવનશૈલી”** સાથે નજીકથી સંબંધ ધરાવે છે : વ્યક્તિગત અને સંગઠનાત્મક જીવનમાં ફક્ત અનિવાર્ય જરૂરિયાતો સાથે જીવવાની પ્રતિબદ્ધતા (૧ તિમોથી ૬:૬). સાદગીપૂર્ણ જીવનશૈલી આજની દુનિયાના સંદર્ભની બહારની લાગે છે, પરંતુ તે ખરેખર આપણા માટે શું મહત્વનું છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે મુક્ત કરે છે, અને તે છે ઈશ્વરના રાજ્યનું કાર્ય. જેમ કે હિબ્રૂઓને પત્ર ૧૨:૧ આપણને યાદ અપાવે છે, “...માટે આપણે પણ **દરેક જાતનો બોજો** નાખી દઈએ, અને આપણે સારુ ઠરાવેલી શરતમાં ધીરજથી દોડીએ.”

સાદગીપૂર્વક જીવવું એ જીવનના દરેક ક્ષેત્રને અસર કરે છે – આપણા સમય, શક્તિ, આરોગ્ય, ઉપલબ્ધતા અને આપણી ખર્ચ કરવાની ટેવને પણ. આ સંસાધનો યા તો ઈશ્વરના રાજ્યની પ્રાથમિકતા માટે રોકાણ કરવામાં આવે છે અથવા વિક્ષેપકારક બાબતો પાછળ બગાડવામાં આવે છે. શાસ્ત્રો આપણને યાદ અપાવે છે, “યુદ્ધમાં જનાર કોઈ સૈનિક સાંસારિક કામકાજમાં ગૂંથાતો નથી કે, જેથી તે પોતાના ઉપરી અમલદારને સંતોષ પમાડે” (૨ તિમોથી ૨:૪).

સાદગીપૂર્ણ જીવનથી હાથોહાથ સંતોષ મળે છે. સંતોષનો માર્ગ કૃતજ્ઞતાથી શરૂ થાય છે – ઈશ્વરના આશીર્વાદોની માન્યતા અને આપણી પાસે જે પહેલાથી છે તેનાથી સંતુષ્ટ થવાનું પસંદ કરે છે. “આગલી મોટી વસ્તુ” પાછળ દોડતી દુનિયામાં, કૃતજ્ઞતા આપણું ધ્યાન, શાનો અભાવ છે તેના તરફથી શાની ભરપુરી છે તેની તરફ ખસેડે છે. કૃતજ્ઞતા માટે ડાયરી રાખવા જેવીપ્રાયોગિક ટેવ આ માનસિકતાને પોષવામાં મદદ કરે છે. તેનાથી વિપરીત, સરખામણી બેચેન કરે છે અને આપણા આનંદને છીનવી લે છે.

પ્રેરિત પાઉલે આ જીવનનો નમૂનો આપ્યો છે, “જે અવસ્થામાં હું છું, તેમાં સંતોષથી રહેવાને શીખ્યો છું” (ફિલિપ્પી ૪:૧૧-૧૩). તેનાથી પણ વધુ ગહન, ઈસુ પોતે એક અંતિમ ઉદાહરણ છે : “ઈસુ ખાલીપણામાં જન્મ્યા હતા, તંગીમાં જીવન જીવ્યા, અને ખાલીપણામાં મૃત્યુ પામ્યા. તેમની સાદગી આકસ્મિક નહોતી. ઈસુ કોઈ પણ ગુણવત્તાસભર સ્તર પસંદ કરી શક્યા હોત, તેમ છતાં તેમણે સાદાઈમાં રહેવાનું પસંદ કર્યું.” – રિચાર્ડ એ. સ્વેન્સન

તો પછી, સાચી સમૃદ્ધિ, સંપત્તિ, ખ્યાતિ અથવા મિલકતોમાં મળતી નથી, પરંતુ ખ્રિસ્તકેન્દ્રિત જીવન જીવવામાં - સરળતા, કૃતજ્ઞતા અને સંતોષ દ્વારા ચિહ્નિત થયેલ છે. આપણે આપણી જરૂરિયાતોને પહોંચી વળવા અને ઈશ્વરના રાજ્ય માટે આપણી પાસેની તમામ વસ્તુઓનો ઉપયોગ કરવા માટે ઈશ્વર પર વિશ્વાસ રાખીને, હૃદયપૂર્વક જીવવાનું અને દિલથી સેવા આપવાનું પસંદ કરી શકીએ.

*– મર્સી સેલ્વિન (કમ્યુનિકેશન ડીપાર્ટમેન્ટ)*

“જે અવસ્થામાં હું છું, તેમાં
સંતોષથી રહેવાને હું શીખ્યો છું,
ગરીબ થવું હું જાણું છું, તથા
ભરપૂર હોવું પણ હું જાણું છુ.”
(ફિલિપ્પી ૪:૧૨)

ખ્રિસ્તનું જીવન નમ્ર સાદગીભર્યું જીવન હતું, તેમ છતાં તેમનું લક્ષ્ય કેટલું અનંત હતું. ખ્રિસ્ત એ તમામ બાબતોમાં આપણું ઉદાહરણ છે.

- એલેન જી. વ્હાઈટ

“વળી યહોવામાં દીનોનો આનંદ વધતો જશે, ને દરિદ્રી માણસો ઈસ્રાએલના પવિત્ર દેવમાં હરખાશે.”

યશાયા ૨૯:૧૯

જ્યારે હું ઈશ્વર પર વિશ્વાસ કરું છું અને તેમનામાં મારા સંતોષને પ્રથમ શોધી શકું છું ત્યારે સાચી સાદગી શરૂ થાય છે.

- માર્ક રોબર્ટ્સ

## અમારું દર્શન

ઈસુ ખ્રિસ્તની સુવાર્તા સાથે વણખેડાયેલા ભારતીયો સુધી પહોંચો.

## અમારું ધ્યેય

ઈસુ ખ્રિસ્તની સુવાર્તા સાથે રાષ્ટ્રને સુવાર્તા પહોંચાડવી, સમુદાયોને રૂપાંતરિત કરવા અને ભારતીય મંડળીઓની વિશાળ ભાગીદારી માટે તેઓને દર્શન જણાવવું.

એફએમપીબી દેશભરમાં મંડળી સ્થાપનાકાર્યમાં મંડળીના એક હાથ તરીકે કાર્ય કરે છે.

એફએમપીબી જુદાજુદા લોકજૂથો મધ્યે પહોંચીને સુવાર્તાપ્રચારનું કાર્ય કરે છે.

એફએમપીબી પ્રાર્થના કરવા તથા પોતાના સેવાકાર્યને ટેકો આપવા માટે મંડળીઓ, સંસ્થાઓ, કુટુંબો અને વ્યક્તિઓને આમંત્રણ આપે છે.

**FMPB, House No.06, Carmel Park Society,
Nr. Carmel Methodist Church,
Gurukrupa School Road,
CTM, Ahmedahad-380026, Gujarat
Mo. 9913007205**

**ફસલ**

*એફએમપીબીનું સત્તાવાર માસિક*

*Publisher & Editor*
**S. John Berlin**

| SUBSCRIPTION | INDIA | FOREIGN |
|---|---|---|
| Annual | Rs.100 | Rs.600 |
| Life | Rs.1500 | Rs.5,000 |

H.Q: 29, High School Road, Ambattur,
Chennai - 600 053
Tel: +91-44-2657 0404 Fax: 2657 3353
Cell: 9444394342
E-mail: info@fmpb.org
Web site: www.fmpb.co.in

**Layout and Preparation:**
Communication Dept., fmpb

# જનરલ સેક્રેટરીની કલમે...

જ્યારે ઈસુએ તેમના શિષ્યોને મોકલ્યા, ત્યારે તેમણે તેમને આદેશ આપ્યો : "મુસાફરીને સારુ તમે કંઈ પણ લેતા ના, લાકડી નહિ, જોળણી નહિ, રોટલી નહિ, કે નાણું પણ નહિ, વળી બબ્બે અંગરખા રાખશો નહિ" (લૂક ૯:૩). આ ખાસ સૂચનામાં, ઈસુએ બતાવ્યું કે સુવાર્તાનું સેવાકાર્ય વધારાના બોજાથી મુક્ત હોય તેવી સ્થિતિમાં સારી રીતે આગળ વધે છે. સાદગી એ કોઈ વિકલ્પ નહોતો, તે તેઓની સાક્ષીનો એક ભાગ હતો.

એક સાદગીભરી જીવનશૈલી હમેશાં ઈશ્વરના સેવાકાર્યમાં કેન્દ્રસ્થાને રહી છે. ઈબ્રાહિમે અજાણ્યા દેશમાં ઈશ્વરના તેડાને અનુસરવા માટે ઉરની સંપત્તિ છોડી દીધી (ઉત્પત્તિ ૧૨:૧). પ્રારંભિક મંડળીના વિશ્વાસીઓ તેમની પાસેની વસ્તુઓ દરેકની અગત્ય પ્રમાણે વહેંચી દેતા (પ્રે.કૃ. ૨:૪૪-૪૫). પાઉલે જાહેર કર્યું, "જે અવસ્થામાં હું છું, તેમાં સંતોષથી રહેવાને હું શીખ્યો છું" (ફિલિપ્પી ૪:૧૨). દરેક પેઢીમાં, સુવાર્તાની પ્રગતિ પુરુષો અને સ્ત્રીઓ દ્વારા કરવામાં આવી છે જેઓ પૃથ્વી પર સાદગીથી રહેતા હતા જેથી તેઓ આજ્ઞાપાલનમાં મુક્તપણે ચાલી શકે.

આજનું વિશ્વ આપણે એકઠું કરવા, તેમાં વધારો કરવા અને સ્પર્ધા કરવાનું કહે છે. છતાં ઈશ્વરનું રાજ્ય આપણને મુક્ત કરવા, સાદગીથી રહેવા અને સેવા કરવાનું કહે છે. એક સાદગીભરી જીવનશૈલી વંચિતતા વિષે નહિ પરંતુ ભક્તિ વિષે છે. તે આપણા હૃદયને ભૌતિકવાદની પકડથી મુક્ત કરે છે જેથી આપણા હાથ આપવા માટે ખુલ્લા હોય, અને ખ્રિસ્ત આપણને મોકલે ત્યાં જવા માટે આપણા પગ તૈયાર હોય.

### ધન્યતાઓ અને ઈશ્વરના રાજ્ય માટે સાદગીપૂર્ણ જીવનનું તેડું

જ્યારે ઈસુએ પહાડ પરથી ધન્યતાઓનો ઉપદેશ આપ્યો (માથ્થી ૫:૧-૧૨), ત્યારે તે નૈતિક સૂચનોની સૂચિ આપી રહ્યા ન હતા પરંતુ જીવનની ધરમૂળથી અલગ રીતનું અનાવરણ કરતા હતા. તેમના શબ્દોએ વિશ્વની સત્તા, સંપત્તિ અને મહત્વકાંક્ષાના ધોરણોને ઉથલાવી દીધા, અને તેમના શિષ્યોને નમ્રતા, દયા, શુદ્ધતા અને શરણાગતિમાં આમંત્રણ આપ્યું. તેમના હૃદયમાં, ધન્યતાઓ વ્યક્તિના સાદગીભર્યા જીવનનું વર્ણન કરે છે જે સંપત્તિના બોજાઓથી મુક્ત, અભિમાનથી મુક્ત અને સંપૂર્ણ રીતે ઈશ્વરના સેવાકાર્ય માટે સમર્પિત હોય.



### આત્મામાં જેઓ રાંક છે તેઓને ધન્ય છે, કેમ કે આકાશનું રાજ્ય તેઓનું છે.

આત્મામાં ગરીબ હોવું એ કબૂલ કરવું છે કે આપણે ઈશ્વર પર સંપૂર્ણ નિર્ભર છીએ. વિશ્વ આપણને સંપત્તિ અને સંપત્તિ દ્વારા સુરક્ષા મેળવવાનું શીખવે છે, પરંતુ ઈસુ આપણને સંપૂર્ણ વિશ્વાસના જીવનમાં બોલાવે છે. સાદગી અહીં આત્મનિર્ભરતા પર ઈશ્વરનિષ્ઠા પસંદ કરીને શરૂ થાય છે. જ્યારે આપણે સંપત્તિમાં અભિમાન કરવાનું ત્યજી દઈએ, ત્યારે આપણે ખ્રિસ્તમાં સાચી સંપત્તિ શોધીએ છીએ. સેવાકાર્યમાં, આ સ્થિતિ આપણને આપણી પાસે જે છે તે ગુમાવવાના ડરના બોજાથી મુક્ત, તે જ્યાં મોકલે ત્યાં જવાની પરવાનગી આપે છે.

### જેઓ શોક કરે છે તેઓને ધન્ય છે, કેમ કે તેઓ દિલાસો પામશે.

જેઓ સાદગીપૂર્ણ જીવન જીવે છે તેઓ સુવિધાઓથી સંવેદનહીન બનવાને બદલે વિશ્વની ભંગિત સ્થિતિથી દુ:ખી થાય છે. તેઓ અન્યાય, ગરીબી અને નાશમાં જતા આત્માઓને માટે શોક કરે છે. તેમ છતાં ઈશ્વર પોતે તેઓને દિલાસો આપવા માટે નજીક આવે છે. સાચા સેવાકાર્યની શરૂઆત ઈશ્વરના હૃદયને શું વ્યથિત કરે છે તેના માટે આપણું હૃદય વ્યથિત થાય તેનાથી થાય છે. આ વ્યથામાંથી કરુણા અને બલિદાની સેવા કરવાની ઈચ્છા વહે છે.

### જેઓ નમ્ર છે તેઓને ધન્ય છે, કેમ કે તેઓ પૃથ્વીનું વતન પામશે.

નમ્રતા એ નબળાઈ નથી પરંતુ ઈશ્વરને સમર્પિત શક્તિ છે. નમ્ર લોકો ઉદાર હાથથી જીવે છે, સંપત્તિ અથવા સત્તાને ગ્રહણ કરતા નથી. પ્રતિષ્ઠાની ઉપર સેવાને,

આત્મવિલાસીપણાની ઉપર કારભારીપણાને પસંદ કરીને સાદગી અને નમ્રતમાને કાર્યાન્વિત કરવામાં આવે છે. ઈશ્વર તેમના ધ્યેયને નમ્ર લોકોને સોંપે છે, જેઓ પ્રાપ્ત કરવા દ્વારા નહિ પરંતુ શરણાગતિ દ્વારા વારસો મેળવે છે.

### જેઓને ન્યાયીપણાની ભૂખ તથા તરસ છે તેઓને ધન્ય છે, કેમ કે તેઓ ધરાશે.

સાદગી પૃથ્વી પર ઈશ્વરના ન્યાયીપણાને જોવા માટે સૌથી વધુ ભૂખ માટે જગ્યા ખાલી કરે છે. જ્યારે આપણે વિક્ષેપો અને ભૌતિક તૃષ્ણાઓને બાજુએ મૂકીએ છીએ, ત્યારે આપણે ઈશ્વરનો ન્યાય, તેમનું સત્ય, અને તેમનું રાજ્ય જ ખરો સંતોષ આપનારું છે તે માટે ઈચ્છા રાખીએ છીએ. આ ભૂખ ભૂખ્યાને ખવડાવીને, કચડાયેલા લોકોનો બચાવ કરીને અને સુવાર્તા પ્રગટ કરીને સેવાકાર્ય કરે છે.

### દયાળુઓને ધન્ય છે કેમ કે તેઓ દયા પામશે

જ્યારે આપણા જીવનમાં લોભ ન હોય ત્યારે આપણામાં દયા પ્રગટ થાય છે. સાદગી લોભ પરની આપણી પકડ ઢીલી કરે છે અને અન્યોની જરૂરિયાતોને ધ્યાનમાં લેવા અને પૂરી કરવા માટે મુક્ત કરે છે. દયાળુ શિષ્ય સંસાધનોનો ઉપયોગ પોતાની સુવિધાઓ માટે કરવાને બદલે ભંગિત હૃદયોને આશીર્વાદ આપવા માટે કરે છે. સેવાકાર્યમાં, દયા ખ્રિસ્તની કરુણાને દરિદ્રીઓ અને ખોવાયેલાઓ સુધી લંબાવીને વધસ્તંભની સાક્ષી બને છે.

### મનમાં જેઓ શુદ્ધ છે તેઓને ધન્ય છે, કેમ કે તેઓ દેવને જોશે.

શુદ્ધતા એ ઈશ્વર પ્રત્યેની હૃદયની એક ભક્તિ છે. સાદગી એ પકડને દૂર કરે છે જે આપણી વફાદારીને વિભાજીત કરે છે. જ્યારે સ્થિતિ અને સંપત્તિ તેની પકડ ગુમાવે છે, ત્યારે આપણું ઈશ્વરનું દર્શન તીવ્ર બને છે. સેવાકાર્ય શુદ્ધ હૃદયના શિષ્યો દ્વારા વૃદ્ધિ પામે છે જેઓ પોતાને માટે કંઈ જ નહિ પરંતુ ઈશ્વરનો મહિમા શોધે છે.

### સલાહ કરાવનારાઓને ધન્ય છે, કેમ કે તેઓ દેવના દીકરા કહેવાશે

લોભ અથવા સ્પર્ધા દ્વારા સલાહ કરાવનાર બની શકાતું નથી. સંપતિની ઉપર સંબંધો અને હરિફાઈની ઉપર સમાધાન દ્વારા સાદગી શાંતિને પ્રોત્સાહન આપે છે. સેવાકાર્યમાં, સલાહ કરાવનારાઓ ખ્રિસ્તના સમાધનના પ્રેમને મૂર્ત સ્વરૂપ આપે છે, તે વિશ્વને બતાવે છે કે આપણે ઈશ્વરના બાળકો છીએ.

### ન્યાયીપણાને લીધે જેઓની સતાવણી કરાઈ છે તેઓને ધન્ય છે, કેમ કે આકાશનું રાજ્ય તેઓનું છે.

ધન્યતાઓ પ્રમાણે જીવવાનો અર્થ ઘણીવાર એ થાય છે કે વિશ્વના મૂલ્યો સાથે ટકરાવ કરવો. ભોગવિલાસની સંસ્કૃતિમાં સાદગી મૂર્ખતા લાગે. છતાં જેઓ ખ્રિસ્તની ખાતર સતાવણી સહન કરે છે તેઓ તેમના રાજ્યની વાસ્તવિકતાનો આનંદ પ્રાપ્ત કરે છે. દુન્યવી સુવિધાઓ કરતા અનંતકાલિક પુરસ્કારનું મહત્વ વધારે છે તે જાણીને સદીઓથી મિશનરીઓ નુકસાન અને સતાવણી સહન કરે છે.

સેવાકાર્યનો ઈતિહાસ એવા પુરુષો અને સ્ત્રીઓથી ભરેલો છે જેઓએ બતાવ્યું છે કે સુવાર્તા સાદગી દ્વારા વૃદ્ધિ પામે છે. વિલિયમ કેરી કરકસરિયું જીવન જીવ્યા જેથી સંસાધનનો ઉપયોગ બાઈબલ અનુવાદકાર્યમાં કરી શકાય. મધર ટેરેસાએ અત્યંત દરિદ્રીઓની સેવા કરવા માટે સાદગીપૂર્ણ જીવનનો સ્વીકાર કર્યો. પંડિતા રમાબાઈએ ભારતની વિધવાઓ અને અનાથોની સેવા કરવા માટે વ્યક્તિગત સુવિધાઓને બાજુ પર મૂકી. તેઓના જીવનો આપણને યાદ અપાવે છે કે સાદગી એ આપણા માટે કશું બચાવ્યા વિના સેવા કરવાની, આપવાની અને પ્રેમ કરવાની શક્તિ આપે છે.

આપણા સમયમાં, આપણા પ્રિય પેટ્રિક જોશુઆ અજ્ઞાનનું જીવન, જેમણે એફએમપીબીના મૂલ્યો લખ્યા છે, તે ધન્યતાઓ પ્રમાણે જીવન જીવવાનું એક પ્રકાશિત ઉદાહરણ છે. તેમણે એક સાધારણ ઘરમાં રહેવાનું પસંદ કર્યું અને સુવિધાઓની ઉપર સંતોષનું મૂલ્ય વધારે આંક્યું. તેમની નમ્રતા, પારદર્શક જીવનશૈલી અને સેવક તરીકેની આગેવાની તેમની નમ્રતા અને હૃદયની શુદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. તે હમેશાં આપણને યાદ અપાવે છે કે સેવાકાર્ય સંપત્તિ અથવા પ્રતિષ્ઠા દ્વારા આગળ વધી શકતું નથી, પરંતુ શરણાગતિભર્યા જીવન દ્વારા આગળ વધે છે. પ્રારંભિક શિષ્યોની જેમ, તેમણે સુવાર્તાને ઉદાર હાથો અને ઉદાર હૃદયથી પ્રગટ કરી.

વિશ્વમાં એવા ખ્રિસ્તીઓની જરૂર છે જેમનો આનંદ સંપત્તિ પર નહિ પરંતુ ખ્રિસ્ત પર આધારિત હોય. એક સાદગીભરી જીવનશૈલી પોતે એક સેવાકાર્યની સાક્ષી, એક જાહેરાત છે કે ઈસુ પર્યાપ્ત છે. આ ધન્યતાઓ થોડાક

લોકો માટેના આદર્શો નથી, પરંતુ દરેક શિષ્ય માટે તે તેડુ છે. સાદગીપૂર્ણ જીવન જીવવું એટલે અભિમાન ઉપર નમ્રતા, લોભની ઉપર દયા, સમાધાનની ઉપર પ્રામાણિકતા પસંદ કરીને ખ્રિસ્તને પ્રતિબિંબિત કરવા તે છે. આપણા ઘરો, મંડળીઓ અને ચળવળો આ તેડાનો સ્વીકાર કરે. કેમ કે જ્યારે આપણે સાદગીભર્યું જીવન જીવીએ છીએ, ત્યારે સુવાર્તા વધુ તેજથી પ્રકાશે છે, અને સેવાકાર્ય વધુ મુક્તપણે આગળ વધે છે.

**મુંબઈમાં મિશન જાગૃતિના કાર્યક્રમો :** આ બેઠકોએ શહેરના વિશ્વાસીઓમાં તાજો ઉત્સાહ પ્રગટાવ્યો હતો. ઘણાને તેમની આંખોને વ્યક્તિગત ચિંતાઓથી આગળ વધીને પરિવર્તનની રાહ જોતા વિશાળ ક્ષેત્રોને જોવા માટે પડકાર આપવામાં આવ્યો હતો. જેમણે પ્રાર્થના કરવા પ્રતિબદ્ધ થયા હતા તેઓ માટે અમે ઈશ્વરનો આભાર માનીએ છીએ.

**સિંકદરાબાદમાં આઈએમએના રાષ્ટ્રીય આગેવાનોની પરામર્શ :** આ મેળાવડામાં દેશભરના આગેવાનોને એકઠા થયા હતા. તેમાં એકબીજાને સાંભળીને, ઈશ્વરના હેતુઓને સમજવા અને પડકારજનક સમયમાં મિશન માટે ભાગીદારીને મજબૂત બનાવવા વિષે ચર્ચા કરવામાં આવી હતી. સુધારણા, આત્મિક જાગૃતિ અને તલ્લીનતાને શ્રેષ્ઠતાના ધોરણો તરફ લઈ જવાનો નિશ્ચય કરવામાં આવ્યો હતો.

**અનબિન સંગમમ - ચેન્નાઈમાં SCAN પારિવારિક મેળાવડો :** આપણા સમર્થકો અને ભાગીદારોના ખ્રિસ્તી વ્યવસાયિક પરિવારોની સંગતના આનંદકારક વાતાવરણમાં એકઠા થયા હતા. તે પરસ્પર પ્રોત્સાહન, આરાધના અને ઐક્યતાને મજબૂત બનાવવાનો સમય હતો જે આપણને એક મિશન પરિવાર તરીકે એક કરે છે. સાચે જ, પ્રેમ, પ્રાર્થના અને એકતા એ આપણા ચળવળની કરોડરજ્જુ છે.

**મેનેજમેન્ટ કમિટીની બેઠક :** આ ફક્ત વહીવટી મેળાવડો જ નહિ પરંતુ પ્રાર્થના અને સમજદારીની પવિત્ર જગ્યા હતી. મિશનની પ્રગતિ માટેના મહત્વપૂર્ણ નિર્ણયો નમ્રતા અને ઈશ્વરીય ડહાપણ પર નિર્ભરતા સાથે લેવામાં આવ્યા હતા. અમે એ જોવાનું ચાલુ રાખીએ છીએ કે કેવી રીતે વહીવટ, જ્યારે પ્રાર્થનામાં મૂળ હોય, ત્યારે ઈશ્વરના માર્ગદર્શન માટેની એક ચેનલ બની જાય છે.

**બેંગલુરુમાં ઝોનલ અને પ્રાદેશિક સચિવોની બેઠક :** તમામ પ્રદેશોના આપણા મિશનના આગેવાનો મિશનની વ્યૂહરચનાની સમીક્ષા કરવા, પુનઃ ગોઠવવા અને તાજી કરવા માટે એકઠા થયા હતા. આગેવાનોની સંગત પારદર્શિતા, આત્માની ઐક્યતા અને વણખેડાયેલા લોકો માટેના ઊંડા બોજથી ચિહ્નિત થયેલ હતી. આવો સમય સંસ્થાની કરોડરજ્જુને મજબૂત બનાવે છે.

**તેલંગાણામાં વિઝન કાસ્ટિંગ પાળકોની પરિષદો :** પાળકો તેમની મંડળીઓને મિશન માટે એકત્રિત કરવા માટે સજ્જ અને કલ્પના કરવામાં આવી હતી. ઘણા લોકોએ રાષ્ટ્રો માટે ઈશ્વરના ધબકારની તાજી ઝલક મેળવી હતી અને મિશનરીઓ મોકલવા અને ટેકો આપવા માટે તેમના મંડળોની સામેલગીરી તરફ દોરી જવા પ્રતિબદ્ધ થયા હતા.

અમે આ દરેક મેળાવડામાં તેમના વિશ્વાસુપણા માટે ઈશ્વરની સ્તુતિ કરીએ છીએ. આપણે આનંદ કરીએ છીએ તેમ છતાં, આપણને ઈસુના શબ્દોની યાદ આવે છે : "ન્યાયીપણાને લીધે જેઓની સતાવણી કરાઈ છે તેઓને ધન્ય છે, કેમ કે આકાશનું રાજ્ય તેઓનું છે." મિશન ક્ષેત્ર તકો અને અવરોધો બંને દ્વારા ચિહ્નિત થયેલ છે.

પ્રિય મિત્રો, અમે આ પડકારજનક દિવસોમાં તમારી પ્રાર્થનાની અપેક્ષા રાખીએ છીએ. આપણા દેશના ઘણા ભાગોમાં, મિશન પ્રત્યેની શત્રુતા વધુ તીવ્ર બની રહી છે, અને આપણા કાર્યકરો માટે વધતા જતા પ્રતિબંધો અને વિરોધ દ્વારા પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. આપણા પ્રિય મિશનરીઓમાંથી એકને સુવાર્તા ખાતર બંધક બનાવવામાં આવ્યા છે, કૃપા કરીને તેમની સલામતી, સુરક્ષા અને મુક્તિ માટે પ્રાર્થના કરજો અને તેમના પરિવારને પ્રાર્થનામાં યાદ રાખજો કે તેઓને ઈશ્વરની સંપૂર્ણ શાંતિ પ્રાપ્ત થઈ શકે. ઉત્તર ભારતમાં, આપણા ઘણા સેવા ક્ષેત્રો સખત વિરોધનો સામનો કરે છે, ઈશ્વરપિતા આપણી ટીમોને તેમની સાક્ષીમાં દ્રઢ રહેવા માટે હિંમત અને કૃપા આપે. અમે ઘણા મિશનરીઓ અને તેમના પરિવારોને પણ યાદ કરીએ છીએ જેઓ દરરોજ દબાણ હેઠળ સેવા આપે છે. પ્રાર્થના કરો કે ઈશ્વરપિતા તેમને ડહાપણ પ્રદાન કરે, તેમને હિંમતથી ભરી દેશે, અને અંધકારમાં અજવાળા તરીકે પ્રકાશવા માટે તેમના વિશ્વાસને મજબૂત કરે.

તેમના મિશનમાં,



**રેવ. વિજય પ્રસન્ના આઈઝેક**



# દુ:ખો દ્વારા ઈશ્વરની યોજનાને પરિપૂર્ણ કરનાર એક સાદગીપૂર્ણ જીવન

## બાઈબલ આધારિત પરિપ્રેક્ષ્ય

આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના મધુર નામમાં મારી ઉષ્માભરી શુભેચ્છાઓ, જે એક સરળ જીવનની સુંદરતાને પ્રગટ કરવા માટે માણસના પુત્ર તરીકે પૃથ્વી પર આવ્યા.

આ ઓક્ટોબર મહિનામાં, મિશનરીઓ, ભાગીદારો અને ફ્રેન્ડ્સ મિશનરી પ્રેયર બેન્ડના લાભાર્થીઓ - ખાસ કરીને ફસલ મેગેઝિનના વાચકો – આપણા પ્રિય મૂલ્યોમાંથી એક : **"સાદગીપૂર્ણ જીવનશૈલી"** પર પ્રતિબિંબિત કરે છે.

**પરંતુ સાદગીપૂર્ણ જીવનશૈલીનો ખરેખર અર્થ શું છે ?** તે વૈભવ વિના જીવવાનો એક માર્ગ છે – બિનજરૂરી સંપત્તિને ઓછી કરવી, સર્જન સાથે સંવાદિતામાં જીવવું, અને ઈશ્વર જે પ્રદાન કરે છે તેનાથી સંતુષ્ટ થવું. એફએમપીબી માટે, તે ફક્ત વ્યક્તિગત અને સેવાકાર્યમાં ફક્ત આવશ્યકતા સાથે જીવવાની પ્રતિબદ્ધતા છે. અમારું માર્ગદર્શન વચન છે :

**"પણ સંતોષસહિતનો ભિક્તભાવ એ મોટો લાભ છે" (૧ તિમોથી ૬:૬)**

આને સમજવા માટે, આવો આપણે ત્રણ લોકોના બાઈબલના ઉદાહરણો પર વિચાર કરીએ કે જેઓએ સાદગીપૂર્ણ જીવનો જીવ્યા અને ઈશ્વરની યોજનાને પૂર્ણ કરી – જેઓ પણ સમકાલીન મિશનરી સાક્ષીઓ સાથે એ જ માર્ગને અનુસર્યા.

### ઈશ્વરના પસંદ કરેલા લોકોમાં બદલાણ પામેલું સાદગીપૂર્ણ જીવન

રાજા આહાબ – ઈઝેબેલને પરણીને, બઆલની ભક્તિ કરી, મૂર્તિઓ માટે વેદીઓ બનાવી અને ઈશ્વરના પ્રબોધકોની સતાવણી કરીને ઈસ્રાએલને ઊંડા પાપ તરફ દોરી ગયો (૧ રાજાઓ ૧૬:૩૦-૩૩, ૧૮:૪,૧૩,૧૯). લોકો બઆલ અને ઈશ્વરની આરાધના વચ્ચે ભટકીને મૂંઝવણમાં ફસાઈ ગયા હતા (૧૮:૨૧).

રાજા આહાબે ફક્ત સિદોનના રાજાની પુત્રી ઈઝેબેલ સાથે લગ્ન કર્યા એટલું જ નહિ, પરંતુ તેણે પત્નીના લોકોના દેવ બઆલની પણ ભક્તિ કરી. તેણે બઆલની પૂજા કરી, સમરૂનમાં તેમના માટે મંદિર અને એક વેદી બનાવી (૧ રાજાઓ ૧૬:૩૦-૩૨), અને એક અશેરાહની મૂર્તિ પણ બનાવી અને ઈશ્વરને ગુસ્સો કરવા માટે ઉશ્કેર્યા (૧૬:૩૩). તદુપરાંત, તેમણે બઆલના ૪૫૦ પ્રબોધકો અને અશેરાહના ૪૦૦ પ્રબોધકોને ટેકો આપ્યો હતો, જે દુષ્કાળ દરમિયાન પણ ઈઝેબેલની જોગવાઈથી ટકી રહ્યા હતા (૧૮:૧૯). એટલું જ નહિ, ઈઝેબેલે ઈશ્વરના પ્રબોધકોને મારી નાખ્યા (૧૮:૪,૧૩). આ દરમિયાન ઈસ્રાએલના લોકો એક મૂંઝવણમાં ફસાઈ ગયા : તેઓએ ઈશ્વર અથવા બઆલ એ બંનેમાંથી કોની ભક્તિ કરવી ? લાંબા સમય

સુધી, તેઓ બે અભિપ્રાયો (૧૮:૨૧) વચ્ચે અથડાતા હતા. આ આત્મિક સંકટની વચ્ચે, ઈશ્વર તેમના સેવક એલિયાનો ઉપયોગ તેમના લોકોમાં જાગૃતિ લાવવા માટે નોંધપાત્ર રીતે કરે છે. આપણે એલિયાને અદ્‌ભુત પ્રબોધક કેમ કહીએ છીએ?

◆ તે સારફતની નમ્ર વિધવાના ઘરે રહ્યો, તેણીએ તેણીના ઘરમાં જે છેલ્લો ખોરાક બચ્યો હતો તે વહેંચ્યો અને ઈશ્વરની ચમત્કારિક જોગવાઈની સાક્ષી આપી (૧૭:૮-૧૬)

◆ જ્યારે વિધવાનો પુત્ર માંદગીથી મરી ગયો, ત્યારે એલિયાએ ઉપરના ઓરડામાં છોકરાનાં શરીર પર નમીને ખંતપૂર્વક પ્રાર્થના કરી, અને ઈશ્વરે તેને જીવતો કર્યો. તે જ વિધવા જેણે એક વખત તેની પૂછપરછ કરી હતી, હવે તેણી સાક્ષી બની હતી કે તે ખરેખર ઈશ્વરનો માણસ છે (૧૭:૧૭-૨૪).

◆ તે કરિંથના નાળાનું પાણી પીને, અને ફક્ત ઈશ્વર દ્વારા મોકલેલા કાગડાઓ દ્વારા ટકી રહ્યો (૧૭:૩-૬).

◆ દુષ્કાળ દરમિયાન, તે એક વિધવાના ઘરે રહ્યો, જે પોતાનું છેલ્લું ભોજન તૈયાર કરી રહી હતી, અને ઈશ્વરની આજ્ઞા દ્વારા, તેણીએ તેના ઘરની જોગવાઈ કરી જેથી તેઓ નાશ ન થાય (૧૭:૮-૧૬).

◆ તે દૈવીય અધિકાર સાથે રાજાઓ અને મહેલના અધિકારીઓ સમક્ષ હિંમતભેર ઊભો રહ્યો (૧૮:૭-૮,૧૯-૨૦).

◆ ઈસ્રાએલના લોકોની જાગૃતિ — જેઓના આત્મિક જીવનમાં પડતી થઈ હતી અને બે અભિપ્રાયો વચ્ચે ઝુલી રહ્યા હતા — અને ખોટા પ્રબોધકોના વિનાશે આજના સેવકોના સાદગીપૂર્ણ જીવન અને મંડળી દ્વારા પરિપૂર્ણ કરાયેલા સેવાકાર્ય માટે એક નમૂના તરીકે કાર્ય કરે છે (૧ રાજાઓ ૧૮:૩૭-૪૦).

એલિયાની સાદગી અને ઈશ્વર પરની નિર્ભરતાએ અન્યોને પણ પ્રેરણા આપી — ઓબાદ્યા, કે જેણે ઈશ્વરના ૧૦૦ પ્રબોધકોને ગુફાઓમાં આશરો આપ્યો (૧૮૫:૪), અને સારફતની વિધવા, કે જેણે તેની પાસે જે કંઈ થોડુંક હતું તે તેણીએ પ્રભુના સેવકને વહેંચ્યું.

એફએમપીબીના ઈતિહાસમાં, **શ્રી પી.ડી. પાન્ડિયન** જેવા આગેવાનોએ આ જ આત્માને અનુસર્યા, તેમની પત્ની અને ચાર બાળકો સાથે ખૂબ જ ટૂંકા વેતન સાથે જીવનનિર્વાહ ચલાવીને, તેઓ માટે જૂના કપડાના માર્કેટમાંથી કપડા ખરીદીને, તે ૧૨ મિશનરીઓને વિશ્વાસપૂર્વક ટેકો કરતા હતા. તેમનું જીવન ઈશ્વરીય સાદગીનું પ્રકાશતુ ઉદાહરણ પૂરુ પાડે છે.

## ફરોશીઓ અને યહૂદી પરંપરાવાદીઓના રૂપાંતરમાં સાદગીપૂર્ણ જીવન :

ખ્રિસ્તના દુઃખ, મૃત્યુ, પુનરુત્થાન અને તેના શિષ્યોને આપેલા દર્શને તારણની સાર્વતક યોજનાની પુષ્ટિ કરી. ત્યારબાદ તેમના સ્વર્ગારોહણે તારણ પામેલા લોકોમાં નવી એકતા શરૂ કરી. પચાસમાના દિવસે, પ્રેરિતો પવિત્ર આત્માથી ભરપૂર હતા અને પ્રેરિતોનાં કૃત્યો ૧:૮ માં આપેલા મહાન આદેશને પરિપૂર્ણ કરવા માટે પોતાને પૂરા હૃદયથી તૈયાર કર્યા હતા.

ઈસુના સેવાકાર્યના નમૂનાને પગલે (માથ્થી ૪:૨૩-૨૪), મુખ્ય પ્રેરિતો-પિતર અને યોહાને ઉપદેશનું સેવાકાર્ય (પ્રેરિતોનાં કૃત્યો ૨:૧૩-૪૨, ૩:૧૨-૨૬, ૪:૮-૧૩, ૫:૧૯-૨૧, ૧૦:૨૭-૪૮) અને સમસ્યાના ઉકેલના, બંને સેવાકાર્યો હાથ ધર્યા હતા, જેમ કે પાપોમાંથી મુક્તિ અપાવવી (પ્રેરિતોનાં કૃત્યો ૨:૩૭-૩૮), અશુદ્ધ આત્મા અને અસાધ્ય રોગોમાંથી મુક્તિ (પ્રેરિતોનાં કૃત્યો ૩:૬-૮, ૫:૧૪-૧૬, ૯:૩૨-૩૪), અને મૂએલામાંથી પણ સજીવન કર્યા (પ્રેરિતોનાં કૃત્યો ૯:૪૦-૪૧)

પરિણામે, વિશ્વાસીઓ — ઈશ્વરના સામર્થ્યવાન કાર્યો માટે આભારવશ — તેમની જમીનો અને સંપત્તિ વેચીને તેના નાણાં પ્રેરિતોના ચરણોમાં મૂક્યા (પ્રે.કૃ. ૨:૪૫, ૪:૩૪-૩૭). આવા વિપુલ આશીર્વાદોની વચ્ચે, પ્રેરિતોની સાદગીભરી જીવનશૈલી આજે આપણા માટે એક શક્તિશાળી ઉદાહરણ પૂરુ પાડે છે.

આપણે આ સરળ જીવનશૈલીને કેવી રીતે ઓળખી અથવા માપી શકીએ ? તેના માપદંડો કયા છે ?

◆ વ્યક્તિગત લાભ વિના સામાન્ય ભલાઈ માટે જીવવું - "સોનુંરૂપું તો મારી પાસે નથી" (પ્રે.કૃ. ૩:૬)

◆ ઈસુને તેમના એકમાત્ર ખજાના તરીકે જોવા - "મારી પાસે જે છે તે હું તમને આપું છું. ઈસુ ખ્રિસ્ત નાઝારીના નામથી ચાલતો થા" (૩:૬) આ ગણના ૧૮:૨૦ માં આપેલી ખાતરીને પ્રતિબિંબિત કરે છે : "ઈસ્રાએલપુત્રો મધ્યે તારો ભાગ તથા તારું વતન હું જ છું."

◆ વ્યક્તિગત સુવિધા મટે દાનના નાણાંનો ખર્ચ કરવાનો નકાર – રહેવા માટે વિશ્વાસીઓ દ્વારા આપવામાં આવેલા નાણાંનો ઉપયોગ કરવાને બદલે, તેઓ ભાગીદારોના ઘરોમાં રહ્યા અને પોતાને અજાણ્યાઓ અને યાત્રાળુઓ તરીકે ઓળખાવ્યા (પ્રેરિતોનાં કૃત્યો ૧:૧૩, ૪:૨૩, ૯:૩૨-૪૩, ૧૦:૨૫,૪૮, ૧૨:૧૨, ૧પિતર ૧:૨,૧૭).

◆ અન્યના ફાયદા માટે સંસાધનોને વહેંચે છે - પ્રેરિતોના પગ આગળ લાવેલી સંપત્તિનો ઉપયોગ જરૂરિયાતમંદ લોકોને આશીર્વાદ આપવા માટે કરવામાં આવ્યો હતો, તેમના પોતાના ભવિષ્ય માટે સંગ્રહિત કરી નહિ.

◆ નવા આત્માથી ભરપૂર સમાજ બનાવવો - ત્રણ મુખ્ય લાક્ષણિકતાઓથી ચિહ્નિત :

• એક નિષ્કલંક સમુદાય જ્યાં કોઈની પાસે કંઈપણ અભાવ ન હતો (પ્રેરિતોનાં કૃત્યો ૨:૪૪-૪૫, ૪:૩૪-૩૫).

• ખામી વિનાનો સમુદાય જ્યાં કોઈની પાસે કંઈપણ અભાવ ન હતો (પ્રે.કૃ. ૨:૪૪-૪૫), ૪:૩૪-૩૫).

• એક કરુણામય સમુદાય કે જેણે જરૂરિયાતમંદો સાથે ભૌતિક ચીજવસ્તુઓ વહેંચી અને માંદગીમાંથી ઈસુના નામમાં સાજાપણું આપ્યું (પ્રેરિતોનાં કૃત્યો ૫:૧૪-૧૬, ૯:૩૮-૪૧).

તે જ રીતે, એફએમપીબીના મિશનરીઓના – ડાઘરહિત, ઐક્યતાપ્રાપ્ત અને કરુણાપૂર્ણ કાર્યો દ્વારા સમુદાયોમાં જાગૃતિ આવી અને સાદગીપૂર્ણ જીવંત સાક્ષીઓ તરીકે તેઓએ પોતાની ચીજવસ્તુઓ વહેંચી, બલિદાની જીવન જીવ્યા અને ખ્રિસ્તમાં એકબીજાને ટેકો આપ્યો.

ઈતિહાસ આપણને આવા ઘણા ઉદાહરણો આપે છે :

◆ અગ્રણી મિશનરીઓ **શ્રી હેરિસ હિલ્ટન અને શ્રી એસાવ અને પરિવાર**, જેમણે ધર્મપુરી અને કૃષ્ણગિરી જીલ્લાઓમાં જાગૃતિનો પાયો નાખ્યો, તેઓને તેમના સરળ જીવન માટે યાદ કરવામાં આવે છે.

◆ ઉત્તર પ્રદેશના **ગોંડા સેવા ક્ષેત્ર**, જે બાઈબલ પત્રવ્યવહાર કેન્દ્ર તરીકે શરૂ થયું, પાછળથી એક મિશનરી તાલીમ કેન્દ્ર બન્યું, અને આજે વિશ્વાસીઓના બાળકો માટે ચિલ્ડ્રન હોમ છે - આ વારસો ડૉ. ગ્રીવ્સના સાદગીપૂર્ણ જીવનની સાક્ષી છે.

◆ ગુજરાતના કુકના અને વરલી, ઝારખંડમાં માલ્ટો અને સંથાલ અને ભારતભરના લગભગ ૩૦૦ જાગૃતિ પામેલ સમુદાયો એફએમપીબીની સાદગીપૂર્ણ જીવનશૈલીના ઐતિહાસિક સાક્ષીઓ તરીકે ઊભા છે.

## વિદેશીઓના પરિવર્તનમાં સાદગીપૂર્ણ જીવન - પાઉલ અને બાર્નાબાસ

જ્યારે પાઉલ અને બાર્નાબાસ અંત્યોખની મંડળીના પ્રતિનિધિઓ તરીકે સેવા આપી રહ્યા હતા, ત્યારે તેઓને પવિત્ર આત્મા દ્વારા વિવિધ સંસ્કૃતિઓના મિશનરીઓ તરીકે સેવા આપવા માટે બોલાવવામાં આવ્યા હતા. જવાબમાં, અંત્યોખની મંડળીએ તેમને પ્રાર્થના સાથે મોકલ્યા (પ્રેરિતોનાં કૃત્યો ૧૩:૧-૪).

તેઓ જીવન અને સેવાકાર્ય બંનેમાં ઈસુના ઉદાહરણને અનુસર્યા – સુવાર્તા અને માનવ સમસ્યાઓનું નિવારણ (પ્રે.કૃ. ૧૩:૪,૧૪-૪૩,૧૪ઃ૧,૨૧-૨૨) : લંગડાને સજાપણું આપ્યું (પ્રેરિતોનાં કૃત્યો ૧૪:૮-૧૦) અશુદ્ધ આત્માથી મુક્તિ (પ્રે.કૃ. ૧૪:૧૬-૧૮), માંદાઓને સાજાપણું આપ્યું (પ્રે.કૃ. ૧૯:૧૧-૧૨) મૂએલાને સજીવન કર્યા (૨૦:૯-૧૨).

આ ચમત્કાર કરતા પ્રેરિતોની સાદગીપૂર્ણ જીવનશૈલી આજના આધુનિક ખ્રિસ્તીઓના જીવન વિષે વાત કરવા માટે સુસંગત છે.

◆ **બીજાઓ ઉપર બોજ બન્યા વિના સુવાર્તાને આગળ વધારવા માટે ઈશ્વર દ્વારા આપેલા કૌશલ્યનો ઉપયોગ કરવો** – પાઉલે ઈશ્વરના કાર્યમાં સાબાથને સમર્પિત કરતી વખતે તંબૂ બનાવીને પોતાને ટેકો કર્યો (પ્રેરિતોનાં કૃત્યો ૧૮:૧-૫, ૧ કરિંથી ૯:૧૮). આજના પરીક્ષણો અને દબાણના સંદર્ભમાં, ખ્રિસ્તી વ્યાવસાયિકો સાદગીપૂર્ણ રીતે જીવવા, સંસાધનો બચાવવા અને ઉડાઉ ખર્ચ વિના ઈશ્વરની સેવા કરવા માટે તેમની કુશળતાનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. ઈશ્વરના કેટલાક લોકો બિનસાંપ્રદાયિક કાર્ય – સરકારી અથવા ખાનગી – જાળવી રાખીને તેમનું સેવાકાર્ય ચાલુ રાખે છે જેથી, તેમની સાદગીપૂર્ણ જીવનશૈલી દ્વારા, તેઓ અન્ય સંસ્કૃતિઓના લોકો સુધી પહોંચી શકે અને ઈશ્વરની યોજનાને પૂર્ણ કરી શકે.

◆ **વિપત્તિઓ અને અપૂર્ણતાઓ સાદગીપૂર્ણ પવિત્ર અભિવ્યક્તિઓ તરીકે સ્વીકારી** – દુઃખોને સહન

કરવાની એ અભિમાન વિના સંતોષપૂર્વક જીવવા માટેની પાઉલની ઈચ્છા એ ઈશ્વરીય સાદગીનો એક નમૂનો છે (ફિલિપ્પી ૪:૧૧-૧૪).

◆ **થોડા ટેકા સાથેનો સંતોષ** – સુવાર્તાના ભાગીદારોની ઓછામાં ઓછી સહાય માટે તેમની કૃતજ્ઞતા સાદગીપૂર્ણ જીવનના બીજા પાસાને પ્રતિબિંબિત કરે છે. (ફિલિ.૪:૧૫-૧૮).

◆ **સામાજીક અને ઈશ્વરવિદ્યાકીય સ્થિતિનો ત્યાગ** – પાઉલ ખ્રિસ્તના આગમનના પ્રકાશમાં પોતાને કચરા સમાન માનતા, ખ્રિસ્તની ખાતર તેમના વારસાને, વિશેષાધિકારો અને સિદ્ધિઓને નુકસાન તરીકે ગણાવ્યા (ફિલિ.૩:૪-૭). વિદેશી લોકો અને ગરીબ લોકો વચ્ચેની તેમની બલિદાની સેવા ક્રિયામાં સરળતાનું સર્વોચ્ચ ઉદાહરણ છે (ગલાતી ૨:૭-૧૦).

ઈશ્વરપિતા આજે આજ સાદગીપૂર્ણ જીવનને પ્રતિબિંબિત કરવામાં મદદ કરે. સાદગીપૂર્ણ જીવનના ત્રણ નમૂના – વિભાજીત થયેલા લોકો મધ્યે એલિયા, પરંપરાવાદીઓ મધ્યે પ્રેરિતો અને વિદેશી લોકો મધ્યે પાઉલ અને બાર્નાબાસ – આપણા માટે મજબૂત ઉદાહરણો છે. જ્યારે આપણે રાષ્ટ્રોની આત્મિક જાગૃતિ માટે દુઃખોની કિંમત ચૂકવવાનું ચાલુ રાખીએ છીએ, ત્યારે એક કરુણામય સમાજ બનાવવા માટે આપણી પ્રતિભા અને સંસાધનોનો ઉપયોગ કરીને : આવો આપણે સાદગીપૂર્ણ જીવન જીવવા માટે પ્રતિબદ્ધ થઈએ, જ્યાં ગરીબને સ્વતંત્રતા મળે, જ્યાં જરૂરિયાતમંદો ગૌરવ અનુભવે, અને જ્યાં બીમારો ખ્રિસ્તના નામે સાજા થાય.

ઈશ્વરપિતાની કૃપા તમારી સાથે રહે.

**રેવ. એન. અસિરવાથન**

**(એફએમપીબી, નિવૃત્ત મિશનનરી)**

# લઘુમતી ભાષા જૂથો માટે
# બાઈબલ અનુવાદ

## ભાષાનું મૂળ

ઉત્પત્તિ અધ્યાય ૧૧ કલમ ૧ થી ૯ ની માહિતી અનુસાર મનુષ્યને વિવિધ ભાષાના જ્ઞાનથી ઈશ્વરીય રીતે સંપન્ન કરવામાં આવ્યા હતા. ધર્મનિરપેક્ષ ભાષાશાસ્ત્રીઓ માને છે કે મનુષ્યએ પ્રકૃતિમાંથી અવાજની નકલ કરીને જ્યારે માનવીએ બોલવાનું કૌશલ્ય પ્રાપ્ત કર્યું ત્યારે સરળ ભાષામાંથી જટિલ ભાષાની ઉત્ક્રાંતિ થઈ હતી. આના સિવાય અન્ય સિદ્ધાંતો પણ છે. તેમ છતાં, ભાષાઓના ધ્વનિશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર, વ્યાકરણ અને વાક્યોના માળખાઓનું કાળજીપૂર્વકનું વિશ્લેષણ બતાવે છે કે, આ પ્રાચીન વંશીય જૂથોની ભાષાઓ વિકસિત આધુનિક સમુદાયોની તુલનામાં ભાષાકીય રીતે વધુ જટિલ હતી. આ બતાવે છે કે જો ભાષાઓ માનવીય પ્રયોગો અને પ્રકૃતિના અવાજોની નકલ કરીને વિકસિત થઈ હોત તો પ્રારંભિક સમાજોની ભાષાઓ ધ્વનિશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર, વ્યાકરણ અને વાક્યોના માળખાઓની રીતે આટલી જટિલ ન હોત. તેથી ભાષાઓના મૂળ ઉદ્ભવ માટે બાઈબલની માહિતી કોઈ પરીકથા નહિ પરંતુ એક બુદ્ધિગમ્ય સમજૂતી છે. નોમ ચોમ્સ્કી, એક ભાષાશાસ્ત્રી અને એક નાસ્તિક હોવા છતાં માને છે કે આપણે વ્યાકરણના જન્મજાત સમજ સાથે જન્મેલા છીએ જે તમામ ભાષાઓ માટે સાર્વત્રિક છે જે ભાષાની વિદ્યાશાખાને માનવજાતિ માટે અનન્ય બનાવે છે.

## ભાષાઓમાં સમૃદ્ધ વિવિધતા

આપણે ઈશ્વરની રચનામાં સમૃદ્ધ વિવિધતાની ઉજવણી કરીએ છીએ જેમ કે આપણા ચહેરાના લક્ષણો, આપણી આગળીઓની છાપ અને પ્રાણીઓ, છોડ અને જંતુઓની વિશાળ વિવિધતા. તે જ રીતે ભૂલશો નહિ કે વિશ્વભરમાં હજારો ભાષાઓ બોલાય છે. સૌથી વધુ ભાષાઓ ધરાવતો દેશ પાપુઆ ન્યુ ગિની છે જેનો એક અંદાજ છે કે નાના મોટા આદિવાસી સમુદાયો દ્વારા ૮૪૦ ભાષાઓ બોલવામાં આવે છે. ભાષાકીય રીતે સૌથી વૈવિધ્યસભર અન્ય દેશ ઈન્ડોનેશિયા છે જેમાં લગભગ ૭૧૧ ભાષાઓ છે, ત્યાર બાદ નાઈજિરીયા ૫૧૭ ભાષાઓ છે. ભારત ૪૫૩ ભાષાઓ સાથે ભાષાકીય રીતે વૈવિધ્યસભર દેશોની સૂચિમાં ચોથા સ્થાને છે. ૨૦૦૧ ની વસ્તી ગણતરીમાં ભારતમું કુલ ૩૫૬ ભાષાઓની સૂચિ છે, જેમાં ૨૨ ભાષાઓ ૮ મી સૂચિમાં સૂચિબદ્ધ છે. ૨૦૦૧ ની વસ્તી ગણતરી દ્વારા

માન્યતા પ્રાપ્ત ૩૫૬ ભાષાઓમાં ૧૦,૦૦૦ કરતા ઓછી વસ્તીવાળા સમુદાયો દ્વારા બોલાતી ભાષાઓ સામેલ નથી. આ સૂચવે છે કે નાના આદિવાસી સમુદાયો દ્વારા બોલાતી ઘણી ભાષાઓ બાકી છે. ૧૯૬૧ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં બોલાતી ભાષાઓની કુલ સંખ્યા ૧૬૫૨ છે. આમાં નાના આદિવાસી સમુદાયો દ્વારા બોલાતી ભાષાઓ તરીકે વર્ગીકૃત કરી શકાતી નથી. ત્યાં એક ભાષા બહુવિધ નામો દ્વારા જાણીતી છે. તે વિશ્વને વધુ રસપ્રદ અને સુંદર બનાવે છે. વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની વિવિધતા સમૃદ્ધ છે કે વૈજ્ઞાનિકો હજી પણ અસંખ્ય જંતુઓ, નાના પ્રાણીઓ અને છોડને દસ્તાવેજીકરણ કરે છે. જ્યારે તેમાંથી એકને લુપ્ત થવાનો ભય પણ છે, ત્યારે વૈજ્ઞાનિકો અને સરકારો તેમને બચાવવા માટે વધારે પ્રયત્નો કરે છે. સમાન રીતે ભાષાકીય વિવિધતાને પણ સાચવવાની જરૂર છે કેમ કે તે ભાષા જ છે જે પ્રાથમિક રીતે સમાજને સાંસ્કૃતિક, સામાજીક અને ઐતિહાસિક ઓળખ આપે છે.

### લઘુમતી ભાષાઓ ટૂંક સમયમાં નાશ પામશે તેવી દલીલ

પ્રમાણમાં લોકોની ઓછી સંખ્યા દ્વારા બોલાતી ભાષાઓમાં બાઈબલને ભાષાંતર કરવાની જરૂરિયાત સામેની દલીલ સૂચવે છે કે ભાષાઓ ટૂંક સમયમાં બહુમતી વસ્તી દ્વારા બોલાતી વધુ પ્રબળ ભાષાઓને માર્ગ આપશે. જો કે હકીકત એ છે કે પેઢીઓથી તેમના મૂળ વતનથી ભારતમાંથી આવીને રહેતા નાના પ્રવાસી જૂથો પણ બહુમતી વસ્તીની સંસ્કૃતિ અને ભાષાને આત્મસાત કર્યા પછી તેમની માતૃભાષાને મુખ્યત્વે તેમની વચ્ચેના મજબૂત સામાજીક-સાંસ્કૃતિક કુટુંબના બંધનને કારણે મૃત્યુ પામવા દીધી નથી. છેલ્લા ૧૦૦ વર્ષોમાં કોઈ ભારતીય ભાષા વિષે ભાગ્યે જ વિચારી શકે છે કે જે ઓછી વસ્તી બોલે છે તે નાશ પામી છે. તેથી, ભારતીય સંદર્ભમાં ભાષાઓ નાશ પામી રહી છે તે માપદંડ કરતા અપવાદ છે.

### નિપુણતાના સ્તરો : માતૃભાષા વિરુદ્ધ અન્ય ભાષા

જ્યારે કોઈ વ્યક્તિ માતૃભાષા બોલતા મોટા થાય ત્યારે તે અપેક્ષા કરી શકાય છે કે બહુમતી વસ્તી દ્વારા બોલાતી વિશાળ સંદેશાવ્યવહારની ભાષા, કે જે તે બીજી ભાષા તરીકે શીખે છે, તેના કરતાં તે માતૃભાષાને સમજવામાં અને બોલવામાં વધુ યોગ્યતા ધરાવે છે. હરિયાણવી હરિયાણાના વતનીઓ દ્વારા બોલાય છે અને ભાષાકીય રીતે તે હિન્દીની નજીક છે. અન્ય ઘણા રાજ્યોની તુલનામાં હરિયાણા રાજ્યમાં સાક્ષરતા દર ઉંચો છે અને સાક્ષર લોકો હિન્દી અને હરિયાણવીમાં દ્વિભાષી છે. હું ૩૦ વર્ષથી વધુ સમયથી હરિયાણામાં રહ્યો છું અને નિરીક્ષણ કર્યું છે કે કેવી રીતે શિક્ષિત લોકો હિન્દી કરતા હરિયાણવીમાં વધુ આત્મવિશ્વાસ અને ધારા પ્રવાહ સાથે વાત કરે છે. જ્યારે વર્ગ ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓ તેમના શાળાના વાર્ષિક કાર્ય માટે હિન્દીમાં એક નાટક કરે છે, ત્યારે મેં જોયું છે કે તેઓ તેમના ભાગોને ગોખે છે અને જ્યારે તેઓ સ્ટેજ પર પર્ફોર્મ કરે છે ત્યારે તે દેખાય આવે છે. જ્યારે તે જ વર્ગના વિદ્યાર્થીઓ હરિયાણવીમાં નાટક કરે છે, ત્યારે તેઓ તેમના સંવાદોને એવા આત્મવિશ્વાસ અને સ્વયંભૂતા સાથે પહોંચાડે છે કે તેઓ સ્ક્રિપ્ટમાં જે છે તેમાં પણ ઉમેરો કરે છે. આ સાબિત કરે છે કે જ્યારે આપણે વક્તાઓને વ્યાપક સંદેશાવ્યવહારની ભાષામાં નિપુણ માનીએ છીએ, ત્યારે તે હોઈ શકે છે કે તેમની પાસે ફક્ત તે ભાષાનું કાર્યકારી જ્ઞાન છે જે કદાચ અમૂર્ત ખ્યાલો અને અર્થમાં સૂક્ષ્મ ભેદને સમજવામાં પૂરતું નથી, જે તેમની માતૃભાષામાં વધુ સારી રીતે સ્પષ્ટ કરી શકાયું હોત.

### અસર કરતુ પરિબળ : માતૃભાષા વિરુદ્ધ બીજી ભાષા

કોઈ ખાસ લઘુમતી ભાષા જૂથ વિશાળ સંદેશાવ્યવહારની ભાષામાં સમાન નિપુણ છે તેમ માનીને તેને પરવાનગી આપવાથી, ભાવનાત્મક અસર અને માતૃભાષાના આકર્ષણને બીજી ભાષા દ્વારા સમાન કરી શકાતી નથી. ૨૧ મા અધ્યાયમાં પાઉલની ધરપકડ કરવામાં આવી છે અને મંદિરની કથિત બદનામી સામે એક હંગામો છે. પ્રેરિતોનાં કૃત્યો ૨૨:૨ પાઉલ અરામિક ભાષામાં ભીડને સંબોધિત કરે છે. તે ગ્રીકમાં પણ બોલી શક્યો હોત, જે ભીડ સમજી શકી હોત, પરંતુ જ્યારે તેઓએ તેમને તેમની માતૃભાષામાં બોલતા સાંભળ્યા ત્યારે હંગામો બંધ થઈ ગયો અને લોકોએ તેને શાંતિથી સાંભળ્યો.

### ઓળખનું પરિબળ

લોકોમાં ધર્મ, રાષ્ટ્રીયતા, વ્યવસાય, સાથીદારોના જૂથની ઓળખ જેવી ઘણી ઓળખ હોય છે. જે વ્યક્તિને તેના પોતાના જૂથના બીજાને પ્રિય છે અને આ સંદર્ભમાં સૌથી વ્યાખ્યાયિત પરિબળ એ વ્યક્તિની ભાષાકીય ઓળખ છે.

વ્યક્તિની માતૃભાષા બોલતા બીજા વ્યક્તિની સંગતમાં કોઈ નજીકનું અને સલામત લાગે છે, ખાસ કરીને જ્યારે કોઈની મૂળ ભૌગોલિક સીમાની બહાર હોય છે. એકવાર મેં એક હરિયાણવી સજ્જનને પૂછ્યું કે એક હરિયાણવી વ્યક્તિ તરીકેની તેની ઓળખનું સૌથી સ્પષ્ટ પાસ કયું છે અને પૂછ્યું કે શું તે તેના શારીરિક વિશેષતાઓ, તેના કપડા અથવા તેનું ગામ છે. ત્યારે તેણે કોઈ પણ ખચકાટ વિના જવાબ આપ્યો કે તે "મારી ભાષા" છે.

### બાઈબલ અનુવાદ પ્રોજેક્ટમાં પ્રક્રિયાનો ક્રમ

અગાઉ, બાઈબલ અનુવાદના કાર્યમાં વિવિધ સંસ્કૃતિના વ્યક્તિઓ બાઈબલ અનુવાદની જરૂરિયાત સાથે લઘુમતી ભાષા પસંદ કરતા અને જ્યાં તે બોલવામાં આવતી હતી તે સ્થળે જતા, ભાષા શીખતા અને 'અનુવાદ સહાયક' તરીકે નિયુક્ત કરેલ સ્થાનિક વક્તાની મદદથી ભાષાંતર કરતા. વર્તમાન અભિગમ જો કે વિવિધ સંસ્કૃતિના અનુવાદક દ્વારા કરવામાં આવે છે તેના કરતાં અનુવાદ વધુ કુદરતી લાગે તે સુનિશ્ચિત કરવા માટે કાર્યને વધુ ઝડપથી પૂર્ણ કરવા માટે ભાષાના મૂળ વક્તાઓને અનુવાદક બનવા માટે તાલીમ આપવાની છે. નીચેની પ્રક્રિયા આ બંને અભિગમોને લાગુ પડે છે, એટલે કે અનુવાદક તરીકે વિવિધ સાંસ્કૃતિક અનુવાદકો અથવા મૂળ વક્તાઓનો ઉપયોગ કરવો.

### સામાજીક-ભાષાકીય સર્વે

કોઈ ચોક્કસ ભાષાને અનુવાદની જરૂર છે કે કેમ તે નક્કી કરતા પહેલા, જેને સામાજીક-ભાષાકીય સર્વે તરીકે ઓળખવામાં આવે છે. આ સર્વેનો હેતુ ભાષા બોલતી વસ્તીનું કદ, ભાષાની વિવિધ બોલીઓ, ભૌગોલિક વિસ્તારો જેમાં તે બોલાય છે, તે ભાષાની વિવિધ પ્રાદેશિક બોલીઓ, વિસ્તારની હદ જેમાં બહુમતી ભાષામાં અસ્ખલિત રીતે બોલાય છે, પ્રાદેશિક બોલી કે જે અન્ય બહુમતી પ્રાદેશિક બોલીઓ બોલનારાઓમાં સ્વીકાર્ય હોય, તે હદ જ્યાં આ પ્રાદેશિક બોલીઓ એકબીજાથી જુદી પડતી હોય, અને જુદા જુદા ક્ષેત્રો જેવા કે ગૃહ ક્ષેત્ર, જાહેર ક્ષેત્ર, ધાર્મિક ક્ષેત્ર અને શૈક્ષણિક ક્ષેત્રમાં ભાષાની ગતિશીલતા અને તેનો ઉપયોગ જાણવાનો છે. જો અનુવાદ વિવિધ સાંસ્કૃતિક અનુવાદક દ્વારા કરવામાં આવે, તો તે અથવા તેણી ત્રણ મહિનાના લાંબા મૂળભૂત અભ્યાસક્રમમાંથી પસાર થાય છે જ્યાં કોઈને વ્યાકરણ, ભાષાની ધ્વનિ પ્રણાલીને ધ્વન્યાત્મક રીતે રેકોર્ડ અને વિશ્લેષણ કેવી રીતે કરવું તે શીખવવામાં આવે છે અને ભાષા શીખવા માટે વ્યવહારિક તકનીકો આપવામાં આવે છે. જો અનુવાદ કોઈ મૂળ વક્તા દ્વારા કરવામાં આવે છે, તો તે અથવા તેણીને શીખવવામાં આવે છે કે ભાષાના ધ્વનિ પ્રણાલીને કેવી રીતે અભ્યાસ કરવો જેથી તેઓ ભાષાના મૂળાક્ષરોમાં કયા સ્વર અને વ્યંજનનું પ્રતિનિધિત્વ કરવું તે નિર્ધારિત કરવા સક્ષમ બની શકે. તેઓ મૂળભૂત અનુવાદના સિદ્ધાંતોની તાલીમ પણ લે છે.

### પ્રથમ રૂપરેખા

એકવાર પૂર્વ અનુવાદ પ્રક્રિયા એટલે કે સર્વે અને તાલીમ પૂર્ણ થઈ જાય પછી અનુવાદક અનુવાદ માટે પસંદ કરેલા નવા કરારના પુસ્તકની પ્રથમ રૂપરેખા બનાવવાનું શરૂ કરે છે. સામાન્ય રીતે બાઈબલના વિષયવસ્તુનું ભાષાંતર કરવાનું શરૂ કરતા પહેલા, બાઈબલમાંથી ફકરાઓ ધરાવતી વાર્તાઓની પુસ્તિકાઓનું ભાષાંતર કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, બાઈબલ સોસાયટી ઓફ ઈન્ડિયામાં ધ ન્યૂ રીડર સિરીઝ નામની બુકલેટની શ્રેણી છે, જેમાં ઘણી બાઈબલની વાર્તાઓ છે, આ ભાષાંતર માટે સરળ છે અને પુસ્તકનું શાસ્ત્રોક્ત વિષયવસ્તુ શું છે તેની જાણકારી આપે છે. બાઈબલના પુસ્તકોની પ્રથમ રૂપરેખા અનુવાદિત કરવા અથવા પુસ્તકના લેખક દ્વારા અભિવ્યક્ત કરવાના અર્થ તરીકે અનુવાદક અભ્યાસ કરે છે. આને વિવરાણાત્મક અભ્યાસ કહે છે. આ માટે અનુવાદક ટિપ્પણીઓ અને અન્ય અનુવાદનો ઉપયોગ કરે છે જે પહેલાના સમયમાં તેઓ પુસ્તકાલયોમાંથી મેળવતા અથવા અન્ય અનુવાદકો પાસેથી ઉછીના લેતા. હવે આ ડિજિટલ ફોર્મેટમાં ઉપલબ્ધ છે.

### મૂળ વક્તા પાસે ચકાસવામાં આવે છે

અનુવાદિત રૂપરેખાને તે ભાષાના મૂળ વક્તા પાસે એકે એક શબ્દ ચકાસાવડાવવામાં આવે છે, તે જોવા માટે કે શું તેનો અર્થ તેના અથવા તેણી દ્વારા યોગ્ય રીતે સમજાય છે અને તે સુનિશ્ચિત કરવા કે અનુવાદ મૂળ ભાષામાં કુદરતી લાગે છે. આ ભાષાંતરમાં એવા તત્વો છે કે જે ભાષા બોલનારાઓની સંસ્કૃતિમાં નિષેધ છે કે કેમ તે તપાસવામાં પણ મદદ કરે છે. આ સુનિશ્ચિત કરે છે કે અનુવાદ તે સંસ્કૃતિમાં અસ્વીકાર્ય ન થાય. પ્રથમ રૂપરેખા હવે મૂળ વક્તા દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓ અને સૂચનોના પ્રકાશમાં અપડેટ કરવામાં આવ્યો છે. આ તપાસવામાં આવે છે, પછી ભલે અનુવાદક પોતે અથવા તેણી ભાષાનાં મૂળ વક્તા હોય. અનુવાદની તપાસ કરનારા મૂળ વક્તાએ પુસ્તક

અથવા પેસેજના મુસદ્દામાં સામેલ ન હોવા જોઈએ.

### સુધારેલી રૂપરેખાનો પુનઃ અનુવાદ

હવે આ સુધારેલ રૂપરેખાને અનુવાદ સલાહકાર દ્વારા તપાસવામાં આવે છે જે દેખીતી રીતે આ ભાષાને જાણતો નથી. તેથી તેના અનુવાદને સમજવા માટે, રૂપરેખાને અંગ્રેજી અથવા અન્ય કોઈ ભાષામાં શબ્દ દ્વારા ભાષાંતરિત શબ્દનું ફરી ભાષાંતર કરવું પડશે જે સલાહકાર જાણે છે. આ પાછલા અનુવાદ દ્વારા જ સલાહકાર મૂળ વક્તાની હાજરીમાં અનુવાદની તપાસ કરે છે જે બાઈબલની ભાષાના પુસ્તક અથવા પુસ્તકોની રૂપરેખામાં સામેલ ન હતા, જેમાં આપણે ભાષાંતર કરી રહ્યા છીએ.

### સલાહકાર ચકાસણી :

એકવાર સલાહકાર પુનઃ અનુવાદમાંથી પસાર થઈ જાય, તો તે યા તો રૂબરૂ સલાહકાર સત્ર માટે બોલાવી શકે છે, વિડિઓ કોન્ફરન્સ દ્વારા તપાસને આગળ ધપાવી શકે છે, અથવા ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા તેમની ટિપ્પણીઓ, પ્રશ્નો, નિરીક્ષણો અને સૂચનો મોકલવાનું પસંદ કરી શકે છે. અનુવાદક સલાહકારના સૂચનો સ્વીકાર શકે છે અથવા તેમણે જે રીતે ભાષાંતર કર્યું છે તેને ન્યાયી ઠેરવવાની સ્પષ્ટતા આપી શકે છે અને સલાહકારના પ્રશ્નોને મૂળ વક્તાની પ્રતિક્રિયા પણ આપી શકે છે. જો સલાહકાર અનુવાદકની પ્રતિક્રિયાથી સંતુષ્ટ છે કે તે આગળ વધી શકે છે અને પ્રકાશન માટેના અનુવાદને મંજૂરી આપી શકે છે. અનુવાદક પછી સલાહકારના અવલોકનોમાં રૂપરેખાને અપડેટ કરે છે.

### મુદ્રણ અને પ્રકાશન

જોડણીમાં સુસંગતતા માટે અંતિમ રૂપરેખા અને 'કૃપા', 'પસ્તાવો', 'તારણ', 'પ્રેરિતો' જેવા શાસ્ત્રમાંના મુખ્ય શબ્દોના અનુવાદની તપાસ કર્યા પછી, અનુવાદક છાપવા માટેના અંતિમ મુસદ્દાને સોંપે છે. ભૂલ સુધારણા અને પૃષ્ઠ ક્રમાંકનના બે કે ત્રણ રાઉન્ડ પછી તે પ્રકાશન માટે તૈયાર છે. બાઈબલ સોસાયટી ઓફ ઈન્ડિયા જેવી જગ્યાઓ અંતિમ માન્ય અનુવાદ પ્રકાશિત કરે છે.

### વિતરણ અને શાસ્ત્રના ઉપયોગ માટે પ્રોત્સાહન (પ્રમોશન)

અનુવાદિત શાસ્ત્રો ભાષાના વક્તાઓમાં વિતરિત કરવા પડે છે અને તેના નિયમિત ઉપયોગને લોકજૂથોમાં સ્થાપિત મંડળોમાં પ્રોત્સાહન આપવું જોઈએ. જો ભાષા જૂથમાં સાક્ષરતા દર ખૂબ ઓછો હોય તો પુખ્ત વયના માટે સાક્ષરતા કાર્યક્રમો દ્વારા લોકોને વાંચવાનું શીખવવા માટે હાથ ધરવાની જરૂર છે. એકલી અનુવાદની ટીમ અનુવાદિત શાસ્ત્રોનું પ્રમોશન કરી શકતી નથી, મંડળી સ્થાપના ટીમોએ મુખ્ય ભૂમિકા ભજવવાની સાથે સંયુક્ત પહેલની જરૂર છે.

### મલ્ટિમીડિયા ફોર્મેટ્સમાં અનુવાદિત શાસ્ત્રનું રેકોર્ડિંગ

મુદ્રિત શાસ્ત્રો હવે ઓડિયો અને વિડિઓ ફોર્મેટ્સમાં પણ ઉપલબ્ધ થયેલ છે જે મોટા ભાગના લોકોના સ્માર્ટફોનમાં હાજર છે જેનો ઉપયોગ અનુવાદિત શાસ્ત્રો સાંભળવા માટે થઈ શકે છે. આનાથી એવા લોકોને પણ ફાયદો થાય છે કે જેઓ વાંચી કે લખી શકતા નથી.

**રેવ. સુથરસન થોમસ જેયરાજ**

## સુધારણા : ટાઈપોગ્રાફિકલ ભૂલ

અમે સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે રૂા. ૫૦,૦૦૦/- કોલાર રીજન ટેઈલરિંગ પ્રોજેક્ટ માટે અધ્યક્ષના અહેવાલમાં ઉલ્લેખિત ટાઈપોગ્રાફિકલ ભૂલ હતી. સાચી કિંમત રૂા. ૫,૦૦૦/- દીઠ સીવણ મશીન, અને કુલ રૂા. ૫૦,૦૦૦/- ૧૦ મશીનો માટે હતી (એટલે કે, દરેક ૧૦ @ રૂા. ૫,૦૦૦/-). અમે ભૂલ માટે દિલગીર છીએ અને કોઈપણ મૂંઝવણ માટે માફી માંગીએ છીએ. ઈશ્વરની કૃપાથી, આ ૧૦ મશીનો માટે જરૂરી ભંડોળ પહેલેથી જ પ્રાપ્ત થઈ ગયું છે. જો કે, વધુ યોગદાનનું સ્વાગત કરીએ છીએ, કેમ કે તે અમને આ પહેલને અન્ય સેવા ક્ષેત્રોમાં વિસ્તૃત કરવામાં સક્ષમ બનાવશે. અમે તમારી સતત પ્રાર્થનાઓ અને પ્રોજેક્ટ દ્વારા સશક્તિકરણ કરનારા પરિવારો માટે ટેકાની ઊંડી પ્રશંસા કરીએ છીએ.

# અમારી સંસ્થાના બાઈબલ અનુવાદકો

| | મિશનરીઓ | ભાષા |
|---|---|---|
| 1. | ડૉ. રેવ. જ્યોર્જ એડવર્ડ અને શ્રીમતી પ્રેમિલા | માલ્ટો |
| 2. | શ્રી ક્રિસ્ટોફર થોમસ અને શ્રીમતી વસન્ત વેમ્બુ | ચૌધરી |
| 3. | રેવ. રાજેન્દ્ર | વસાવી |
| 4. | શ્રીમતી દેબોરાલ વિજયારાની | વસાવી |
| 5. | રેવ. સુદર્શન થોમસ અને શ્રીમતી લિદીયા | હરિયાણવી |
| 6. | રેવ. સુનિલ માથ્થી અને શ્રીમતી માયા | ડુંગરા ભીલ |
| 7. | ડૉ. રેવ. અબ્રાહમ અને શ્રીમતી હેમલતા | વરલી |
| 8. | શ્રીમતી જેન ઈમાનુએલ | પાવરી |
| 9. | રેવ. થોમસ આર અને શ્રીમતી રેગીની પી | કુરુક્સ |

**બાઈબલ અનુવાદ સેવાકાર્ય માટે પ્રાર્થનાના મુદ્દાઓ**

**૧.** પ્રાર્થના કરો કે ઈશ્વરપિતા આપણા મિશનરીઓને ઉત્તમ ભાષાકીય ક્ષમતા અને શારીરિક સ્વાસ્થ્ય આપે કારણ કે તેઓ **આઠ ભાષાઓમાં** જૂના કરારનું અને **ચાર ભાષાઓમાં** નવા કરારનું ભાષાંતર કરી રહ્યા છે.

**૨.** ઈશ્વરપિતા અનુવાદ દરમિયાન મિશનરીઓને યોગ્ય શબ્દો પસંદ કરવામાં મદદ કરે અને તેમના સહાયકોને વિશેષ ડહાપણ આપે એ માટે.

**૩.** પ્રાર્થના કરો કે અનુવાદનું કાર્ય ઝડપથી, સચોટ અને અવરોધો વિના પૂર્ણ થશે.

**૪.** ઈશ્વરપિતા અનુવાદિત શાસ્ત્રોની ચકાસણી અને સમીક્ષા કરવા માટે જવાબદાર ટીમને દૈવીય ડહાપણ અને કૃપા આપે.

**૫.** પ્રાર્થના કરો કે વિશ્વાસીઓ આતુરતાપૂર્વક અનુવાદિત બાઈબલ વાંચે અને વિશ્વાસ અને આત્મિક જીવનમાં વધુ વૃદ્ધિ પામે.

**૬.** **છ ભાષાઓમાં** બાઈબલ અનુવાદની તાત્કાલિક જરૂરિયાત માટે મધ્યસ્થી.

**૭.** પ્રાર્થના કરો કે ઈશ્વરપિતા શાસ્ત્રોને **મા ટકુર ભાષામાં** ભાષાંતર કરવા માટે સમર્પિત મિશનરીઓ ઊભા કરે.


**૮.** અંતે, પ્રાર્થના કરો કે દરેક ભારતીય બાઈબલને પોતાની મૂળ ભાષામાં પ્રાપ્ત કરે અને ઈશ્વરના વચનો દ્વારા પરિવર્તિત થઈ શકે.

**- રેવ. આર. થોમસ, સેક્રેટરી – બાઈબલ ટ્રાન્સલેશન**

# મિશન ફોકસ

# બલોદા બજાર

## છત્તીસગઢ



**મિશનરી શ્રી રામેશ્વર દયાલ અને મધુકલા**

છત્તીસગઢ મધ્ય ભારતમાં તેની રાજધાની તરીકે રાયપુર સાથેનું એક ચારેબાજુથી ભૂમિથી ઘેરાયેલું રાજ્ય છે. રાજ્યમાં ૩૫ જીલ્લાઓ છે અને તે વિસ્તારની દ્રષ્ટિએ નવમું સૌથી મોટું રાજ્ય છે, જેની વસ્તી લગભગ ૩૦ મિલિયન છે. અગાઉ મધ્યપ્રદેશનો એક ભાગ છત્તીસગઢ નવેમ્બર ૨૦૦૦ ના રોજ રાયપુરને તેની નિયુક્ત રાજધાની તરીકે રાજ્યનો દરજ્જો પ્રાપ્ત થયો હતો.

એક સંસાધન સમૃદ્ધ રાજ્ય, તે ભારતમાં ત્રીજા સૌથી મોટા કોલસાનો અનામત જથ્થો ધરાવે છે અને રાષ્ટ્રને વીજળી કોલસો અને સ્ટીલ પૂરો પાડે છે. તેમાં દેશનું ત્રીજું સૌથી મોટું જંગલનું આવરણ પણ છે અને તે ભારતમાં અનુસૂચિત જાતિઓની સૌથી વધુ વસ્તી ધરાવે છે. ઉત્તરીય અને દક્ષિણ પ્રદેશો ડુંગરાળ છે, જ્યારે મધ્ય ભાગ ફળદ્રુપ મેદાન છે. છત્તીસગઢ તેની સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા માટે પણ જાણીતું છે, જેમાં પ્રાચીન કલા, સંગીત અને પરંપરાગ હસ્તકલાનો સમાવેશ થાય છે. સાંસ્કૃતિક સ્થળોથી આગળ, તે ધોધ, વન્યપ્રાણી, ગુફાઓ અને પ્રાચીન સ્મારકો માટે પ્રખ્યા છે.

છત્તીસગઢમાં બલોદા બજાર જીલ્લો અને પાલિકા બંને છે. તે સિમેન્ટનું મુખ્ય ઉત્પાદક છે, અને ચોખા, વીજળી, પિત્તળ અને વિવિધ નાના અને મધ્યમ ઔદ્યોગિક માલ જેવા અન્ય ઉત્પાદનોની પણ નિકાસ કરવામાં આવે છે. બોલાતી સત્તાવાર ભાષાઓ હિન્દી અને છત્તીસગઢી છે.

આ જીલ્લાના મુખ્ય લોકજૂથો સતનામ, સાહુ, કેવટ, મેહર અને વર્મા છે. તેમનો પ્રાથમિક વ્યવસાય ખેતી છે, જે આ પ્રદેશનો મુખ્ય ખોરાક બનાવે છે. ઘઉં, જોવર અને મકાઈ જેવા અન્ય અનાજનો પણ વપરાશ થાય છે.

બહુમતી ધર્મ હિન્દુ ધર્મ છે, જેમાં બાબા ગુરુ ગૌસિદાસના અનુયાયીઓ, ઈસ્લામ, શીખ ધર્મ અને ખ્રિસ્તી ધર્મની નાની વસ્તીની સાથે સતનામી સમુદાયની નોંધપાત્ર હાજરી છે.

**ફ્રેન્ડ્સ મિશનરી પ્રાર્થના બેન્ડ (એફએમપીબી)** એ **રેવ. રામેશ્વર દયાલના** નેતૃત્વ હેઠળ **૧૫ ફેબ્રુઆરી ૨૦૨૨** ના રોજ બલોદા બજારમાં સેવાકાર્યની શરૂઆત કરી હતી. અમારા મિશનરીઓ સતનામી લોકજૂથ સુધી પહોંચવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

**સુવાર્તા માટે પડકારો :** સુવાર્તામાં સતનામી લોકોમાં અનેક પડકારોનો સામનો કરવો પડે છે, જેમાં દારૂબંધી, બાળ લગ્નો, છૂટાછેડાનો ઉંચો દર અને ગુરુ ચળવળો દ્વારા વિરોધ કરનારાઓનો સમાવેશ થાય છે.

તેમ છતાં ઈશ્વરપિતાએ તેમનું સામર્થ્ય બતાવ્યું છે. **નરેશ કુમાર અને તેમની પત્ની સુકૃતા** પ્રાર્થના દ્વારા કોવિડ-૧૯ ની બીમારીમાંથી સાજા થયા પછી આ ક્ષેત્રના પ્રથમ વિશ્વાસીઓ બન્યા. તાજેતરમાં, બાથલપુર, બિસમપુર અને ગાદેશપુર ગામોમાં વિશ્વાસીઓને મૃત્યુની ધમકી આપવામાં આવી હતી, પરંતુ ઈશ્વરપિતાએ દખલગીરી કરી અને પોલીસ સુરક્ષા મોકલી, અને તેમનો જીવ બચાવ્યો હતો.

**પ્રાર્થનાના મુદ્દા :**

◆ ઈશ્વરપિતા સુવાર્તા માટે દરવાજા ખોલે અને લોકોના હૃદયોને સત્ય સ્વીકારવા માટે તૈયાર કરે. ◆ વિશ્વાસીઓ પ્રભુમાં મજબૂત રહે અને પ્રભુના વચનો દ્વારા પોષણ મેળવે. ◆ વિશ્વાસીઓ ખ્રિસ્ત માટે સાક્ષી આપે અને સુવાર્તાનું વાહક બની શકે. ◆ જેઓ સુવાર્તાનો વિરોધ કરે છે તેઓને ઈસુના પ્રેમનો સ્પર્શ થાય અને તેઓ પ્રભુનો સ્વીકાર કરે. ◆ એક મોટી આત્મિક જાગૃતિ આવે અને સતનામી લોકો મોટી સંખ્યામાં ખ્રિસ્ત તરફ વળે એ માટે. ◆ મિશનરી દંપતી, રેવ. રામેશ્વર દયાલ અને શ્રીમતી મધુ કલા અને તેમના બાળકો માટે. ◆ આ સેવાકાર્યમાં મદદ કરનારા તમામ માટે પ્રાર્થના કરો, અને ઘણા લોકો ખ્રિસ્ત માટે તેમના પોતાના લોકોને પ્રચાર કરે એ માટે.

**રેવ. રામેશ્વર દયાલ, એફએમપીબી મિશનરી**

# રાષ્ટ્રીય આગેવોનોની ચર્ચા-વિચારણા - આઈએમએ દ્વારા



Larger impact through missions:
Planning time with General Secretary, FMPB & General Secretary, Vishwavani



Larger impact through missions:
Planning time with General Secretary, FMPB, General Secretary, UESI, General Secretary, IEM on the sidelines of IMA meeting, Hyderabad

મને ઈન્ડીયા મિશન્સ એસોસિએશન (આઈએમએ) દ્વારા ઓગસ્ટ, ૨૫ દરમિયાન હૈદરાબાદ ખાતે આયોજીત રાષ્ટ્રીય આગેવાનોની ચર્ચા-વિચારણામાં વક્તા તરીકે બોલવાનો લહાવો મળ્યો હતો. પ્રભુએ મને 'જાણવણીની શૈલીથી સેવાકાર્યોની શૈલી સુધી' આગળ છલાંગ મારનારા આગેવાનોને પડકાર આપવા માટે મને સક્ષમ બનાવ્યો હતો. દેશભરના મિશનની ૨૦ જેટલા આગેવાનો રાષ્ટ્રીય આગેવાનોની પરામર્શ ૨૦૨૫ માટે 'સુધારણા, જાગૃતિ અને તલ્લીનતા' ના મુદ્રાલેખ સાથે એકઠા થયા હતા. આ પરામર્શ ખ્રિસ્તી સેવાકાર્ય અને ઈશ્વરના રાજ્યની સંસ્કૃતિમાં શ્રેષ્ઠતાના ધોરણો પર કેન્દ્રિત છે. બેઠકોની સાથેસાથે, જનરલ સેક્રેટરી અને મેં, 'સેવાકાર્યો દ્વારા મોટી અસર' લાવવા, યુએસઆઈ, આઈઈએમ, વિશ્વવાણી, જેમ્સ, સ્ક્રીપ્ચર યુનિયન વગેરે સહિતના અન્ય મિશન સંગઠનોના જનરલ સેક્રેટરીઓ સાથે બેઠકો કરી હતી. આવનાર દિવસોમાં, એફએમપીબી સંકલિત રીતે મોટી મિશન સંસ્થાઓ સાથે મળીને કામ કરશે. ઈશ્વરપિતા આપણા રાષ્ટ્રમાં મોટી અસર લાવવા માટે સાથે મળીને કામ કરવા માટે આગેવાનોને એકતામાં લાવ્યા છે. ઈશ્વર બાઈબલના મૂલ્યો આધારિત રાષ્ટ્ર બનાવવા માટે યોગ્ય મિશન વ્યૂહરચના વિકસાવવા માટે અમને માર્ગદર્શન આપી રહ્યા છે. અમે મુખ્ય મિશન આગેવાનોની સામેલગીરી સાથે રાષ્ટ્રીય મિશન પરામર્શનું આયોજન કરવાની યોજના બનાવી રહ્યા છીએ અને અમે તમારી પ્રાર્થના અને તમારી સામેલગીરીની પ્રશંસા કરીશું. જો આપણે આપણા સમાજ અને આપણા રાષ્ટ્રને પરિવર્તિત જોવા માંગતા હોઈએ, તો મિશનનો પ્રયાસ કરો કારણ કે મિશન પ્રેમ અને કરુણા લાવે છે, મિશન શાંતિ અને પ્રગતિ લાવે છે, મિશન આનંદ અને આશા લાવે છે.

**જ્હોન સેમ્યુઅલ, પ્રમુખ - એફએમપીબી**

## મિશનરી સમર્પણ

ઉત્તર પ્રદેશના ઘાટમપુર ક્ષેત્રના મિશનરીને ૨૪-૮-૨૦૨૫ ના રોજ દિલ્હી એનસીઆર ખાતે થાડૌ ક્રિશ્ચિયન ફેલોશિપ ખાતે મંડળીના આગેવાનો અને ચર્ચના આગેવાનો અને વડીલો દ્વારા સમર્પિત કરવામાં આવ્યા હતા. પ્રાર્થના અને નાણાં દ્વારા એફએમપીબી મિશનરી પ્રાયોજીત કરવા બદલ અમે ઈશ્વર અને મંડળીનો આભાર માનું છું.

**રેવ. ચેક્ટો ચોફી, પ્રાદેશિક સચિવ – ઉત્તરીય ઝોન મોબિલાઈઝેશન**

# મિશનરી દીક્ષા સમારોહ




રવિવાર, ૧૭ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ ગોસ્પેલ પ્રેયર હાઉસ, ઉલમપારુ, પશ્ચિમ ગોદાવરી જીલ્લા, આંધ્રપ્રદેશમાં યોજયેલી મિશનરી સમર્પણ સેવા માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરો. આ કાર્યક્રમનું આયોજન રેવ. એમ. કરુનાકર અને શ્રીમતી હેપ્સીબા કરુનાકર, મિશનરી પ્રાયોજક અને મંડળીના પાળકો દ્વારા કરવામાં આવ્યું હતું. આ સેવાને રેવ. વિજય પ્રસન્ના આઈઝેક (જનરલ સેક્રેટરી) અને શ્રીમતી અરપુથમ સેલ્વી, રેવ. આર. જે.બી. વી. પ્રસાદ (આંધ્રપ્રદેશ અને તમિલનાડુ ઝોન સેક્રેટરી), અને રેવ. પ્રસંથ મિસાલા અને શ્રીમતી રૂપા કુમારી (મોબિલાઈઝેશન સેક્રેટરી, પશ્ચિમ ગોદાવરી જીલ્લો) ની હાજરીથી શોભાવી હતી. જમ્મુ અને ઝારખંડમાં સેવા આપતા મિશનરી પરિવારોએ શક્તિશાળી સાક્ષીઓ આપી હતી જેણે મંડળને પ્રેરણા આપી હતી. બે મિશનરીઓ માટે સમર્પણ પ્રાર્થનાની આગેવાની રેવ. અને શ્રીમતી કરુનાકર દ્વારા કરવામાં આવી હતી, ત્યારબાદ રેવ. વિજય પ્રસન્ના આઈઝેકનો મજબૂત સંદેશો હતો, જેમણે વિશ્વાસીઓના વિશ્વાસને મજબૂત બનાવ્યો હતો. મંડળે આભારવિધિ કરી હતી અને મંડળીને આ યાદગાર સેવા દ્વારા સમૃદ્ધપણે આશીર્વાદ મળ્યો હતો.

**- રેવ. પ્રસંથ મીસાલા અને શ્રીમતી રૂપાકુમારી, મોબિલાઈઝેશન સેક્રેટરી, વેસ્ટ ગોદાવરી ડિસ્ટ્રીક્ટ**

# મિશનરી સમર્પણ



નરસપુર જીડીએમ એસેમ્બલીમાં આશીર્વાદિત રવિવારની સેવા માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરો, જ્યાં રેવ. નાથન કુમાર બેબર્તા અને શ્રીમતી નિરુપમા ખોસલાએ અભિષેક સાથે વચનની સેવા આપી હતી અને મંડળને વિશ્વાસમાં દ્રઢ રહેવા અને પ્રભુના સેવાકાર્ય માટે પ્રતિબદ્ધતા આપી હતી. પાળક કે ફ્રાન્સિસ પાઉલે આરાધનાની આગેવાની કરી, મંડળીને સ્તુતિ અને આભારસ્તુતિથી ભરી દીધી. બેથેલ પ્રાર્થના મંદિરમ (યાર્મસેટિવરિપલેમ) અને અકાનાવરિથોટા, શાખા મંડળીઓ પાળક કે. ફ્રાન્સિસ પૉલ અને ડૉ. શ્રીમતી સરિતા દ્વારા પાળકીય સેવાઓ આપનાર, આસામની મિશનરી સમર્પણની સેવાનું આયોજન કરવામાં આવ્યું હતું. મિશનરી પરિવારે તેમના ક્ષેત્રના અનુભવો વહેંચ્યા હતા, પડકારો અને વિજયની સાક્ષી આપી હતી, જેણે વિશ્વાસીઓને સેવાકાર્યોને પ્રાર્થનામાં ધરી રાખવા પ્રેરણા આપી હતી. સમર્પણની પ્રાર્થના એ, રેવ. પ્રસંથ મીસાલા અને શ્રીમતી રૂપા કુમારી (મોબિલાઈઝેશન સેક્રેટરી, વેસ્ટ ગોદાવરી ડિસ્ટ્રીક્ટ, આંધ્રપ્રદેશ) સાથે આશીર્વાદનો સમય હતો અને બંને સેવાઓને શોભાવી હતી. ઈશ્વરના વચને, ઈશ્વરના મિશન પ્રત્યેના વિશ્વાસ અને પ્રતિબદ્ધતામાં સંગતને મજબૂત બનાવીને ઊંડી સેવા આપી હતી.

**- રેવ. પ્રસંથ મીસાલા, સેક્રેટરી મોબિલાઈઝેશન – વેસ્ટ ગોદાવરી ડિસ્ટ્રીક્ટ એ.પી.**

# વ્યાયવસાયિકોનો મંચ

## બેંગ્લોર કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ અંગે અહેવાલ




વ્યાવસાયિકો માટેના મંચ, બેંગ્લોર, ૨૦-૨૧ જૂન ૨૦૨૫ ના રોજ ૯ મા ધોરણના વિદ્યાર્થીઓ માટે સંતોષા વિદ્યાલય, ધોનાવુર ખાતે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કર્યું હતું, બેંગ્લોર, ચેન્નાઈ, વલ્લીયુર અને તિરુનેલવેલીના વ્યાવસાયિકોએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત આરાધના સત્રથી થઈ હતી અને તેનું ઉદ્ઘાટન આચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું. સત્રોમાં એક સાથે એક ક્રિયા-પ્રતિક્રિયાઓ, જૂથ ચર્ચાઓ, પ્રસ્તુતિઓ તથા પ્રશ્નો અને ઉત્તરો માટેનો સમય સામેલ છે. મેડિકલ, એન્જીનિયરિંગ, કમ્પ્યુટર સાયન્સ, રોબોટિક્સ, સિવિલ સર્વિસીસ, આર્ટ્સ, મેનેજમેન્ટ, હોટેલ મેનેજમેન્ટ, જર્નાલિઝમ, મ્યુઝિક અને બેંકિંગ સહિતના કારકિર્દીના વિવિધ માર્ગો રજૂ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ જૂથકાર્યમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને તેમની શંકાઓનું સમાધાન કર્યું હતું, જ્યારે શિક્ષકો સત્રોમાં જોડાયા હતા અને પ્રશંસા કરી હતી. ફેલોશિપને યાદગાર બનાવતા, શાળાએ ઉષ્માભર્યુ આતિથ્ય દર્શાવ્યું હતું. ૨૧ જૂન સાંજે આ કાર્યક્રમ સમાપ્ત થયો હતો, અને ટીમ મિશનરીઓના બાળકોને સેવા આપવાની તક માટે ઈશ્વરપિતાનો આભાર માનતા પરત આવી હતી.

**પ્રભાકર સારથી, સલાહકાર – વ્યાવસાયિકોનું ફોરમ**

## એફએમપીબી - મચિલિપટ્ટનમ રીટ્રીટ અને મિશનરીઓનું સમર્પણ

એફએમપીબી – મચિલિપટ્ટનમની વાર્ષિક પારિવારિક રીટ્રીટનું ૨૭ ઓગસ્ટના રોજ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં લગભગ ૪૦૦ સહભાગીઓ એકતામાં એકઠા થયા હતા અને નાશ પામતા લોકોને સુવાર્તા પ્રગટ કરવાના તેડાને પુનઃ જાહેર કર્યું હતું. આ રીટ્રીટનું મુખ્ય આકર્ષણ નવા ત્રણ મિશનરીઓનું સમર્પણ હતું, જેની પ્રતિબદ્ધતાએ મહાન આદેશના તાકીદના શક્તિશાળી સ્મરણ તરીકે કાર્ય કર્યું હતું. રીટ્રીટને મિશનરીઓની સાક્ષીઓ દ્વારા સમૃદ્ધ બનાવવામાં આવી હતી, જેણે સહભાગીઓના હૃદયોને સ્પર્શ કર્યો હતો, અને નવીન ભક્તિ અને બલિદાનને પ્રેરણા આપી હતી. સ્થાનિક મંડળી અને મિશનની ચળવળ વચ્ચેના બંધનને મજબૂત કરીને, ૯ સ્થાનિક પાળકોની હાજરીનો અમને આશીર્વાદ પ્રાપ્ત થયો હતો. આ ઉપરાંત, વિસન્નાપેટાના નવા ૧૫ મિત્રો (મચિલિપટ્ટનમથી લગભગ ૧૨૦ કિ.મી.) પ્રથમ વખત જોડાયા હતા, એફએમપીબીના પરિવારનો ભાગ બનવાની તેમની ઈચ્છા વ્યક્ત કરી હતી – જે ઈશ્વરપિતા તેમની લણણીની શક્તિને વિસ્તૃત કરી રહ્યા છે તેના પુરાવાનો એક સ્પષ્ટ સંકેત હતો. આ રીટ્રીટ એક ઘટના કરતા વિશેષ હતી, તે એક આત્મિક સીમાચિહ્નરૂપ હતી, હૃદયોને પ્રજ્વલિત કરતી હતી, તેડાની પુષ્ટિ કરતી હતી અને સુવાર્તાને વણખેડાયેલા લોકો સુધી લઈ જવાના દર્શનનું નવીનીકરણ કરતી હતી.

ખ્રિસ્તની સેવામાં,

**- કે. અનિતા (માનદ સેક્રેટરી) અને એફએમપીબી પરિવાર, મચિલિપટ્ટનમ**



# ઝાવડા સ્કૂના વિદ્યાર્થીઓ માટે વિશેષ તાલીમ શિબિર

૧ થી ૨૯ મે, ૨૦૨૫ દરમિયાન એફએમપીબીની સેન્ટ થોમસ મેટ્રિક્યુલેશન સ્કૂલ, ઝાવડા, ગુજરાતના ૧૨ મા ધોરણના ૧૩ વિદ્યાર્થીઓ (૬ છોકરાઓ અને ૭ છોકરાઓ), બે વોર્ડન સાથે, સેન્ટ જેમ્સ ચર્ચ, અયનાવરમ, ચેન્નાઈ ખાતેના એક વિશેષ તાલીમ શિબિરમાં ભાગ લીધો હતો. પ્રાથમિક શાળાના પરિસરના ઉપયોગની મંજૂરી આપવા માટે અમે સ્વ. રેવ. ડૉ. લૉરેન્સ જેબાદોસ, રેવ. રૂબી લૉરેન્સ અને સેક્રેટરી શ્રી નેહેમ્યાનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

સમર્પિત ફેકલ્ટીમાં કુ. હાન્ના એલિઝા બી (ફિઝિક્સ), શ્રી રાજાપોંડી (કેમિસ્ટ્રી), શ્રી આરએસપી અને શ્રીમતી ચંદ્રા (બાયોલોજી), શ્રી સુંદર એન (મેથેમેટિક્સ), શ્રી મોઝેસ સેમ્યુલ (ઈંગ્લીશ), અને કુ. રમેના કિર્તી (મોટિવેશન) નો સમાવેશ થતો હતો. મંડળીના સભ્યોએ તેઓના વિશેષ પ્રસંગોમાં પ્રેમપૂર્વક ભોજન પ્રાયોજીત કર્યું હતું. શનિ-રવિવારના દિવસોમાં વિદ્યાર્થીઓને સેન્ટ થોમસ માઉન્ટ, સેન્ટોમ ચર્ચ, મરિના બીચ અને ક્વીન્સલેન્ડ લઈ ગયા હતા. ૨૫ મે ના રોજ, વિદ્યાર્થીઓએ સાક્ષીઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ચર્ચની સેવામાં ભાગ લીધો હતો. શ્રીમતી મગ્દલીને શાળાના પડકારો પર પ્રકાશ પાડ્યો હતો અને ઝોનલ સેક્રેટરી શ્રી ઈસાક રાજાએ પ્રભુના વચનો ઉચ્ચાર્યા હતા. પ્રભુના લોકો તરફથી વિદ્યાર્થીઓને ઉદાર ઉપહારોનો આશીર્વાદ પ્રાપ્ત થયો હતો. આ પહેલનું આયોજન એફએમપીબી ચેન્નાઈ, આયનાવરમ મોબિલાઈઝેશન ક્ષેત્ર દ્વારા કરવામાં આવ્યું હતું.

**- ડૉ. એડિસન રતિનામ, માનદ મોબિલાઈઝેશન સેક્રેટરી, પુલાસૈવલકમ**

## ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ શ્રીમતી અને શ્રી બાર્નાબાસના નિવાસસ્થાન પર દુબઈ, અબુધાબી અને શારજાહના એફએમપીબી આગેવાનો સાથે એફએમપીબીના પ્રમુખની બેઠક



## મિશનરી સમર્પણ

ઉત્તરાખંડમાં સેવા આપતા એફએમપીબીના મિશનરીનું ૩૧-૮-૨૦૨૫ના રોજ એસેમ્બલી ઓફ ગોડ ચર્ચ, શ્રીરામપુર, એલુરુમાં સમર્પણ કરવામાં આવ્યું હતું. અમે પ્રાયોજક પરિવાર શ્રી વી. વીરરાજુ માટે ઈશ્વરપિતાનો આભાર માનું છું. તમામ માન-મહિમા ઈશ્વર માટે.

**- વાય. જહોન સ્ટીફન, એફએમપીબી, વિજયવાડા**

## 1 OCTOBER
બુધવાર

*ઉપવાસ સહિતની પ્રાર્થના*

*Happy Birthday*

શ્રી યુવનેશ ટી.

### જમ્મુ

### ધાર

### લુંજલાલ સોન્ગથટ અને મેરી

**સ્તુતિ :** કેટલાક નવા ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. પિમલ પ્રકાશ પરિવાર અને દેશરાજ પરિવાર સુવાર્તામાં રસ બતાવે છે. પ્રભુના સેવકો તોફાની વરસાદ, પૂર અને ભૂસ્ખલન વચ્ચે પ્રવાસ કરતા હતા ત્યારે ઈશ્વરપિતાએ તેમનું રક્ષણ કર્યું હતું. ધાર સેવા ક્ષેત્રમાં ઈશ્વરપિતાએ તેમની કૃપાથી સુવાર્તા માટે દરવાજા ખોલ્યા હતા.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા આ ક્ષેત્રમાં ઘણા નવા સંપર્કો પ્રદાન કરે એ માટે. રવિવારની આરાધના સંગતો ચાલુ રહે, સત્સંગ અને રાતની આત્મિક મીટીંગો કોઈપણ અવરોધ વિના મળે એ માટે. દેશરાજને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે. વાઈથી પીડીત પિમલ પ્રકાશને સાજાપણું મળે એ માટે. આ ક્ષેત્રમાં રહેતા મહાજન, શર્મા, સમીર, નાહસા, રાજપૂત અને મજબીના લોકો તારણ પામે એ માટે.

### રેઆસી

### અચ્ચનાર ડેવીડ અને મનપ્રીત કૌર

**સ્તુતિ :** ઈશ્વરપિતાની સહાયથી મલાથ, કેરલ અને અરના ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. થાલાવરા ગામની ગુર્જર લોકજૂથમાં સુવાર્તા માટે દરવાજા ખુલ્યા હતા. ભૂતકાળમાં સેવાક્ષેત્રમાં સેવાકાર્ય અસરકારક રીતે કરવા માટે આપણા મિશનરી પરિવારોની ઈશ્વરપિતાએ સહાય કરી હતી.

**પ્રાર્થના :** જે વિશ્વાસીઓએ તેમની મિલકત અને સંપત્તિ ગુમાવી દીધી છે, તેઓ તેમના જીવનને ફરીથી શરૂ કરવા માટે સરકારી સહાય અને વળતર મેળવવા માટે સક્ષમ બને એ માટે. રાજપૂત અને ગુર્જર લોકજૂથોમાં પ્રવર્તતા આત્મિક અંધત્વ અને સામાજીક ભયના પડકારો, તેમને પ્રભુનો તેમના અંગત તારનાર તરીકે સ્વીકારતા અટકાવે છે. પ્રાર્થના કરો કે આ અવરોધો દૂર થઈ શકે અને ઈશ્વરપિતા આ લોકજૂથોમાં આત્મિક જાગૃતિ લાવે એ માટે. રવિવારની આરાધના સંગત માટે યોગ્ય સ્થળ મળે એ માટે. આપણા મિશનરીની માતાને કેન્સરમાંથી સાજાપણું મળે એ માટે.

## 2 OCTOBER
ગુરુવાર

*Happy Birthday*

શ્રી ડેવિડસન રાજાસિંગ
શ્રી વીરેન્દ્રકુમાર
શ્રીમતી સુનિતા વીરેન્દ્ર કુમાર
શ્રી દેસાઈ દિલિપભાઈ

### હિમાચલ પ્રદેશ

#### રામપુર

**દૌજાપાઓ વ્વાઈટ અને ફ્લોરેન્સ**

**સ્તુતિ :** કેટલાક નવા ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. થોડાક લોકોએ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર તેમના વિશ્વાસની કબૂલાત કરી હતી. ટકલક ચર્ચમાં આયોજીત બાળકોની મીટીંગમાં ૧૮ બાળકોએ ભાગ લીધો હતો. વિશ્વાસીઓની સતત પ્રાર્થનાને કારણે વિનોદના પરિવારે ૧૦ વર્ષ પછી ચર્ચમાં ભાગ લેવાનું શરૂ કર્યું હતું. પ્રભુએ આપણા મિશન એસોસિયેટ (સ્વૈચ્છિક કાર્યકર) ની પત્ની અનુષ્યાનું સર્પદંશથી રક્ષણ કર્યું હતું. અચાનક આવેલ પુરને કારણે અડધે રસ્તે ફસાયેલા બાવદીપને સલામત રીતે ઘરે પહોંચવામાં ઈશ્વરપિતાએ મદદ કરી હતી.

**પ્રાર્થના :** અસ્થિભંગથી પીડીત દીપાના સાજાપણા માટે. એવેરા અને કાશાબાટ વિસ્તારોમાં ચર્ચના નિર્માણ માટે જરૂરી પરવાનગી આપવામાં આવે એ માટે. પ્રકાશ, વર્ષા, મીના, દિવ્યા અને નિશાસના જીવનસાથીઓ તેમના વિશ્વાસની જાહેર કબૂલાત માટે હિંમતપૂર્વક આગળ આવે એ માટે. આપણા વિશ્વાસીઓના બાળકો સમાજમાં સારા આગેવાનો બનવાનું દર્શન ધરાવે અને તેમના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરે એ માટે. આપણા મિશનરીના પુત્ર જોએલની આંખની શસ્ત્રક્રિયા સફળ થાય એ માટે.

#### કરસોગ

**પવન કુમાર અને પ્રભાશિની દેવી**

**સ્તુતિ :** જન્મથી હૃદયના અનિયમિત ધબકારાથી પીડીત સંજયની પુત્રીને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. અશુદ્ધ આત્માની ખલેલને કારણે સૂઈ ન શકતા સામ્બાને ઉપવાસ સહિતની પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. હથેળીના ફોલ્લામાંથી અમીનને અને આંખોના સોજામાંથી પ્રીતીને સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** કુસુમને નબળા હૃદયની, સપનાને એલર્જીની બીમારીમાંથી સાજાપણું મળે એ માટે. ઈશ્વરપિતા સંદીપ કુમારને પવિત્ર આત્માથી ભરે અને સેવાકાર્યમાં તેમનો શક્તિશાળી રીતે ઉપયોગ કરે એ માટે. સંજયને દેવા સંબંધી કેસમાં ન્યાય મળે એ માટે.

**3 OCTOBER**
**શુક્રવાર**

***Happy Birthday***
શ્રી રોબિન્સન હસદાક

### થાનેધર

### જેબરસન બી અને ગાયત્રી સી.

**સ્તુતિ :** બાળકોના વર્ગમાં ઘણા બાળકોએ ભાગ લીધો હતો અને પ્રભુના વચનો આતુરતાથી શીખ્યા હતા. અકસ્તમાતમાં ફ્રેક્ચર થયેલા કિશમેના હાથને ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું હતું. થોડાક ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી.

**પ્રાર્થના :** હોર્મોનની સમસ્યાને કારણે ગર્ભધારણ કરવામાં અક્ષમ ગોપાલની પુત્રવધુને બાળકનો આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે. ઈશ્વરપિતા આપણા વિશ્વાસીઓને આ ક્ષેત્રમાં ફેલાયેલી ત્વચાના ચેપથી બચાવે એ માટે. ભારે વરસાદ અને પુરના કારણે આપણા વિશ્વાસીઓની જમીનોને અસર થઈ હતી, પ્રભુ આ કઠણ દિવસોમાં તેઓને મદદ કરે એ માટે.

## પંજાબ

### અમૃતસર

### ચિતરંજન તેન્ડી અને તેજસ્વિતા

**સ્તુતિ :** કંગદીપ કૌર, પ્રિયા કૌર અને લકવિન્દર કૌરને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળી હતી. આ વિશ્વાસીઓ રાજંસી અને ગેસા ગામોમાં ૨ દિવસની ઉપવાસ પ્રાર્થનાઓમાં વિશ્વાસીઓ તેમના લોકોના તારણ માટે જોડાયા હતા અને પ્રાર્થના કરી હતી. બેરોજગાર સુરજી સિંહને પ્રાર્થના દ્વારા સારી નોકરી મળી હતી.

**પ્રાર્થના :** આપણા વિશ્વાસીઓના પરિવારોને ભારે વરસાદને કારણે થયેલા નુકસાન માટે વળતર મળે એ માટે. પલગાલન અને પેગિલાન ગામોમાં સુવાર્તા માટે દરવાજા ખુલે એ માટે. આપણા વિશ્વાસીઓના બાળકોને ડ્રગના વ્યસનથી દૂર રાખવામાં આવે એ માટે.

### બુધલાડા

### પ્રતાપ રહંગ અને રશ્મિ પ્રાવા

**સ્તુતિ :** કેટલાક લોકોએ તેમના જૂના જીવનનો ત્યાગ કરીને પ્રભુનો સ્વીકાર કર્યો હતો. અલમપુર અને બર્દા ગામોમાં નવા આરાધના કેન્દ્રો સ્થાપવામાં આવ્યા હતા. આપણા વિશ્વાસી હરપ્રીત સિંહનો પુત્ર સૈન્યમાં જોડાયો હતો અને હશપ્રીત કૌરનો પુત્ર રાજ્ય પોલીસ વિભાગમાં જોડાયો હતો. પિયાંત અને બર્દા ગામોમાં કેટલાક નવા લોકો આરાધના સંગતમાં ભાગ લઈ રહ્યા છે.

**પ્રાર્થના :** જે લોકો ગુલાના ગામની મંડળીમાં આરાધના સંગતમાં ભાગ લઈ રહ્યા છે તેઓ પ્રભુમાં તેમના વિશ્વાસની કબૂલાત કરે એ માટે. વિક્રમજીત, વિકી, શીતલ અને કાજલને બાળકનો આશીર્વાદ મળે એ માટે. બુધલાડા ક્ષેત્રની ૨૫ મી વર્ષગાંઠની ઉજવણી આશીર્વાદિત બને એ માટે. આયોજીત મહિલાઓની મીટીંગ અને સત્સંગ કાર્યક્રમ કોઈપણ અવરોધ વિના આગળ વધે એ માટે.

# 4 OCTOBER

શનિવાર

## સંગરુર

### ગીંભલ દિલીપ અને બિરારી રીટાબેન

**સ્તુતિ :** કાકડા અને સુંદરબસ્થ વિસ્તારોમાં ઘણા અવરોધો મધ્યે મોટા પાયે હાથ ધરવામાં આવ્યા હતા. પૂજાના પતિ જે અત્યાર સુધી તેણીને પ્રભુમંદિરમાં આરાધના સંગતમાં ભાગ લેતા રોકતા હતા તે હવે તેણીને તેમાં ભાગ લેવાની પરવાનગી આપી રહ્યા છે. ઈશ્વરપિતાએ નોઆહ અને કુલદીપને તેમની સમસ્યાઓમાંથી મુક્તિ અને શાંતિ આપી હતી. પ્રેમા અને રાનો પરિવારો સુવાર્તા સાંભળવામાં રસ બતાવી રહ્યા છે.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા જગદેવને વાઈની બીમારીમાંથી સાજાપણું આપે એ માટે. ધૂરી ચર્ચની આપણી વિશ્વાસી સુર્લેકા રાની શરીરમાં વધુ પડતા પાણીની સમસ્યાથી પીડાય છે તેના સાજાપણા માટે. ઈશ્વરપિતા લોંગોવાલ ક્ષેત્રમાં આરાધના સંગત શરૂ કરવાના પ્રયત્નોને આશીર્વાદ આપે એ માટે. પ્રેમા અને એકતાના પરિવારો અલગ રહે છે તેઓ સમાધાન કરે અને સાથે રહે એ માટે.

## ઉત્તરાખંડ

## બાઝપુર

### ક્રિશ્ચિયન પ્રકાશ અને કોકની સુમિત્રાબેન

**સ્તુતિ :** ઘણા લોકોએ આ ક્ષેત્રમાં પ્રથમ વખત સુવાર્તા સાંભળી હતી. ૨ ગામોમાં થોડાક લોકોએ ખ્રિસ્તને પોતાના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા. કુમારપાલ વ્યસનને કારણે તેની પત્ની સાથે દુર્વ્યવહાર કરતો હતો તેણે પ્રાર્થનાને કારણે પસ્તાવો કર્યો હતો. સુન્ધાને નર્વસ બીમારીમાંથી સાજાપણું મળ્યું હતું. પ્રાર્થના દ્વારા ગુરુદેવને મોં ના કેન્સર અને રેનાને વાઈની બીમારીમાંથી સાજાપણું મળ્યું હતું. પ્રાર્થના દ્વારા ઈશ્વરપિતાએ અંજલિને મલેરિયા અને ટાઈફોઈડ, આદિત્ય, મહા અને સુધનાને અછબડાની બીમારીમાંથી સાજાપણું આપ્યું હતું.

**પ્રાર્થના :** ગુરદેવ કૌરે ઘુંટણની સર્જરી કરાવી છે તેમાંથી તેને સંપૂર્ણ સાજાપણું મળે એ માટે. અકસ્માતને કારણે ચહેરા પર ઈજા પામેલ સુનિલને સંપૂર્ણ સાજાપણું મળે એ માટે. ઈશ્વરપિતા ગુરમીત સિંહને છાતીના દુઃખાવામાંથી, સુંદર બહેનને માનસિક બીમારીમાંથી અને ૧૨ વર્ષીય લવકુશને લોહીની કમીની બીમારીમાંથી સાજાપણું આપે એ માટે.

**5 OCTOBER**
**રવિવાર**

*Happy Birthday*
શ્રીમતી રાખી મર્ડી

## હરિયાણા

### કિચા

### બિભાબા પાની અને બિથિકા નાયક

**સ્તુતિ :** રાજકુમાર અને તેની પત્નીએ એક બીજા સાથે સમાધાન કર્યું હતું અને શાંતિથી રહે છે. ઈશ્વરપિતાએ મનિકાંત અને સુંગધાના પરિવારને બાળકનો આશીર્વાદ આપ્યો હતો. પુરનનો પરિવાર પ્રભુના વિશ્વાસમાં સતત વૃદ્ધિ પામી રહ્યો છે. લક્ષ્મી સર્જરી પછી ઈશ્વરપિતાની કૃપાથી સારી રીતે ચાલવામાં સક્ષમ છે

**પ્રાર્થના :** તમામ વિશ્વાસીઓ આતુરતાથી આરાધના સેવાઓમાં ભાગ લે એ માટે. કિડનીની બીમારી અને ક્ષય રોગથી પ્રભાવિત લખવિન્દરને ઈશ્વરપિતા સાજાપણું આપે એ માટે. કરોડરજ્જુની બિમારીથી પીડીત મંજીત કૌરને સાજાપણું મળે એ માટે. પહાડી, રાઈસીખ અને કુમાની લોકોને આપણા પ્રભુ ઈસુના પ્રેમનો સ્પર્શ થાય એ માટે. ગુરુદ્વારાના આગેવાનોની ધમકીઓ અને સેવાકાર્યનો વિરોધ કરનારાઓને કારણે ચર્ચમાં આવતા ડરતા વિશ્વાસીઓને ઈશ્વરપિતા હિંમત આપે એ માટે. વિશ્વાસીઓ સતત વિશ્વાસમાં દ્રઢ રહે એ માટે.

### તોશામ

### અજય બરડે અને શાયતુલ ગેહલોત

**સ્તુતિ :** પાવનને પ્રાર્થના દ્વારા નીચા બ્લડ પ્રેશર અને ઝાડા-ઉલટીથી સાજાપણું મળ્યું હતું. જ્યારે ખેતરની જમીનમાં જંતુનાશક દવા છાંટવામાં આવતા શ્વાસ લેવાના કારણે પાનસિંહ બેભાન થઈ ગયો, ત્યારે તેના પરિવારે પ્રાર્થના કરી ત્યારે ઈશ્વરપિતાએ તેને સાજાપણું આપ્યું હતું. ઈશ્વરપિતાએ સુંધુપાજ અને મનીષાના પરિવારને બાળકનો આશીર્વાદ આપ્યો હતો. જ્યારે વિશ્વાસીઓએ પેટના દુઃખાવાથી પીડાતી આશા માટે પ્રાર્થના કરી ત્યારે ઈશ્વરપિતાએ તેણીને સાજાપણું આપ્યું હતું.

**પ્રાર્થના :** ઈશ્વરપિતાની કૃપાથી સારી નોકરીની તકો મેળવવા માટે નોકરીની શોધ કરનારા વિશ્વાસીઓને સારી નોકરીઓ પ્રાપ્ત થાય એ માટે. સોમબલને વાઈની બીમારીમાંથી સાજાપણું મળે એ માટે. વિમલા, લક્ષ્મી, દીપક, વિજય, મુકેશ, પૂનમ, આશા, લક્ષ્મણ, સુષ્મા, કંદ, વક્કિલ અને સપના ખ્રિસ્તને પોતાના અંગત તારનાર તરીકે સ્વીકારે એ માટે. તોશામ, પિંજોગ્રા, ભોજરાજ અને બલવાસ ગામોમાં રહેતા લોકો તારણ પામે એ માટે.

# 6 OCTOBER
**સોમવાર**

## રાજસ્થાન

### ઉદયપુર

### આશિષ કુમાર અને સવિતા દેવી

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ અમને થોડાક ગામોમાં સુવાર્તા પ્રગટ કરવા સક્ષમ બનાવ્યા હતા. સુશીલનો પરિવાર જે આપણા સ્થાનિક સુવાર્તિક છે તેમને અમારી સાથે પૂર્ણ સમયના મિશનરી બનાવવા માટે પસંદ કરવામાં આવ્યા છે ઈશ્વરપિતાએ વિશ્વાસીઓની શિબિર, ૩ મહિલાઓ માટેની મીટીંગ, ચર્ચના વડીલોની મીટીંગ અને સ્થાનિક સુવાર્તિકોની મીટીંગ સફળતાપૂર્વક યોજવા માટે સહાય કરી હતી. બે પરિવારોએ ઉત્સાહપૂર્વક ચર્ચની આરાધના સંગતોમાં આવવાનું શરૂ કર્યું છે. હિમાશીને એક બાળકનો આશીર્વાદ મળ્યો હતો.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા તેમની ઈચ્છા પ્રમાણે આગામી સરપંચ ચૂંટણીમાં લોકોને પસંદ કરે એ માટે. ઈશ્વરપિતા ડેંગ્યુ, મેલેરિયા, હતાશા, ટાઈફોઈડ અને ઘૂંટણની બીમારીથી પીડીત વિશ્વાસીઓને સાજાપણું આપે એ માટે. ઈશ્વરપિતા નીલા, લીલા અને સોનિયાને બાળકનો આશીર્વાદ આપે એ માટે. રમીલા, કમલા, હકરી, મોનિકા, લલિતા અને અમરીબાઈને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ આપે એ માટે. ઈશ્વરપિતા પલેસિયા અને ગોકુંડા તાલુકાના પ્રદેશોમાં સુવાર્તા માટે દરવાજા ખોલે એ માટે. ભીલ લોકજૂથ સતાવણી મધ્યે તેમના વિશ્વાસમાં દ્રઢ રહે અને ઈશ્વરપિતા તેઓ મધ્યે એક મહાન આત્મિક જાગૃતિ લાવે એ માટે.

## દિલ્હી

### પટપરગંજ

### જહોન ડેવિડસન અને એસ્તર

**સ્તુતિ :** વિશ્વાસીઓ એક સાથે જોડાયા હતા અને રાષ્ટ્રના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. ઘણા લોકોએ સુપુર ક્ષેત્રમાં કરવામાં આવેલા સુવાર્તા પ્રચાર સેવાકાર્યમાં પ્રથમ વખત સુવાર્તા સાંભળી હતી. આત્મિક જાગૃતિની મીટીંગમાં કિશોરો અને યુવાઓએ ભાગ લીધો હતો અને આશીર્વાદ પ્રાપ્ત કર્યો હતો. પ્રભુએ નેહા અને કંચનને સલામત પ્રસૂતિનો આશીર્વાદ આપ્યો હતો. રામવતી અને તેના પુત્ર આમોસ તથા દયાનંદના પરિવારને સાજાપણું પ્રાપ્ત થયું હતું.

**પ્રાર્થના :** નવા વિશ્વાસીઓ અને સ્થાનિક સુવાર્તિકોએ સફળતાપૂર્વક તાલીમી કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. ત્રિલોકપુરી, કલ્યાણપુરી અને સાજવન નગરમાં નાના આરાધના કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતાં. અનમોલ, લાલુ અરુણ, મોનિકા, રિંકી અને ધર્મલિંગમના પરિવારો તારણ પામે એ માટે. પાછલા ૩ વર્ષથી ચેતાતંત્રની બીમારીથી પીડીત ચિત્રા રાજેશના સાજાપણા માટે. ચર્ચના વડીલો તેમની આત્મિક પરિપક્વતામાં વૃદ્ધિ પામે અને સેવાકાર્ય વિશ્વાસુપણે પરિપૂર્ણ કરે એ માટે.

# 7 OCTOBER
**મંગળવાર**

## *Happy Birthday*

શ્રી વિજય પ્રસન્ના આઈઝેક
શ્રીમતી સરોજીની નર્ઝરી

## ઉત્તર પ્રદેશ

### જાલૌન

### ગાવિત રાકેશ અને ઈરગર રેશ્મા

**સ્તુતિ :** કડિયા ગામમાં હાથ ધરવામાં આવેલી આખી રાત્રિની પ્રાર્થનામાં ઘણા લોકોએ આતુરતાથી ભાગ લીધો હતો. ઈશ્વરપિતાએ રજનીને સ્ત્રીરોગમાંથી સાજાપણું આપ્યું હતું. વિશ્વાસી આશિકને અશુદ્ધ આત્માના બંધનમાંથી મુક્તિ મળી હતી. ઈશ્વરપિતાએ અમને હાકોર્થી અને ગોકુલપુરા ગામોમાં વિશ્વાસીઓની શિબિરને સફળતાપૂર્વક આયોજીત કરવા સક્ષમ કર્યા હતા.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા હેમલતા અને દિનેશના પરિવારને બાળકનો આશીર્વાદ આપે એ માટે. ઈશ્વરપિતા રામબહાદુરને હૃદયની, ગુડીને લીવરની, પ્રીતી અને કલદીપને કેન્સરની બીમારીમાંથી ચમત્કારિક સાજાપણું આપે એ માટે. ઈશ્વરપિતા કુનિઆપુરા થુસેપુરા અને જગપુર ગામોમાં સુવાર્તા માટે દરવાજા ખોલે એ માટે.

### સિકન્દરા

### વસાવા પાચીયાભાઈ અને સવિતાબેન

**સ્તુતિ :** આપણા નવા સંપર્ક શિવાનીને પ્રાર્થના દ્વારા સ્નાયુના ખેંચાવાની સમસ્યામાંથી સાજાપણું મળ્યું હતું. રામવીર, રામપાલ અને જીતેન્દ્રના પરિવારો સુવાર્તામાં આતુરતાથી રસ બતાવે છે. ૪ ગામોમાં કોઈપણ અવરોધ વિના બાઈબલ અભ્યાસ જૂથો કાર્યરત છે. ઉર્મિલાને પ્રાર્થના દ્વારા કિડનીની બીમારીમાંથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** પલહરામોઉ ચર્ચની જમીનનો વિવાદ ઉકેલાય એ માટે. આપણા વિશ્વાસીઓ સુવાર્તાનો વિરોધ કરનારાઓથી સુરક્ષિત રહે એ માટે. આપણા વિશ્વાસીઓ અને યુવાનો સાક્ષીરૂપ જીવન જીવે એ માટે. આપણા વિશ્વાસીઓ જેઓ અવરીયા સબસ્ટેશન સેવા ક્ષેત્રના આસપાસના વિસ્તારોમાં રહે છે, તેઓ તેમના વિશ્વાસમાં દ્રઢ રહે એ માટે. ઈશ્વરપિતા સરોજના પરિવારને બાળકનો આશીર્વાદ આપે એ માટે.

## યહોવા યિરેહ

ગુજરાતના સુરત મિશનના વિશ્વાસી વિનોદભાઈએ ચર્ચના સમર્પણની ઉજવણી માટે સાત લિટર તેલ આપવાનું વચન આપ્યું હતું. પૈસાના અભાવમાં તેણે અને તેની પત્નીએ ઈશ્વરપિતાની જોગવાઈ માટે પ્રાર્થના કરી. આશ્ચર્યજનક રીતે, એક માણસ એક દિવસે તેમના ઘરે આવ્યો, અને તેમને ૨,૦૦૦ રૂપિયા આપ્યા અને ઉજવણી માટે તેનો ઉપયોગ કરવા કહ્યું. આ સાથે, તેઓએ આનંદથી તેલ ખરીદ્યું અને તેમનું વચન પૂર્ણ કર્યું. સઘળો માન-મહિમા ઈશ્વરને થાઓ.

**8 OCTOBER**
**બુધવાર**

*ઉપવાસ સહિતની પ્રાર્થના*

*Happy Birthday*
શ્રી અરવિંદ કુજુર

## પોખરાયન

### શાંતા કુમાર અને જીન્સી

**સ્તુતિ :** પાછલા મહિનામાં ચર્ચની સંગતો અને ઉપવાસ પ્રાર્થનાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. બે વર્ષના વિરામ પછી, લલામાસીહ ફરીથી સેવાકાર્યમાં જોડાયા છે. અમિત અને તેમની પત્નીએ અગાઉ આ ક્ષેત્રમાં કામ કર્યું હતું, તેમને મિશનરીઓ તરીકે સેવા આપવા માટે પસંદ કર્યા છે. આપણા મિશનરીના પુત્રએ તુતીકોરિન જીલ્લાના નાઝરેથની એન્જિનિયંરિંગ કોલેજમાં પ્રવેશ મેળવ્યો છે. મુસાનગરમાં ઈશ્વરપિતાની કૃપાથી ડે-કેર સેન્ટર અસરકારક રીતે ચાલી રહ્યું છે.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા આપણા મિશન એસોસિએટ્સ (સ્વૈચ્છિક કાર્યકરો રાજકુમાર અને લલામાસિંહનો સેવાકાર્યમાં શક્તિશાળી રીતે ઉપયોગ કરે એ માટે. નવા ભરતી થયેલા મિશનરી પિયાપલ બાગ અને શ્રોબોનીને ઈશ્વરપિતા તાલીમ આપે એ માટે, જેઓ આ સેવા ક્ષેત્રમાં વ્યવહારિક તાલીમ માટે આવ્યા છે. આપણા ચર્ચના વડીલ રામલકનની પત્ની અને વડીલ રાજકુમારીની પુત્રી ગાયત્રીના સાજાપણા માટે જે જન્મથી બોલવામાં અસમર્થ છે. માચા ચર્ચ અને પોખરાયન ખાતેના તાલીમ કેન્દ્રની દીવાલ બનાવવાનું કાર્ય કોઈપણ અવરોધ વિના પૂર્ણ થાય એ માટે. ભાગ્યવતીને ટીબીની બીમારીમાંથી સાજાપણું મળે એ માટે. આપણા વિશ્વાસી નીરજને કોઈપણ અડચણ વિના સરકારી વળતર મળે એ માટે જેમણે પુરમાં પોતાનું ઘર ગુમાવ્યું હતું.

### ઘાટમપુર : જંગખોલુન ટૌથાંગ અને એનગાઈ થિયાનચિંગ

**સ્તુતિ :** સજન, અનિષા, સુનિતા, પુષ્પા અને રામસકિનાના પરિવારો આતુરતાથી આરાધના સંગતોમાં ભાગ લે છે અને તેમના વિશ્વાસમાં વૃદ્ધિ પામી રહ્યા છે. ઈશ્વરપિતાએ સુનિતા અને સોનિયાના પરિવારોને કૌટુંબિક સમસ્યાઓમાંથી મુક્તિ આપી હતી અને શાંતિ પ્રાપ્ત થઈ હતી. વધતી જતી સતાવણી મધ્યે આપણા મિશનરીઓ અને વિશ્વાસીઓએ ઈશ્વરપિતા રક્ષણ આપે એ માટે.

**પ્રાર્થના :** અંકિતા, રોશની, કલ્પના, પૂજા અને ગંગા પ્રભુ ઈસુનો સ્વીકાર કરે એ માટે. જહાનાબાદ અને પવન ખાતેના ચર્ચોમાં આરાધના સેવાઓ શરૂ થાય એ માટે. શિવાની, અનીશા, સંધિયા, નેહા થિયાનસિંગ અને મલ્કનને વિવિધ બીમારીઓમાંથી સાજાપણું મળે એ માટે. યુવા પેઢી સેવાકાર્યમાં આતુરતાથી ભાગ લે એ માટે. પ્રભુની સુવાર્તાનો વિરોધ કરનારાઓની દુષ્ટ યોજનાઓથી આપણા વિશ્વાસીઓ અને મિશનરીઓને ઈશ્વરપિતાની સુરક્ષા પ્રાપ્ત થાય એ માટે.

# 9 OCTOBER
**ગુરુવાર**

## મધ્યપ્રદેશ

### ઉદયનગર

**વિલ્સન ડી અને રશ્મિતા**

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ અમારી પ્રાર્થનાઓનો જવાબ આપ્યો હતો અને આપણા વિશ્વાસીઓ જકરામ બાબા મંજુ અને કિરણને જામીન પર મુક્ત કર્યા હતા. અમે બુધવારની ઉપવાસ સહિતની પ્રાર્થના અને રવિવારની સંગતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લેનારા વિશ્વાસુ લોકો માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરીએ છીએ.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા આપણા ભાઈઓનું પ્રતિનિધિત્વ કરતા ત્રણ વકીલોને ડહાપણ આપે એ માટે જેથી તેમની સામેના કેસોનો ઝડપથી ઉકેલ આવી શકે. દીપક અને દિનેશને પ્રાર્થનામાં યાદ રાખો જેઓ ખૂબ તકલીફમાં છે, ઈશ્વરપિતા તેમને સામર્થ્ય અને સમર્થન આપે એ માટે. સ્થાનિક સેવક પ્રીથુને ઈશ્વરપિતા સુરક્ષા પ્રદાન કરે એ માટે. ઈશ્વરપિતા આપણા મિશનરીઓને ધીરજ અને ડહાપણથી વિશ્વાસીઓના મુશ્કેલ પ્રશ્નોના જવાબ આપવા માટે સક્ષમ બનાવે એ માટે. આવો આપણે આપણા તમામ મિશનરીઓ અને વિશ્વાસીઓ માટે, ખાસ કરીને આ દિવસોમાં વધતી સતાવણીમાં ઈશ્વરપિતાની હિંમત, સુરક્ષા અને શારીરિક સ્વાસ્થ્ય માટે પણ પ્રાર્થના કરીએ.

### ચિરીયા

**મહેન્દ્રન એ. અને પુષ્પમ**

**સ્તુતિ :** મુંદિયા ગામની સપના અને પોચંબા ગામની મીરાને ઈશ્વરપિતાની કૃપાથી સલામત પ્રસૂતિ થઈ હતી. જ્યારે સિરીબાઈના કૂવામાં સિંચાઈ માટે પૂરતા પાણીનો અભાવ હતો, ત્યારે તેણીએ ટમ્બલરમાં પાણી લઈને તેના પર પ્રાર્થના કરી અને તેને કૂવામાં રેડી દીધુ. ચમત્કારોના સ્વામીએ તેની તમામ જરૂરિયાતો માટે પૂરતું પાણી પૂરું પાડ્યું હતું. જ્યોતિ ગામની પિંકી ઘણીવાર ચક્કર આવવાના કારણે ચેતના ગુમાવે છે તે હવે પ્રાર્થનાઓને કારણે સંપૂર્ણપણે સાજી થઈ ગઈ છે. પરિમલને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી પ્રાર્થના દ્વારા મુક્તિ મળી હતી. વિશ્વાસમાં નબળી પડેલી મધુ હવે વિશ્વાસમાં પાછી ફરી છે. નર્વસ ડિસઓર્ડરથી પીડાતા અમરસિંહને ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું છે.

**પ્રાર્થના :** ચંદ્રસિંહ છેલ્લા ૪ વર્ષથી વાઈથી પીડાય છે તેમના સાજાપણા માટે. ત્વચાના ચેપથી પીડાતી ભારગીના સાજાપણા માટે. સતાવણીને કારણે છેલ્લા ૪ વર્ષથી બંધ જગડી ગામના આરાધના કેન્દ્રના પુનઃ પ્રારંભ માટે. મંડિયા ગામના સેવાકાર્યનો વિરોધ કરનારાઓને આપણા પ્રભુના પ્રેમનો સ્પર્શ થાય એ માટે. મોસમી માંદગીથી પીડિત આપણા મિશનરીઓના સાજાપણા માટે.

## 10 OCTOBER
શુક્રવાર

*Happy Birthday*

શ્રીમતી ચિત્રા પોન્નુસામી
શ્રી હરિ બાબુ ગુન્ડરા
શ્રી સંતુ મરાંડી

### ડાબરા

**સતીકાંત પારિચા અને સાગરીકા પ્રધાન**

**સ્તુતિ :** ઈશ્વરપિતાની કૃપાથી વિરોધ મધ્યે રવિવારની આરાધના સંગત ચાલુ રહી હતી. આપણા વિશ્વાસીના બે બાળકોએ તેમના અભ્યાસને આગળ વધારવા માટે આપણા ઝાંસીના હોમમાં પ્રવેશ મેળવ્યો હતો. ઈશ્વરપિતાએ જીપ સેવાકાર્યની ટીમના સભ્યોને સતાવણી કરનારાઓના હાથથી સુરક્ષિત કરી હતી. ચર્ચના વડીલોનો તાલીમ કાર્યક્રમ બે સ્થળોએ હાથ ધરવામાં આવ્યો હતો.

**પ્રાર્થના :** ડાબરા ક્ષેત્રમાં સતાવણી વધી રહી છે. ખ્રિસ્તી શાળાઓમાં સતત તપાસ થઈ રહી છે કારણ કે આ શાળાઓ સામે ધર્માંતરણની ફરિયાદો આવી છે. પાળકોને માર મારવા અને રવિવારની આરાધના સેવાઓ અને અન્ય સુવાર્તિક મીટીંગો અટકાવવાના બનાવો વધી રહ્યા છે. ઈશ્વરપિતા આવી પરિસ્થિતિઓને નિયંત્રિત કરવામાં અને આપણી તરફેણમાં કામ કરવામાં સહાય કરે એ માટે. આપણા મિશનરીઓ, સ્થાનિક સુવાર્તિકો અને વિશ્વાસીઓના રક્ષણ માટે.

### ગુના

**સતીષ ટી. અને શર્મિલા એ.**

**સ્તુતિ :** તમામ વિશ્વાસીઓએ પ્રાર્થના કર્યા બાદ રિક્કામીને સર્પદંશમાંથી સાજાપણું મળ્યું હતું. સંગરારપુરમાં નવું આરાધના જૂથ શરૂ થયું હતું. આંખોની નબળી દ્રષ્ટિ હોવા છતાં નોવાલસિંગની બાઈબલ અધ્યયનમાં નિયમિતપણે ભાગ લઈને શાસ્ત્રવચનો શીખવાની આતુરતા જોઈને અને પ્રાર્થનાઓ સાંભળીને ઈશ્વરપિતાએ તેમને સાજાપણું આપ્યું હતું.

**પ્રાર્થના :** દરેક ગામમાં સ્વયંસેવકોને ખલેલ પહોંચાડતા સુવાર્તાના વિરોધીઓ માટે. ઈશ્વરપિતા રાધાબાઈને ક્ષયની, કિરીરીશને પેટના અને પગના સોજામાંથી અને અનિલ બરેલાને પગના ફ્રેક્ચરમાંથી સાજાપણું આપે એ માટે. લક્ષ્મણ ઝિન્લાલ અને પુરાએ આરાધના સંગત બંધ કરાવી હતી અને આપણા મિશનરીઓનો પીછો કર્યો હતો, તેઓને પ્રભુ ઈસુના પ્રેમનો સ્પર્શ થાય એ માટે. બેરેલા ગામમાં બંધ કરાવવામાં આવેલી આરાધના સંગત ગામના વડા તેને ચાલુ કરવાની પરવાનગી આપે એ માટે.

# 11 OCTOBER
**શનિવાર**

## *Happy Birthday*

શ્રીમતી મેરી પુષ્પમ ડેનિયલ

શ્રી ગજેન ચમ્પ્રમેરી

### ધુલકોટ/નેપાનગર

**ગોપીકૃષ્ણન અને મેનાગા એલ.**

**સ્તુતિ :** આ ક્ષેત્રમાં ઘણા લોકોએ સુવાર્તા સાંભળી હતી. અશુદ્ધ આત્માથી પીડીત અને ૨૦ વર્ષ સુધી ચાલવામાં અસમર્થ બાઈલીને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. બાસાલી ગામમાં આયોજીત મહિલા મીટીંગ દ્વારા ૪૦ મહિલાઓને આશીર્વાદ પ્રાપ્ત થયો હતો. ૩ દિવસીય ઉપવાસની પ્રાર્થનામાં ઘણા વિશ્વાસીઓએ ભાગ લીધો હતો અને રાષ્ટ્રના તારણ માટે મોટા બોજ સાથે પ્રાર્થના કરી હતી.

**પ્રાર્થના :** આયોજીત યુવા બેઠક, ચર્ચના વડીલોની મીટીંગ, મહિલા અને બાળકો માટેની મીટીંગ ફળદાયી બની રહે એ માટે. જેઓને પ્રભુના પ્રેમનો સ્પર્શ થયો છે તેઓ જીવનભર વિશ્વાસમાં ટકી રહે એ માટે. જ્યાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી છે એવા ગામોમાં પ્રભુ આત્મિક જાગૃતિ લાવે એ માટે. નેપાનગર ક્ષેત્રમાં સેવાકાર્ય વૃદ્ધિ પામે એ માટે.

### આસામ

### ગોહપુર

**નાથાન કુમાર અને નિરુપોમા**

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ થિલકપરા ચર્ચના વડીલની પુત્રીને નર્સિંગના અભ્યાસ માટે પ્રવેશ મેળવવા સક્ષમ બનાવી હતી. ૩ ગામોમાં સુવાર્તાના કાર્ય દ્વારા ઘણા લોકો પ્રભુના પ્રેમને જાણી શક્યા હતા. ૪ ગામોમાં આયોજીત રાત્રિ બેઠકો દરમિયાન ઘણા લોકોએ સુવાર્તા સાંભળી હતી.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા આપણા સ્થાનિક સુવાર્તિક મગેશ બાતારી અને તેમની પત્નીને સાજાપણું આપે અને તેઓ સેવાકાર્ય ચાલુ રાખે એ માટે. જે ચર્ચ વડીલોએ આત્મા વિજેતા તાલીમી કાર્યક્રમમાં ભાગ લીધો હતો તેઓ તેમના ગામોમાં પ્રભુ માટે આત્માઓ જીતવાના કાર્યમાં સંપૂર્ણ રીતે સામેલ થાય એ માટે. આગામી દિવસોમાં આયોજીત જીસસ ફિલ્મ સેવાકાર્યમાં ઘણા લોકો એકત્ર થાય અને પ્રભુના વચનો સાંભળે એ માટે.

### આપણા વિશ્વાસુ પ્રદાતા

મહારાષ્ટ્રના શિવલી ગામની લલિતા નવ મહિનાથી કમળાથી પીડાતી હતી. જુદા જુદા ભગતોની મુલાકાત લેવા અને હોસ્પિટલમાં સારવાર પાછળ ૭૦,૦૦૦ રૂપિયા ખર્ચ્યા બાદ તેની સ્થિતિમાં કોઈ સુધારો થયો નહિ અને તેના પતિએ પણ તેને ત્યજી દીધી હતી. છેવટે, વિશ્વાસીઓએ તેને તેના ગામમાં રવિવારની સંગતમાં આમંત્રણ આપ્યું, જ્યાં સ્થાનિક સુવાર્તિકે તેના માથા પર તેલ લગાવીને પ્રાર્થના કરી હતી અને સુવાર્તા સંભળાવી હતી. સ્થિતિમાં સુધારો જણાતા લલિતા બીજા અઠવાડિયે ચર્ચમાં પાછી આવી અને વિશ્વાસ સાથે પ્રાર્થના કરી, અને ઈશ્વરપિતાએ તેને સંપૂર્ણ સાજાપણું આપ્યું. તેણીએ ઈસુને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા અને હવે તે આનંદકારક સાક્ષીરૂપ જીવન જીવે છે. હાલેલુયા.

**12 OCTOBER**
**રવિવાર**

***Happy Birthday***

શ્રી સોનપુ સિંગ્સન જી.

## લખીમપુર

### એરોનસિંગ નર્ઝરી અને રીના બાસુમાટારી

**સ્તુતિ :** થોડાક વ્યક્તિઓએ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા હતા અને વિશ્વાસીઓના સમૂહમાં જોડાયા હતા. સુવાર્તા થોડા ગામોમાં જાહેર કરવામાં આવી હતી. રાત્રિની બેઠકોએ વિશ્વાસીઓને મોટા પ્રમાણમાં પ્રોત્સાહન આપ્યું હતું. કોનાઈકુલીના પરિવારે સુવાર્તામાં રસ દર્શાવ્યો હતો. સેવાકાર્યના દરેક પાસામાં ઈશ્વરપિતાએ તેમની કૃપા દર્શાવી હતી.

**પ્રાર્થના :** ચર્ચ સમર્પણનો કાર્યક્રમ કોઈપણ અડચણ વિના આયોજીત થાય, જીસસ ફિલ્મ કાર્યક્રમ, વિશ્વાસીઓની મીટીંગ આશીર્વાદીત બની રહે એ માટે. કિડનીની બીમારીથી પીડીત કોનાઈકુઝીના સાજાપણા માટે. વિશ્વાસમાં નબળા પડેલા બિપુલસંગ્રાંગ પ્રભુ પાસે પાછા ફરે એ માટે. આસામના ૫ જીલ્લાઓમાં રહેતા મિસીંગ લોકજૂથ મધ્યે ઈશ્વરપિતા આત્મિક જાગૃતિ લાવે એ માટે. ઈશ્વરપિતા નવા મિશન એસોસિએટ્સ ( સ્વૈચ્છિક કાર્યકરો) અને આ ક્ષેત્રના વિશ્વાસીઓ મધ્યે આત્માઓ બચાવવાનો બોજ આપે એ માટે.

## ઝારખંડ

## તીનપહાડ

### નહેમ્યા અને અનામિકા પેગુ

**સ્તુતિ :** આપણી વિશ્વાસી મેરી લાકરાએ તેના ઉચ્ચ અભ્યાસ માટે કર્ણાટક સેન્ટ્રલ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો હતો. ઈશ્વરપિતાએ આપણા સ્થાનિક સુવાર્તિકની બહેન રૂબીનાને બાળકનો આશીર્વાદ આપ્યો હતો. જ્યારે ઘણા વર્ષોથી જમીન વિવાદના કેસના ન્યાયિક મુકદ્દમામાં આપણા વિશ્વાસી સરુવા મુંડા માટે અનુકૂળ ચુકાદો આવ્યો ત્યારે તેમણે કૃતજ્ઞામાં ચર્ચના નિર્માણ માટે તેમની જમીનનો એક ભાગ દાનમાં આપ્યો હતો. મહિલાઓ માટેની સવારની પ્રાર્થના સભાઓ નિયમિત થઈ રહી છે.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા બિલો ઓરાવન પરની સર્જરીની સફળતા અને તેને સાજાપણું આપે એ માટે. પિત્તાશયની બીમારીમાંથી સંસાર્યા લાકરાના સાજાપણા માટે. આપણા વિશ્વાસી કૃણસિંહના પુત્ર છોટુ સિંહ અભ્યાસમાં રસ બતાવે એ માટે. મીના કુમારીને લોહીની કમીની બીમારીમાંથી સાજાપણું મળે એ માટે. આપણા નવા સંપર્કો સંજીબ અને બાસા ખ્રિસ્ત ઈસુના તારણસાધક વિશ્વાસમાં આવે એ માટે.

## 13 OCTOBER
**સોમવાર**

***Happy Birthday***

શ્રીમતી અનુષ પીટર જેબારાજ
શ્રીમતી ડીબોરલ વિજયા રાની એડવર્ડ

**માલ્ટો યૂથ મિનિસ્ટ્રી**

### ગોડવિન કિરુબાગરન અને પ્રભા કામલી

**સ્તુતિ :** યુથ મિનીસ્ટ્રી માટે ઈશ્વરપિતાએ ૬ સહકાર્યકરો પૂરા પાડ્યા હતા. ઈશ્વરપિતાની સહાયથી ૧૦ ગામોમાં જાગૃતિ માટે ફિલ્મ દર્શાવવામાં આવી હતી. ૩ ગામોમાં ફોલોઅપ સેવાકાર્ય અને પ્રાર્થના જૂથોનું અસરકારક રીતે આયોજન કરવામાં આવ્યું હતું. ઈશ્વરપિતા આપણા સ્વૈચ્છિક કાર્યકર જાક્કાઈ માલ્ટોની પત્નીને સલામત પ્રસૂતિનો આશીર્વાદ આપ્યો હતો. રાજીથી માલ્ટો જેણે કામ માટે બીજા રાજ્યમાં સ્થળાંત કર્યું છે, તેના પરિવારના સભ્યોની પ્રાર્થનાને કારણે તેની બીમારીમાંથી સાજાપણું મળ્યું હતું. ઈશ્વરપિતાએ ખેતી માટે સારો વરસાદ આપ્યો હતો.

**પ્રાર્થના :** બામડાએ તેના જીવનમાં ઈશ્વરના આશીર્વાદનો અનુભવ કર્યો છે, તે ખ્રિસ્ત ઈસુ પરના તેમના વિશ્વાસની કબૂલાત માટે હિંમતપૂર્વક આગળ આવે એ માટે. ગોગુડિયા ગામના જાદુગર સુવાર્તા સાંભળવામાં રસ દર્શાવે છે, તે આપણા પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરે એ માટે. ઈશ્વરપિતા ૯ પ્રદેશોમાં યુવાનોમાંથી સ્વૈચ્છિક કાર્યકરો ઊભા કરે એ માટે. ઈશ્વરપિતા બાળકો, કિશોરો અને યુવાનો માટેના આત્મિક મેળાના આયોજનને આશીર્વાદ આપે એ માટે. આપણા મિશનરી ગોડવિનના સાજાપણા માટે જેમને બાઈક અકસ્માત થયો હતો.

### તાકીદની પ્રાર્થના વિનંતી

તાજેતરના દિવસોમાં, ઉત્તર ભારતમાં મિશનરીઓ અને સેવાકાર્યો સામે વિરોધમાં તીવ્ર વધારો થયો છે. ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, હરિયાણા અને રાજસ્થાન જેવા રાજ્યોમાં દિવસે દિવસે વિરોધ પ્રદર્શન તીવ્ર બની રહ્યું છે. દક્ષિણ રાજસ્થાનના દુમકર જીલ્લામાં, પાલિકાએ બહારના લોકો વિશેની માહિતી એકત્રિત કરવા માટે ફોર્મ ફરતા શરૂ કર્યા છે, ખાસ ધ્યાન આપણી સંસ્થાના કાર્યકરો તરફ દોરવામાં આવ્યું છે. સુવાર્તા વિરોધીઓ પણ રવિવારની સેવાઓનું નજીકથી દેખરેખ રાખી રહ્યા છે. આવો આપણે આંસુસહિત અને બોજ સાથે, ખંતપૂર્વક પ્રાર્થનામાં જોડાઈએ, ઈશ્વરપિતાને આપણા કાર્યક્રમો, વિશ્વાસીઓ અને મંડળીઓને સુરક્ષિત રાખવા પ્રાર્થના કરીએ. પ્રભુ તેમના બાળકોને વિશ્વાસમાં દ્રઢ રહેવા હિંમત અને સામર્થ્ય આપે અને તેમના નામનો મહિમા થાય.

## 14 OCTOBER
મંગળવાર

### પથરગામા

### ક્રિષન કુમાર અને શાંતિ લાલ

**સ્તુતિ :** ૫ વ્યક્તિઓએ ઈસુ ખ્રિસ્તમાં મળેલા સાચા પ્રકાશનો સ્વીકાર કર્યો હતો. મદ્રકંજ અને સિલકારા ગામોમાં હાથ ધરવામાં આવેલી ત્રણ દિવસીય ઉપવાસની મીટીંગમાં ભાગ લેનારા લોકો માટે તે એક મહાન આશીર્વાદ હતો. અંજલિને તેના અંગોમાં પીઠનો દુઃખાવો અને અસ્થિભંગ અને રોહિત રવિદાસને ટાઈફોઈડની બીમારીમાંથી પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. પ્રેમ બટ્ટાને દુષ્ટ આત્માનાં બંધનમાંથી સાજાપણું મળ્યું હતું. બાલબટ્ટા ગામમાં આરાધના સંગતમાં નવી ૧૪ વ્યક્તિઓ જોડાઈ હતી.

**પ્રાર્થના :** સુષ્મા દેવી અને લક્ષ્મી દેવીની સલામત પ્રસૂતિ માટે. શંકર રવિદાસ દારૂના વ્યસનનો ત્યાગ કરે અને તેની પત્ની સાથેના દુર્વ્યવહારનો પસ્તાવો કરે એ માટે. ઉજલા દેવીને બાળકરૂપી આશીર્વાદ પ્રાપ્ત થાય એ માટે. ડાયાબિટિશ અને હૃદયની સમસ્યાઓમાંથી આપણા મિશનરીના પિતાના સાજાપણા માટે. ૩ વર્ષીય બાળકના હૃદયના છિદ્ર અને મોતીલાલને અંડકોષના સોજાની બીમારીમાંથી અને અભિષેક અને સુરેન્દ્રને એનેમીયાની બીમારીમાંથી સાજાપણું મળે એ માટે.

### બરહરવા

### મલ્લા વિદ્યાસાગર અને દીપિકા રાની

**સ્તુતિ :** માલ સમુદાયના બે પરિવારોએ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કર્યો છે અને વિશ્વાસીઓના સમૂહમાં જોડાયા છે. જિકડીયા ગામના નવા ચર્ચમાં આયોજીત ૩-દિવસીય ઉપવાસ પ્રાર્થનામાં ૪૫ વ્યક્તિઓએ ભાગ લીધો હતો અને બોજ સહિત પ્રાર્થના કરી હતી. ઈશ્વરપિતાએ ઝેરી સર્પદંશથી માલતી અને મનીષાનું રક્ષણ કર્યું હતું. પાછલા મહિનામાં સેવાકાર્યમાં અવસાન, નિષ્ફળતા અને માંદગી મધ્યે ઈશ્વરપિતાએ તેમની સહાય અને કૃપા પૂરા પાડ્યા હતા.

**પ્રાર્થના :** ખ્રિસ્તી વિશ્વાસ સામે સતાવણી કરવામાં આવેલા ૧૭ ગામોમાં સેવાકાર્ય માટે દરવાજા ખુલે એ માટે. શાંતિદેવી અને પાર્વતીદેવીના દૈવીય આશ્વાસન માટે જેમણે અનુક્રમે તેમના પતિ અને પુત્ર ગુમાવ્યા હતા. મેયિન કુમાર અને ગિરીશન માલની જમીનના વિવાદને હલ કરવા માટે ઈશ્વરપિતાની સહાય મળે એ માટે. સજલરાનિના પતિના પસ્તાવા માટે કે જે તેની પત્નીને ખ્રિસ્તનો સ્વીકાર કરતા રોકે છે, તેઓ બંને ખ્રિસ્તના તારણ સાધક વિશ્વાસમાં આવે એ માટે. સિનેટને યકૃતની બીમારીમાંથી સાજાપણું મળે એ માટે. ગુટુરાઈ અને નયન કુમાર પસ્તાવો કરે એ માટે.

**15 OCTOBER**
**બુધવાર**

*ઉપવાસ સહિતની પ્રાર્થના*

*Happy Birthday*

શ્રી બાગી સતીશ

## નગર અન્ટ્રાઈ

### બિપીન બિહારી અને ઝરણા પરિશા

**સ્તુતિ :** અલકર અને થુલ્સિથામર ગામોમાં ચર્ચના નિર્માણ માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. તમામ વિશ્વાસીઓએ તેમાં આનંદથી ભાગ લીધો હતો. મગજના તાવથી પીડાતા એરિયન કસીને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. ઈશ્વરપિતા કોઈપણ અવરોધ વિના મહિલાઓની મીટીંગ, ચર્ચના વડીલોની મીટીંગ અને રાત્રિ મીટીંગો યોજવા અમને સક્ષમ બનાવ્યા હતા. ઈશ્વરપિતાએ અંજલિ કસીને બાળકનો આશીર્વાદ આપ્યો હતો.

**પ્રાર્થના :** કરિદા ગામના નવા વિશ્વાસીઓ તેમના વિશ્વાસમાં દ્રઢ રહે એ માટે. આપણા વિશ્વાસી વલ્લુ કાસીને દૈવીય સાજાપણું મળે એ માટે કે જે અકસ્માતને કારણે પાછલા બે વર્ષથી પારીવશ છે. ઈશ્વરપિતા તેમના સેવાકાર્યમાં આપણા નવા સ્વૈચ્છિક કાર્યકરો રીના દેવી અને જીવાન કાસીનો ઉપયોગ કરે માટે.

## પશ્ચિમ બંગાળ

## લશ્કર

### રંજન ખાસલા અને રિસ્મા રાની

**સ્તુતિ :** ડેન્ગ્યુના તાવથી પીડાતા એક બાળક અનિર્માઈ મુર્મુને સાજાપણું મળ્યું હતું. સરસ્વતી સોરેન અને ઓગસ્ટીન તુડુને બીમારીમાંથી સાજાપણું મળ્યું હતું. આપણા મિશનરીઓના ઘરમાં સાપ પ્રવેશ્યો ત્યારે ઈશ્વરપિતાએ તેઓનું રક્ષણ કર્યું હતું. આપણી મિશનરીની પુત્રી રાયસલરાનીને તાવમાંથી ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું હતું.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા આપણા સ્થાનિક સુવાર્તિક બિશ્વજીત મુર્મુનો ઉપયોગ કરે એ માટે, જેઓ આગામી દિવસોમાં પૂર્ણ સમયના સેવાકાર્ય માટે પ્રતિબદ્ધ છે. લશ્કર સેવા ક્ષેત્રમાં સેવાકાર્યના વિસ્તરણ માટેના પ્રયત્નો ફળો ઉપજાવે એ માટે. સંતોષ, મુર્મુ, રિમોલ કિસ્સુ અને જિતન સોરેનના પરિવારો ઈસુ ખ્રિસ્તના તારણસાધક વિશ્વાસમાં આવે એ માટે.

## 16 OCTOBER
ગુરુવાર

*Happy Birthday*

શ્રીમતી વિજયા રાની રુબેન રવિ
શ્રી ચૂઆઓ એસ.

### છત્તીષગઢ

### સીતાપુર

### મુથુ કુમાર અને નેત્રાવતી

**સ્તુતિ :** પ્રાર્થનામાં ૧૦ વર્ષ રાહ જોયા પછી, ઈશ્વરપિતાએ થેન્ટુબરા ચર્ચના આપણા વડીલ મુન્ના કોરજેટ્ટાને જોડિયા બાળકોનો આશીર્વાદ આપ્યો હતો. ઈશ્વરપિતાએ આપણા વિશ્વાસીના પુત્રના પેટના દુખાવામાંથી સાજાપણું આપ્યું હતું. મેનશીથ, ધીલીપ, બબ્લુ અને અમૃતના પરિવારો સ્વૈચ્છિક કાર્યકરો તરીકે સેવા આપવા આગળ આવ્યા છે. બજરબારી ચર્ચના સભ્ય અને સરકારી આગેવાને આપણા સેવાકાર્યમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા સુકમની, નિરમલા, અંજલિ, બાસમથી, તારા, અર્ચના, સુનિતા, બિમલા, રીટા, ઉરપસી, પુષ્પા અને પલ્સિતાને બાળકોનો આશીર્વાદ આપે એ માટે. સુરજન એક્કા, મહાવીર દુજીર, સુનિલ મનોજ, વલ્લ, સુકસાઈને દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે. ડેડુગા, સરબુ, પોકસારી, ઓડમકેલા, અસ્કારા અને જજાગા ચર્ચોમાં સમારકામનું કાર્ય હાથ ધરવામાં આવે એ માટે. જે વિશ્વાસીઓએ ચર્ચોના નિર્માણ માટે ઉદારતાથી તેમની જમીનો દાનમાં આપી છે, ઈશ્વરપિતા તેઓને આશીર્વાદ આપે એ માટે. આપણા વિશ્વાસીઓ શેતાનની દુષ્ટ યોજનાઓથી સુરક્ષિત રહે એ માટે.

### રઘુનાથપુર બોય્સ હોમ

### થંગ ચિન લિયાન અને વાંગ થિયન ચિંગ

**સ્તુતિ :** પાછલા મહિનામાં સેવાકાર્યમાં અને મુસાફરી દરમિયાન ઈશ્વરપિતાએ તેમની કૃપા દર્શાવી હતી. ચેન્નાઈ પ્રાર્થના જૂથના સભ્યોએ આપણા ઘરના બાળકો માટે વોટર ફિલ્ટર મશીન દાન કર્યું હતું. ઈશ્વરપિતાએ અમારી પ્રાર્થનાઓનો જવાબ આપ્યો અને હોમ માટે સારા રસોઈયા પૂરા પાડ્યા છે. બાળકોને વિવિધ બીમારીઓમાંથી ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું હતું.

**પ્રાર્થના :** હોમ માટે સમર્પિત વોર્ડનની જરૂરિયાત માટે. નવા સમાવિષ્ટ બાળકોને આપણા હોમની આત્મિક સંસ્કૃતિને અનુરૂપ બનાવવા માટે. કોલેજમાં જતા આપણા વિદ્યાર્થીઓ અવિનાશ અને પ્રવીણ ગુજર તેમના અભ્યાસમાં સફળતા પ્રાપ્ત કરે એ માટે. વધુ બાળકોને આપણા હોમમાં સમાવવા માટે ઘરના મકાનના વિસ્તરણ માટે યોગ્ય જમીન મળે એ માટે.

**17 OCTOBER**
**શુક્રવાર**

## ઓડિશા

### જગન્નાથપુર

### બાસુદેવ માલ્ટો અને બસંતી માલ્ટો, સુરેશ માલ્ટો

**સ્તુતિ :** આપણા વિશ્વાસીઓએ સુવાર્તા પ્રચાર સેવાકાર્યમાં ભાગ લીધો હતો. ઈશ્વરપિતાએ અમને ચર્ચના વડીલોની તાલીમ, આખી રાત્રિની ઉપવાસ પ્રાર્થનાઓ અને બે દિવસીય પ્રાર્થનાના કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કરવા સક્ષમ બનાવ્યા હતા. આપણા વિશ્વાસી બિંગુવા પૂર્ણ સમયના મિશનરી તરીકે જોડાયા છે. આપણા સ્થાનિક સુવાર્તિક મોતીલાલ તેમના ટુવ્હીલર સાથે ખાડામાં પડ્યા ત્યારે ઈશ્વરપિતાએ તેમનું ચમત્કારિક રક્ષણ કર્યું હતું. આપણા વિશ્વાસી કરમસિંગની વિચિત્ર બીમારી વિષે જ્યારે ડોક્ટરોએ આશા છોડી દીધી હતી ત્યારે વિશ્વાસીઓએ ખંતપૂર્વક પ્રાર્થના કરી હતી અને ઈશ્વરપિતાએ તેમને ચમત્કારિક સાજાપણું પૂરું પાડ્યું હતું.

**પ્રાર્થના :** આપણા વિશ્વાસીઓ વિજય થિઆ, સુકરામ બોબોંગા, ડેવિડ, સન્ની, કાનુ, લગુરી અને અન્ય ત્રણ વિશ્વાસીઓ પર કરવામાં આવેલા ખોટા કેસો અને નાશ પામનારાઓની દુષ્ટ યોજનાઓ ઈશ્વરપિતા બંધ કરે એ માટે. આપણા વિશ્વાસીઓ જ્યારે સંતાલ, વેહા, ગોપ, વોહર અને ઓડિયા લોકજૂથો મધ્યે નક્સલગ્રસ્ત જંગલ વિસ્તારોમાં સુવાર્તા પ્રગટ કરવા જાય છે ત્યારે ઈશ્વરપિતા તેઓનું રક્ષણ કરે એ માટે. છેલ્લા ૫ વર્ષથી લકવાથી પીડાતા સુકલાલ લાહોરી અને લકવાથી પીડાતા ગુરુવાઈ લાહોરીને ઈશ્વરપિતા દૈવીય સાજાપણું આપે એ માટે.

### ઘેનકનલ

### અશોક નાયક અને સુરભી બીરો

**સ્તુતિ :** કેટલાક નવા ગામોમાં સુવાર્તાનો ઉપદેશ આપવામાં આવ્યો હતો. થોડાક લોકોએ ખ્રિસ્ત ઈસુમાં તેમના વિશ્વાસની કબૂલાત કરી હતી. નવા ૬ પરિવારો સુવાર્તા સાંભળવામાં રસ બતાવે છે. ડોરીબરડાને અલસર અને સુંદુરે પુરથીને માનસિક બીમારીમાંથી ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું હતું.

**પ્રાર્થના :** વિવિધ ચર્ચોમાં હાજરી આપનારા વિશ્વાસીઓ તેમના જીવનોમાં ફળો ઉપજાવે એ માટે. ઈશ્વરપિતા તેમના રાજ્યના વિસ્તરણ માટે મિશનરીઓ, સ્થાનિક સુવાર્તિકો અને સ્વૈચ્છિક કાર્યકરોનો ઉપયોગ કરે એ માટે. ઈશ્વરપિતા મિશનરીઓને સારું આરોગ્ય આપે એ માટે.

# 18 OCTOBER
શનિવાર

*Happy Birthday*

શ્રીમતી સુમિતા દાસ મોહેન્દીઅર

શ્રી શ્રીધર મોપીડેની

**જશીપુર**

**પ્રત્યુશ નાયક અને મરિથાઈ લિયોના**

**સ્તુતિ :** કોંડગર ગામમાં નવા આરાધના જૂથ શરૂ થયા હતા અને પાસુગુટુ ગામમાં રવિવારની આરાધના સંગત કરવામાં આવે છે. પ્રાર્થના દ્વારા ઈશ્વરપિતાએ મીનાકી હંસદાને દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી. શ્રુતિ કુર્તીને તેની કાનની ગાંઠની બીમારીમાંથી સાજાપણું મળ્યું હતું. વિશ્વાસીઓની પ્રાર્થનાના જવાબમાં, ઈશ્વરપિતાએ મુસુલિબલ મુચુને સાજાપણું આપ્યં હતું, જેમણે પડવાને કારણે પગમાં સોજો આવ્યો હતો. એક જંગલી હાથીથી પુથુરામ પિંગુ અને ઝેરી સાપથી ઝામુના ગાર્વાનું ઈશ્વરપિતાએ રક્ષણ કર્યું હતું.

**પ્રાર્થના :** ઈન્દ્રજીતને યકૃતના ચેપથી, સરિમા અને નારસિંગ બોરટીને ટીબીમાંથી, બલદેવને લકવામાંથી અને નાબરસિરગાવને પગની ગાંઠની બીમારીમાંથી સાજાપણું મળે એ માટે. દુક્કુ બોર્ટાના પસ્તાવા માટે જે ઘરમાં ખૂબ જ ઝઘડો કરે છે અને પત્ની સાથે દુર્વ્યવહાર કરે છે. ઈશ્વરપિતા મજુકરાયના પરિવારને બાળકની ભેટ આપે એ માટે જે તેઓના લગ્નજીવનના ૧૦ વર્ષથી નિસંતાન છે. ૩ વર્ષીય અબરામના સાજાપણા મટે જે છેલ્લા ૬ મહિનાથી જોવા અને બોલવામાં અસમર્થ છે.

## ઈશ્વર માટે સઘળુ શક્ય છે

મધ્યપ્રદેશના કરસોગ ક્ષેત્રના નિબાણી ગામના વિશ્વાસી, મમતાએ તેના પરિવારમાં ઈશ્વરની ચમત્કારિક શક્તિની સાક્ષી આપી હતી. તેની બહેન એક મહિનાથી પેટમાં તીવ્ર દુખાવાથી પીડાઈ રહી હતી. જ્યારે સ્થાનિક હોસ્પિટલની સારવાર નિષ્ફળ ગઈ ત્યારે તેણીને મોટી હોસ્પિટલમાં લઈ જવામાં આવી જ્યાં ડોક્ટરોએ નિદાન કર્યું કે તેણીના ગર્ભાશયમાં લોહી ગંઠાઈ ગયું હતું. તેઓએ તેને દૂર કરવા તાત્કાલિક ઓપરેશન કરવાની સલાહ આપી. ડરવાને બદલે મમતાએ વિશ્વાસી પાસે પ્રાર્થના કરાવવાની વિનંતી કરી અને અને તેઓએ નિષ્ઠાપૂર્વક પ્રાર્થના કરી. જ્યારે તેણી પાછળથી હોસ્પિટલમાં જઈને રિપોર્ટ કરાવ્યો ત્યારે ડોક્ટરો આશ્ચર્યચકિત થઈ ગયા અને તેમણે કહ્યું લોહીની ગાંઠ સંપર્ણપણે અદ્રશ્ય થઈ ગઈ હતી. ઓપરેશન વિના ઈશ્વરપિતાએ સંપૂર્ણ સાજાપણું આપ્યું હતું. આજે, મમતાનું કુટુંબ ઈશ્વરનો મહિમા કરે છે.

**19 OCTOBER**
**રવિવાર**

## ગુજરાત

### ઝાલોદ

### કુમાર પૉલ અને અમુખા એમ.

**સ્તુતિ :** વડીલોની તમામ બેઠકો, રાષ્ટ્ર માટે ઉપવાસ પ્રાર્થના અને અન્ય પ્રવૃત્તિઓનું કોઈપણ અવરોધ વિના આયોજન કરવામાં આવ્યું હતું. ડેન્ગ્યુના તાવથી મુવાલા ગામના પ્રદીપભાઈ અને અરુણાના પરિવારને સાજાપણું મળ્યું હતું. મનીષ ભાઈ માટે વિશેષ પ્રાર્થના કરાવવામાં આવી હતી અને તે પછી તેમને દુષ્ટ આત્માના બંધનમાંથી મુક્તિ મળી હતી જે તેમના પરિવારની શાંતિમાં ખલેલ પહોંચાડતો હતો.

**પ્રાર્થના :** ભોજાલા ગામના મંજુલાબેન અને વાકેલા ગામના આશા બેનને કેન્સરની બીમારીમાંથી ચમત્કારિક સાજાપણું મળે એ માટે. ઈશ્વરપિતા પૂનાભાઈ, કલ્પેશભાઈ અને ચિકમલભાઈને લકવાની બીમારીમાંથી સાજાપણું આપે એ માટે. ઈશ્વરપિતા બલવા ગામના નવા વિશ્વાસી દેવજીભાઈ અને તેમની પત્ની સાજીબેનને દુષ્ટ આત્માના બંધનમાંથી સાજાપણું આપે એ માટે. આવો આપણે લકનપુર ગામના ચર્ચનું બાંધકામ કાર્ય જલ્દીથી શરૂ કરવા વિશ્વાસીઓ સાથે મળીને પ્રાર્થના કરીએ.

### નિઝર / સેલમ્બા

### યુવનેશ ટી. અને ઝાંસી રાની

**સ્તુતિ :** રાત્રિની મીટીંગો, ઉપવાસની મીટીંગ, ચર્ચના વડીલોની તાલીમ અને મહિલાઓની મીટીંગ સરળતાથી આયોજીત થઈ શકી હતી. ઈશ્વરપિતાએ તેમની દયામાં આપણા વિશ્વાસીઓને સારું સ્વાસ્થ્ય અને પૂરતો વરસાદ પૂરા પાડ્યા હતા. નેનીનાલ અને જામ્નીના મંડળોમાં જેઓ વિશ્વાસમાં નબળા પડ્યા હતા તેઓ વિશ્વાસીઓની ખંતપૂર્વકની પ્રાર્થનાઓ દ્વારા વિશ્વાસમાં પાછા ફર્યા હતા.

**પ્રાર્થના :** જેઓ તેમના વિશ્વાસની જાહેર કબૂલાત માટે તૈયાર છે તેઓ તેમની આત્મિક પરિપક્વતામાં વૃદ્ધિ પામે એ માટે. છેલ્લા ૬ મહિનાથી પથારીવશ રેશમા બાઈને સાજાપણું મળે એ માટે. કામ માટે જેઓ વિશ્વાસીઓએ અન્ય રાજ્યોમાં સ્થળાંતર કર્યું છે તેઓ ઈશ્વરની બીકમાં સાક્ષીરૂપ જીવન જીવે એ માટે. ઈશ્વરપિતા લક્ષ્મીકેડા ગામના દરવાજા ખોલે એ માટે, આરાધના સેવાઓ ચલાવવા માટે કે જે વિરોધને કારણે બંધ થઈ હતી. આગામી આયોજીત તમામ સેવાકાર્યો કોઈપણ અવરોધ વિના સફળતાપૂર્વક યોજી શકાય એ માટે.

## 20 OCTOBER
**સોમવાર**

### *Happy Birthday*
શ્રીમતી માર્થા સોરેન

શ્રીમતી વિજિતા કિરુબકરન

### સુરત
### માધવરોય (નિવૃત્ત) અને જેબાથાંગમ

**સ્તુતિ :** જ્યારે રાજકુમારી તાવથી પીડીત હતી છતાં પણ તેણી પ્રભુના ઘરની સફાઈ કરવા મહિલાઓ સાથે જોડાઈ, ત્યારે ઈશ્વરપિતાએ તેણીને સાજાપણું આપ્યું હતું. ધંધામાં મંદી હોવા છતાં, ઈશ્વરપિતાએ રાધાબેનના બંને પુત્રોને સારી આવક કરવામાં સહાય કરી હતી. રાષ્ટ્ર માટે પ્રાર્થના મીટીંગ ૩ સ્થળોએ હાથ ધરવામાં આવી હતી. જમુના નગર ખાતેનું ચર્ચ પ્રભુના મહિમા માટે સમર્પિત કરવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** સુજીતભાઈને તેમના દારૂના વ્યસનમાંથી મુક્તિ મળે એ માટે. હેમુબેન કે જેઓ હેમુબેન તેમના ખ્રિસ્તી વિશ્વાસીને કારણે તેમના પડોશીઓથી સતાવણી સહન કરી રહી છે ત્યારે ઈશ્વરપિતા તેમના પર સતાવણી કરનારાઓના હૃદયને સ્પર્શે એ માટે. ઈશ્વરપિતા કુશલભાઈના પરિવારને દિલાસો આપે એ માટે, જેમણે તાજેતરમાં તેમના ૧૫ વર્ષના પુત્રને ગુમાવ્યો હતો.

### આહવા
### વિગ્નેશ્વરન એન. અને એન્જલિન એમ.

**સ્તુતિ :** ૭ સ્થળોએ યુવાનો માટે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ૩૨ ગામોમાં ફોલોઅપ સેવાકાર્ય કરવામાં આવ્યું હતું. ૭ સ્થળોએ સ્થાનિક સુવાર્તિકો માટેની મીટીંગ આશીર્વાદિત રહી હતી. ઈશ્વરપિતાએ પ્રેમિલા અને જિયારામના પરિવારને લગ્નના ૧૨ વર્ષ પછી બાળકનો આશીર્વાદ આપ્યો હતો. જ્યારે ઝેરી સાપનો સામનો કરવો પડ્યો હતો ત્યારે ઈશ્વરપિતાએ એનીબેનનું રક્ષણ કર્યું હતું. જ્યારે કમલેશભાઈ આકસ્મિક રીતે ટુવ્હીલર સાથે મોટી ખાઈમાં પડ્યા ત્યારે ઈશ્વરપિતાની કૃપાથી તેમનો સામાન્ય ઈજાઓ સાથે બચાવ થયો હતો.

**પ્રાર્થના :** ઈશ્વરપિતાની કૃપાથી પ્રીતીબેનને સાજાપણું મળ્યું હતું કે જે પડવાને કારણે ચાલવામાં અસમર્થ હતી અને તેના નર્સિંગનો કોર્સ ચાલુ રાખવા માટે અસમર્થ હતી. કાલુબેનને દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી. સોની અને વિનેશ તેમના માતાપિતાને આજ્ઞાકારી જીવન જીવે એ માટે. મોસમી નોકરી માટે રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં સ્થળાંતર કરનારા આપણા વિશ્વાસીઓ વિશ્વાસમાં દ્રઢ રહે એ માટે. કેન્સરના ચોથા તબક્કાથી પીડીત કંદીલાલને ચમત્કારિક સાજાપણું મળે એ માટે.

**21 OCTOBER**
**મંગળવાર**

## બોડેલી/ડભોઈ

### યેસુ બાબુ અને ઉષા એસ.

**સ્તુતિ :** ઈશ્વરપિતાની કૃપાથી ૩ ગામોમાં રાત્રી મીટીંગો અને બોપ્પડિયા ગામમાં મહિલાઓની મીટીંગ કરવા અમે સક્ષમ થયા હતા. ૨ ક્ષેત્રોના સ્થાનિક સુવાર્તિકો માટે એક તાલીમ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. મિશનરીઓ અને સ્થાનિક સુવાર્તિકો એક સાથે જોડાયા અને ૩ દિવસીય રાષ્ટ્રીય ઉપવાસની પ્રાર્થના મીટીંગમાં રાષ્ટ્ર માટે પ્રાર્થના કરી હતી. જ્યારે ધવવી ગામની માનસિક અસ્થિર મહિલા અહીં ત્યાં ભટકતી હતી ત્યારે વિશ્વાસીઓએ સાથે મળીને તેને માટે પ્રાર્થના કરી ત્યારે ઈશ્વરપિતાએ તેણીને સાજાપણું આપ્યું હતું. હાલમાં તે ચર્ચની આરાધના સંગતમાં પણ ભાગ લઈ રહી છે.

**પ્રાર્થના :** આપણા વિશ્વાસીઓનું ઈશ્વરપિતા રક્ષણ કરે એ માટે કેમ કે તેમાંના મોટાભાગના ખેતીકામ કરે છે અને તેઓને ઝેરી સાપનો સામનો કરવો પડે છે. ઈશ્વરપિતા તેમના ખેતરોને સારી લણણીનો આશીર્વાદ આપે એ માટે. ચર્ચના વડીલ હરીશને સિકલ સેલની બીમારીમાંથી સાજાપણું મળે એ માટે. કાળા જાદુની અસરમાંથી સરદાર ભાઈને મુક્તિ મળે એ માટે.

## ક્વાંટ

### અખિલેશ કુમાર અને કિરણ દેવી

**સ્તુતિ :** ઉલવા ગામમાં મહિલાઓની મીટીંગમાં ૧૦૦ મહિલાઓએ ભાગ લીધો હતો અને મગુદાબરી ગામમાં આોજીત સ્થાનિક સુવાર્તિકની મીટીમાં ૩૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો અને તેનો ફાયદો મેળવ્યો હતો. લગભગ ૨૦ યુવાનોએ ઈસુ ખ્રિસ્તને પોતાનું જીવન સોંપ્યું હતું અને જામનીયા ગામમાં યોજયેલી યુવાનોની મીટીંગમાં તેમનો અંગત તારનાર તરીકે સ્વીકાર કર્યો હતો. ઘણા લોકોએ ખ્રિસ્ત માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. સાકરભાઈ, ગોવિંદ, દમાદિયા, સુરેશ સુમોબેન, નિવાબેન અને કનાજીબેનનું ઝેરી સર્પદંશથી ઈશ્વરપિતાએ રક્ષણ કર્યું હતું.

**પ્રાર્થના :** યુલુવા ગામમાં પ્રારંભિક સાક્ષરતા કેન્દ્રની સ્થાપના કરનારા ઘણા લોકોના જીવનોને પ્રકાશિત કરે એ માટે. વિશ્વાસીઓ આ કેન્દ્રના નિર્માણમાં આતુરતાથી ભાગ લે એ માટે. ઈશ્વરપિતા શિકલીબેનને લગ્નના ઘણા વર્ષો પછી બાળકનો આશીર્વાદ આપે એ માટે. એક મહિનાથી ટાઈફોઈડથી પીડીત કવિતાબેનના સાજાપણા માટે. બે બાળકો અયૂબ અને યાકૂબના સાજાપણા માટે જેઓ વારંવાર બીમાર પડે છે.

**22 OCTOBER**
**બુધવાર**

*ઉપવાસ સહિતની પ્રાર્થના*

*Happy Birthday*

શ્રીમતી જેબરાની અઝાર્યા રાજકુમાર
શ્રીમતી મરિથાઈ લિયોના પ્રત્યુશ

## ઉમરગામ

### અસીર મોઝેસ અને અમ્રીતા ગોલ્ડા

**સ્તુતિ :** ઈશ્વરપિતાએ ક્ષેત્રમાં વિપુલ વરસાદનો આશીર્વાદ આપ્યો હતો. હાસ્નાબેનના બાળકના જન્મદિનની ઉજવણીમાં ભાગ લેનારાઓએ સુવાર્તા પણ સાંભળી હતી. ૪ દિવસથી લોહીની ઉલ્ટીથી પીડાતા નયનાબેનને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું. માંડે ગામના વિશ્વાસી દિવ્યાબેનને સાપ કરડ્યો હતો ત્યારે વિશ્વાસીઓએ તેમના માટે પ્રાર્થના કરતા ઈશ્વરપિતાએ તેણીને સાજાપણું આપ્યું હતું.

**પ્રાર્થના :** કંદવાઈ ગામના આખા શરીરમાં સોજાથી પીડાતા વિશ્વાસી રમેશને સાજાપણું મળે એ માટે. નવા વિશ્વાસીઓ મુક્તિબેન અને સુમિત્રાબેન હાલમાં વાપિ મંડળની આરાધના સંગતમાં ભાગ લે છે તેઓ હિંમતપૂર્વક જાહેરમાં તેમનો વિશ્વાસ કબૂલ કરે એ માટે. આગામી ચર્ચના વડીલોની મીટીંગ ઘણા લોકો માટે આશીર્વાદરૂપ બને એ માટે.

## વસાવા અનુવાદ કાર્ય

### દેબોરાહ વિજયા રાની

**સ્તુતિ :** ૧ કાળવૃત્તાંતના ૧૦ થી ૨૩ પ્રકરણોનું ભાષાંતર કરવામાં આવ્યું છે. ૨ રાજાઓના અનુવાદિત પુસ્તકનું પ્રુફ ચકાસવામાં આવ્યું છે. મિશનરીને સથપુરા અને અરવલી સેવા ક્ષેત્રોના સ્થાનિક સુવાર્તિકોને તાલીમ આપવા માટે સક્ષમ કરવામાં આવ્યા છે. પ્રાર્થનાને કારણે આપણા વિશ્વાસી રોઝલીનને કિડનીની બીમારીમાંથી સાજાપણું મળ્યું હતું. પાછલા ૧ મહિનાથી પેટની બીમારીથી પીડાતા આપણા મિશનરીને સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** ૨ કાળવૃતાંતના અનુવાદ કાર્યને સફળ બનાવવા માટે. દેવગિભાઈને ૧ અને ૨ શમુએલનાં પુસ્તકોના અનુવાદના કાર્ય માટે ઈશ્વરપિતા સ્વર્ગીય ડહાપણ આપે એ માટે. વસાવા ચર્ચની આત્મિક જાગૃતિ માટે. કમ્બોડિયા ગામના ચર્ચને ઘેરી લેતી સમસ્યાઓનો ઉકેલ આવે એ માટે. વસાવી ક્ષેત્રોમાં કાર્યરત છાત્રાલયોમાં સમર્પિત વોર્ડન અને રસોઈયાની જરૂરિયાત માટે પ્રાર્થના કરશો.

# 23 OCTOBER
**ગુરુવાર**

### *Happy Birthday*
શ્રીમતી જયંતિ ગ્રેસ જેબાકુમાર

### કીલિપાની/ધરમપુર/ખેરગામ

### કુમારન જી. અને જેલિન જયા

**સ્તુતિ :** આ ક્ષેત્રમાં કેટલાક લોકોએ પ્રભુનો સ્વીકાર કર્યો હતો. ૨ સ્થળોએ આયોજીત મહિલા મીટીંગમાં ભાગ લેનાર મહિલાઓએ આશીર્વાદ પ્રાપ્ત કર્યો હતો. સુમિત્રાને લગ્નના સાત વર્ષ પછી બાળકનો આશીર્વાદ મળ્યો હતો. થોડાક ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા લક્ષ્મણભાઈને કીડનીની બીમારીમાંથી અને શરીરના સોજામાંથી તથા રામજીને અત્યંત એનિમિક સ્થિતિમાંથી સાજાપણું આપે એ માટે. સોવરા, પાંડાવગોવાડા અને કુંધિયા ગામોમાં રવિવારની આરાધના સંગતમાં વિશ્વાસીઓ ભાગ લે એ માટે. વીકીનભાઈને પગના સોજામાંથી સાજાપણું મળે એ માટે. આગામી મહિલા અને ચર્ચના વડીલોની મીટીંગો ફળદાયી બને એ માટે.

### દાદરા નગર હવેલી

### સિલ્વાસા

### ડેવિડસન રાજાસિંહ અને કનમનિ પરિમલમ

**સ્તુતિ :** આપણા હોમના બાળકોને ઈશ્વરપિતાએ મોસમી બીમારીઓથી બચાવ્યા હતા અને તેમનું રક્ષણ કર્યું હતું. પંચાયતના સભ્ય લકીભાઈએ સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો અને બાળકોને પ્રોત્સાહન આપ્યું હતું. આપણા હોમના બાળકો માટે ૩ દિવસીય રમતગમતની ઈવેન્ટ યોજવામાં આવી હતી. પ્રભુએ આપણા હોમની તમામ આવશ્યકતાઓ એક ઉત્કૃષ્ટ રીતે પ્રદાન કરી હતી.

**પ્રાર્થના :** આપણા હોમના બાળકો આનંદ, આદિત્ય, આયુષબોયા, આયુષ, અલેશ અને વિરોનને વિવિધ બીમારીઓમાંથી સાજાપણું મળે એ માટે. જે બાળકો અભ્યાસમાં નબળા છે અને સંઘર્ષ કરે છે તેઓને ઈશ્વરપિતા સ્વર્ગીય ડહાપણ પ્રદાન કરે એ માટે. અભ્યાસમાં નબળા બાળકો માટે બુદ્ધિ અને યાદશક્તિ માટે પ્રાર્થના કરો.

### ભગત ઈસુના ભક્ત બને છે

મહારાષ્ટ્રના વાન્નીયાપાડા ગામના બિક્કીયા ૧૮ વર્ષની ઉંમરે દારૂ અને ખરાબ ટેવના ગુલામ બની ગયા હતા. મુક્તિની શોધમાં તે ૧૪ વર્ષ સુધી વિવિધ આશ્રમમાં રહ્યા, સાધુ પણ બન્યા, પણ કોઈ ફેરફાર કે શાંતિ મળી નહિ. ઘરે પાછા ફરતાં તેમણે પોતાને ગુરુ જાહેર કર્યા. આ સમય દરમિયાન, તેની પત્ની દુષ્ટ આત્માનાં બંધનને કારણે બીમાર પડી. જ્યારે કોઈ સંબંધીના ઘરે પ્રાર્થનાઓ દ્વારા તેણીને સાજાપણું મળે છે ત્યારે બિક્કીયા પણ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે છે. તેમને ચર્ચમાં આનંદ અને શાંતિ પ્રાપ્ત થયા જે તેમને આશ્રમમાં ક્યારેય મળ્યા ન હતા. હવે, તેમનું ઘર આરાધના સ્થળ બની ગયું હતું, અને ભૂતપૂર્વ ભગત એક ઉત્સાહી વિશ્વાસી તરીકે જીવે છે. ઈશ્વરને મહિમા થાઓ.

# 24 OCTOBER
**શુક્રવાર**

*Happy Birthday*

શ્રીમતી બેઉલાહ જેબાકુમારી બાર્નાબાસ
શ્રીમતી છીતા મની કિસકુ

## મહારાષ્ટ્ર

### પેઈન્ટ

### એલેક્સ પ્રભુ અને પ્રિયા હેથઝી

**સ્તુતિ :** કૃષ્ણ જે પોતાના ઘર માટે પ્રાર્થના કરી રહ્યો હતો તેને પોતાનું મકાન બનાવવા સરકારે પ્લોટની મંજૂરી આપી હતી. જ્યારે વિશ્વાસીઓએ રાધેભાઈ માટે પ્રાર્થના કરી ત્યારે તેમને માથાના દુખાવા અને નાકમાંથી થતા રક્તપાતમાંથી ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું હતું. વિશ્વાસીઓએ ચાર સ્થળોએ ત્રણ દિવસીય ઉપવાસ પ્રાર્થનામાં ભાગ લીધો હતો અને ઈશ્વરમાં તેમના વિશ્વાસ માટે સતાવણી કરનારાઓ માટે પ્રાર્થના કરી હતી.

**પ્રાર્થના :** સ્વાર્ના અને પરબાડા ગામોમાં નવા આરાધના જૂથો કોઈપણ સમસ્યા વિના કાર્યરત રહે એ માટે. ઈશ્વરપિતા પ્રસિથ નામના ત્રણ વર્ષના છોકરાના પગને મજબૂત બનાવે અને તેને ચાલવા માટે સક્ષમ બનાવે એ માટે. ઈશ્વરપિતા સંજના, કલ્પના અને મીરાને દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્ત કરે એ માટે. પેઈન્ટ ચિલ્ડ્રન હોમ માટે સરકાર મંજૂરી આપે એ માટે. હોમના બાળકો આત્મિક વૃદ્ધિ પામે એ માટે. સુવાર્તાનો વિરોધ બંધ થાય એ માટે.

### ઘડગાંવ :

### એબેનેઝર સેમ્યુઅલ અને જોશના જયારાની

**સ્તુતિ :** સાપ્રી ક્ષેત્રમાં નવા આરાધના જૂથ શરૂ કરવામાં આવ્યા હતા. આપણા ઘણા વિશ્વાસીઓએ પ્રાર્થનાના સામર્થ્ય દ્વારા બીમારીઓ અને શેતાની બંધનમાંથી મુક્તિ મેળવી હતી. ખેતરમાં કામ કરતી ગીતાને ઝેરી સાપ કરડ્યો હતો ત્યારે તેણીને ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું હતું. વિશ્વાસમાં નબળા પડેલા ત્રણ વ્યક્તિઓએ પસ્તાવો કર્યો હતો અને ચર્ચમાં ફરીથી જોડાયા હતા. કાર્કોન, ડુદાલ, સેલબારા અને જિગુલી પ્રદેશોમાં ઘણા નવા વિશ્વાસીઓ આરાધના સેવાઓમાં જોડાયા હતા.

**પ્રાર્થના :** ઉમતી ગામના પ્રાગ્નિયાભાઈને પેટના સોજામાંથી સાજાપણું મળે એ માટે. આપણા વિશ્વાસીના નવા જન્મેલા બાળકના માથાના સોજાને ઈશ્વરપિતા સ્પર્શ કરે અને સાજાપણું આપે એ માટે. કેધા, કુવાર્કેટ, સિલબારા અને સિસ્કેડીના વિશ્વાસીઓ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારે એ માટે. આશનાને દ્રષ્ટિની ખામીમાંથી ચમત્કારિક સાજાપણું મળે એ માટે. જીગુની, કેધા અને થેલકેડી ગામોમાં આપણા વિશ્વાસીઓનો થતો વિરોધ બંધ થાય એ માટે.

# 25 OCTOBER
**શનિવાર**

## *Happy Birthday*
શ્રીમતી પ્રેમા રાજદુરાઈ

### તલોદા

### ભરાનિધનર એસ. અને સેલ્વરાની વી.

**સ્તુતિ :** સદાથ થેજીલા વાલવીએ ૩ દિવસીય ઉપવાસ પ્રાર્થનામાં ભાગ લીધા પછી કિડનીની બીમારીમાંથી સાજાપણું મળ્યું હતું. ૧૬ વર્ષીય મનીષાએ ૩ દિવસીય ઉપવાસ પ્રાર્થના મીટીંગમાં ભાગ લીધા પછી દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી. ગણેશે પ્રાર્થનામાં ભાગ લીધા પછી તેને સાજાપણું મળ્યું હતું. કેવડી ગામમાં આરાધના સેવા દરમિયાન સામનો કરવામાં આવતા તમામ અવરોધો દૂર થાય એ માટે.

**પ્રાર્થના** વાઈથી પીડાતા દામીની વાસવેને સાજાપણું મળે એ માટે. સાઈકીબાને દુષ્ટ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળે એ માટે. ઈશ્વરપિતા લગ્ન જીવનના ઘણા વર્ષો સુધી રાહ જોયા બાદ દુર્ગા અને સેવંતીને બાળકોનો આશીર્વાદ આપે એ માટે. આપણી આરાધના સંગતમાં ભાગ લેવા નવા સંપર્ક જીંગીતાને હતાશામાંથી મુક્તિ મળે એ માટે. સદાથ દેજીલાને કિડનીની બીમારીમાંથી સાજાપણું મળે એ માટે.

### ઘોટ

### વિક્ટર પોલરાજ અને શીલા

**સ્તુતિ :** વિશપુર ગામમાં થોડાક નવા વિશ્વાસીઓ ખ્રિસ્તના વાડામાં ઉમેરાયા હતા અને નવા આરાધના જૂથની શરૂઆત કરવામાં આવી હતી. સિથેકનોર ચર્ચનું બાંધકામ ૬ મહિના પછી ફરીથી શરૂ થયું હતું. જ્યારે આપણા વિશ્વાસીઓએ ઓછા વરસાદ માટે પ્રાર્થના કરી ત્યારે ઈશ્વરપિતાએ પ્રાર્થના સાંભળીને સારા વરસાદનો આશીર્વાદ આપ્યો હતો. જ્યારે આપણા વિશ્વાસીના ભાઈ અશોક માધવીને અકસ્માત થયો ત્યારે આપણા વિશ્વાસીઓએ તેના માટે પ્રાર્થના કરી ત્યારે ઈશ્વરપિતાએ તેને સાજાપણું આપ્યું હતુ અને હવે તે ચાલવામાં સક્ષમ છે.

**પ્રાર્થના :** પેટમાં સતત દુખાવાથી પીડાતા નેનેશને સાજાપણું મળે એ માટે. લોહીના ગંઠાઈ જવાને કારણે એક હાથમાં ગતિશીલતા ગુમાવી દીધેલા નંદ નરોટીના સાજાપણા માટે. મકેશ ઉસંદિ અને મારર્કે હજેરાને તેઓને રાત્રે ઉંઘમાં આવતા દુસ્વપ્નોમાંથી મુક્તિ મળે એ માટે. સુનિતા જેજારે અને જમુનાબાઈને હતાશામાંથી સાજાપણું મળે એ માટે. જેઓએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો છે તેઓ તેમના વિશ્વાસમાં દ્રઢ રહે અને વૃદ્ધિ પામે એ માટે.

## 26 OCTOBER
રવિવાર

### મોલ્ગી

### રુબેન તુડુ અને રૂકમની હેમ્બ્રોમ

**સ્તુતિ :** મક્કરગુંડ ગામના સિંગાભાઈ માટે જ્યારે આપણા સ્થાનિક સુવાર્તિકે પ્રાર્થના કરી ત્યારે તેમને સાજાપણું મળ્યું હતું જે ત્રણ મહિનાથી ઉભા થઈ શકતા ન હતા અને ચાલી શકતા ન હતા. પ્રાર્થના દ્વારા લીલાને ગર્ભાશયના સોજામાંથી સાજાપણું મળ્યું હતું. વિશ્વાસમાં નબળા પડેલા સિંગાભાઈ માટે વિશ્વાસીઓ પ્રાર્થના કરતા તે ફરી વિશ્વાસમાં આવ્યો હતો અને રવિવારની આરાધના સંગતમાં ભાગ લેવાનું શરૂ કર્યું હતું.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા ગીથભાઈને સિકલ સેલ એનિમિયા, રોમિલાને પેશાબની સમસ્યામાંથી અને લીલાને આંખની સમસ્યામાંથી સાજાપણું આપે એ માટે. ઈશ્વરપિતા ઉર્મિલા, ઉડિયા અને ગૌરીને બાળકોનો આશીર્વાદ આપે એ માટે. ઈશ્વરપિતા નાનકડા દીકરા યાદવને અંગૂઠાના ચેપમાંથી સાજાપણું આપે એ માટે.

### કર્ણાટક, મુંડગોડ

### કોનકા ગિરી બાબુ અને લોર્ડુ મેરી

**સ્તુતિ :** આપણા વિશ્વાસી દરપ્પાનું સાપના કરડવાથી ઈશ્વરપિતાએ રક્ષણ કર્યું હતું. કેટલાક નવા ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ઈન્દીરા નગરમાં આયોજીત બાઈબલ અભ્યાસમાં ઘણા લોકોએ ભાગ લીધો હતો. સપનાને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી. દારૂના વ્યસની હનુમાનપ્પાએ સમજાવટ અને પ્રાર્થના દ્વારા તેની કુટેવ છોડી દીધી હતી. વૃદ્ધ મહિલા મકાકીગરીના હાથને પડવાને કારણે ફ્રેક્ચર થયું હતું તેમને ઈશ્વરપિતાની કૃપાથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** જેઓ નિયમિત આરાધના સંગતમાં આવે છે તેઓ ખ્રિસ્ત ઈસુના તારણસાધક વિશ્વાસમાં આવે એ માટે. ચર્ચના વડીલો આત્માઓ જીતવાના કાર્યમાં સક્રિયપણે જોડાય એ માટે. આગામી મહિલાઓની મીટીંગને આત્મિક આશીર્વાદ મળે એ માટે. ચોમાસાની ઋતુમાં ઈશ્વરપિતા વિશ્વાસીઓને રોગો અને ચેપથી સુરક્ષિત રાખે એ માટે.

### મલુર

### કિશાંત લિમ્મા અને પ્રમિલા સિંહ

**સ્તુતિ :** યમાલમ્માને અશુદ્ધ આત્માનાં બંધનમાંથી મુક્તિ મળી હતી. ઈશ્વરપિતા આપણા મિશનરી સેમ્યુઅલના લગ્ન સમારોહને આશીર્વાદ આપે એ માટે, જે ૨૬ નવેમ્બરના રોજ લગ્ન કરી રહ્યા છે. પાછલા મહિનામાં આયોજીત તમામ સેવાકાર્યો ઈશ્વરપિતાની કૃપાથી સારી રીતે આયોજીત થઈ શક્યા હતા.

**પ્રાર્થના :** જેમણે સુવાર્તા સાંભળી છે તેઓ પ્રભુ ઈસુને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારે એ માટે. જેઓ વિશ્વાસમાં નબળા પડ્યા છે તેઓ પસ્તાવો કરે એ માટે. જે લોકો દેવાના બોજ તળે છે તેઓને ઈશ્વપિતાની જોગવાઈઓ દેવું ઉતારવામાં મદદ કરે એ માટે. પડોશીઓ દ્વારા કરવામાં આવતા વિરોધ પર તેઓ હિંમત અને વિશ્વાસથી કાબુ મેળવે એ માટે. ચર્ચનું બાંધકામ ટૂંક સમયમાં શરૂ થાય અને ઈશ્વરપિતા તમામ જરૂરિયાતો પૂરી પાડે એ માટે.

**27 OCTOBER**
**સોમવાર**

## નિદાગુંડી

### માંજ્યા નાયક અને લામાની રત્ના

**સ્તુતિ :** ૨ વર્ષથી દુષ્ટ આત્માના ત્રાસથી પીડાતા શાંથનાને તેમાંથી મુક્તિ મળી હતી. ૬ મહિનાથી પગની બીમારીથી પીડાતી મીનાક્ષી અને સતત ઉધરસથી પીડાતા હેશાનને સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** સુશીલાને કેન્સરની, એલ્ક્શને લીવરની અને ૬ મહિનાથી વાઈની બીમારીથી પીડાતા ૯ મા ધોરણના વિદ્યાર્થી સમર્થને સાજાપણું મળે એ માટે. મંગદેશ દારૂના વ્યસન અને દેવામાંથી મુક્ત થાય એ માટે. તેમના આત્માના તારણ માટે પ્રાર્થના કરો.

## શિગગાંવ

### નરેન્દ્ર કુમાર અને કાજલ

**સ્તુતિ :** થોડાક ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. પાર્વતીના કાનમાં સતત અવાજ આવતો હોવાથી સૂવામાં અસમર્થ હતી, પ્રાર્થના દ્વારા તેણીને સાજાપણું મળ્યું હતું. અર્પિતાને તેની પેટની ગાંઠમાંથી સાજાપણું મળ્યું હતું. શોભાએ ગર્ભાશયની બીમારી માટે કરાવેલ ઓપરેશન ચાર વખત અસફળ રહ્યું હતું, તેણે ચર્ચમાં આવીને પ્રાર્થના કરાવ્યા બાદ તેનું ઓપરેશન સફળ રહ્યું હતું. આત્મિક જાગૃતિની મીટીંગમાં ભાગ લેનારા ઘણાને તેમની વિવિધ બીમારીઓમાંથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા સુમા, પુષ્પા, કવિતા, પવિત્રા અને લક્ષ્મીને બાળકનો આશીર્વાદ આપે એ માટે. ઈશ્વરપિતા વિનાયક, સોની, સુવર્ણા, મહેશ, પુષ્પા, પલ્લવી, ગણેશ અને અક્ષયનો આત્મિક અવરોધ દૂર કરે અને સેવાકાર્યમાં તેમનો ઉપયોગ કરે એ માટે કેમ કે તેઓએ સેવાકાર્ય કરવા માટે પ્રતિબદ્ધ થયા છે. વિશ્વાસમાં નબળા પડેલા બસવરાજ, આનંદ, સુરેશ, રૂપા, રેણુકા, અનુષા, પવિત્રા, સુજાતા, લક્ષ્મી અને તારા પસ્તાવો કરે અને પ્રભુ પાસે પાછા આવે એ માટે. વિશ્વાસીઓનો વિરોધ કરનારાઓને પ્રભુના પ્રેમનો સ્પર્શ થાય એ માટે.

## 28 OCTOBER
**મંગળવાર**

### શિરાહટ્ટી

**આશાપ્રાપ્તા અને દીના કુમારી**

હર્નીયાથી પીડીત આનંદની શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી અને ઈશ્વરના સાજાપણાના સ્પર્શથી સાજાપણું મળ્યું હતું. ઘણા દિવસોથી શારીરિક અને ભાવનાત્મક રીતે પીડાતી પૂજાએ મુક્તિ માટે પ્રાર્થના કરી ત્યારે તેને સાજાપણું આપવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** પ્રેમાના પતિ ગયા મહિને ઘરેથી ઝઘડો કરીને નીકળી ગયા હતા, તે પસ્તાવો કરે અને સલામત રીતે પાછા ફરે એ માટે. ગિરિજા માટે, જે શેતાની બંધન હેઠળ છે તેને ઈશ્વરપિતા મુક્તિ આપે એ માટે.

### આંધ્ર પ્રદેશ

### ધમાલાચેરુવુ

**જહોન ડેવિડ રાજ (નિવૃત્ત) અને જ્ઞાના સેકરી**

**સ્તુતિ :** જ્યારે વીરસામી ડાયાલિસિસમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અતિશય રક્તસ્રાવનો સામનો કરવો પડ્યો હતો અને ચેતના ગુમાવી હતી, ત્યારે તેમની પત્નીએ સાજાપણા માટે વિશ્વાસપૂર્વક પ્રાર્થના કરી હતી. થોડા સમય પછી, તેમણે પોતાની ચેતના પુનઃ મેળવી હતી. જ્યારે સુબ્રમણ્યમને પેટમાં તીવ્ર દુખાવો થતો હતો ત્યારે અભિષિક્ત તેલ લગાવીને પ્રાર્થના કરવામાં આવી ત્યારે તેમને સાજાપણું મળ્યું હતું અને ચર્ચમાં સાક્ષી આપી હતી. જ્યારે રેબેકાહે અજાણતા દરવાજાની ટોચ પર રહેલા સાપ પર હાથ મૂક્યો ત્યારે ઈશ્વરપિતાએ તેનું રક્ષણ કર્યું હતું. જ્યારે વિશ્વાસીઓએ સુહાસિની અને ગુરુવાયના અલગ પરિવારો માટે પ્રાર્થના કરી, ત્યારે ઈશ્વરપિતાએ પરિવારો વચ્ચે સમાધાન કરાવ્યું હતું અને તેમને એક કર્યા હતા. પાબીરેટ્ટીકરીપલ્લીમાં એક નવું આરાધના કેન્દ્ર સ્થાપવામાં આવ્યું હતું. બાલાસુબ્રમનિયમને તેના દારૂના વ્યસનમાંથી મુક્તિ આપવામાં આવી હતી.

**પ્રાર્થના :** આપણી વિશ્વાસી એસ્તર લાવણ્યાના પતિ જાનકીરામના પસ્તાવા અને તારણ માટે કે જે તેણીને માત્ર ચર્ચમાં જતા રોકતો જ નથી પરંતુ તેની સાથે શારીરિક દુર્વ્યવહાર કરે છે અને તેમના સ્થાનિક દેવની પૂજા કરવા તેણીને મજબૂર કરે છે. ઈશ્વરપિતા આપણા વિશ્વાસીઓ સાવિત્રી, લક્ષ્મીદેવી અને ચિન્નાપાપમ્માનો જેઓ વિરોધ કરે છે તેઓના પરિવારના જીવનોને ઈશ્વરપિતાના પ્રેમનો સ્પર્શ થાય એ માટે. જ્યોતિઅમ્માના દૈવીય આશ્વાસન માટે જે તેના પતિની ખોટ સહન કરી રહી છે. રાજેન્દ્રને વાઈની બીમારીમાંથી સાજાપણું મળે એ માટે. ગેથપેટાઈમાં આરાધના સંગત માટે યોગ્ય સ્થળ મળે એ માટે. ઈશ્વરપિતા પ્રિસિલા, રેબેકા, ગીથા, મારિતા અને ગ્રેનાને બાળકનો આશીર્વાદ આપે એ માટે.

**29 OCTOBER**
**બુધવાર**

*ઉપવાસ સહિતની પ્રાર્થના*

*Happy Birthday*
શ્રીમતી હેટનીલિંગ દલઝાકમ

## તમિલનાડુ

### લીડરશીપ ટ્રેઈનીંગ સેન્ટર – પેરિયામલાઈ

### ભાબુરાજ અને મેબેલ

**સ્તુતિ :** સીતાપુરમ ગામમાં જીસસ ફિલ્મ દર્શાવવામાં આવી હતી. ૫ ગામોમાં બાળકોની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુડુવાંચરી અને બેંગ્લોર પ્રાર્થના જૂથોએ આપણા પ્રથમ મિશન ક્ષેત્રની મુલાકાત લીધી હતી. દારૂના વ્યસની દાવામણીને સુવાર્તા વહેંચવામાં આવી હતી. તાવથી પીડાતા મેડપ્પનને પ્રાર્થના દ્વારા સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** સેલ્વન, કુમારન, કાલા, મેડપ્પન, સેલન અને દાવમણીએ સુવાર્તા સાંભળી છે તેઓ ખ્રિસ્ત ઈસુના તારણ સાધક વિશ્વાસમાં આવે એ માટે. સાંભળવાની ક્ષતિથી પીડાતા સેલ્વને ઈશ્વરપિતા સાજાપણું આપે એ માટે. વિશ્વાસીઓમાં ઈશ્વરપિતા એકતા લાવે એ માટે. પેટીટામુગિલાલમ મંડમાં આત્મિક જાગૃતિ થાય એ માટે. ઈશ્વરપિતા વધુ આત્માઓને વિશ્વાસમાં લાવે એ માટે.

## ચેંગમ

### કે. એસ. જોશુઆ

**સ્તુતિ :** ૩ પ્રદેશોના સ્થાનિક સુવાર્તિકોના કૌટુંબિક રીટ્રીટમાં ૬૬ વ્યક્તિઓએ ભાગ લીધો હતો અને આશીર્વાદ મેળવ્યો હતો. કુડુથુરાઈપતી અને મોરાપુર મંડળોમાં આત્માઓ જીતવાની તાલીમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. ઈશ્વરપિતાએ આપણા વિશ્વાસીઓને તેમના ઘણા મિત્રો અને પડોશીઓને તેમના સાક્ષીરૂપ જીવન દ્વારા સુવાર્તા વહેંચવા સક્ષમ બનાવ્યા હતા.

**પ્રાર્થના :** તિરુવન્નમલાઈ અને ધર્મપુરી વિસ્તારોમાં સ્થાનિક સુવાર્તિકો માટેની તાલીમ વધુ ફળ ઉપજાવે એ માટે. સથનુર, માંડકલાથુર, મડામ્પોંડી, સુંદકપટ્ટી, બંધરહલ્લી, ઈન્દુર, ગુરુવરાતીયાર અને એકકંદહલ્લી ગામોમાં આગામી યોજાનાર ચર્ચના વડીલના તાલીમી કાર્યક્રમમાં વડીલો સારી રીતે હાજરી આપે અને આશીર્વાદ પ્રાપ્ત કરે એ માટે.

**30 OCTOBER**
**ગુરુવાર**

*Happy Birthday*

શ્રીમતી એસ્તર જહોન ડેવિડસન

## વેટવલમ

### બ્રાઈટ જેયાકુમાર અને બેઉલાહ

**સ્તુતિ :** ઓલૈપટ્ટી ચર્ચમાં ઘણા લોકોએ પ્રાર્થના મીટીંગ અને ચિલ્ડ્રન મીટમાં ભાગ લીધો હતો. આવુર અને કલાસોરથુર ગામોમાં પ્રથમ વખત બાળકોની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. સથનુર ચર્ચમાં ઈશ્વરપિતાની કૃપાથી સ્થાનિક સુવાર્તિકોની તાલીમી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

**પ્રાર્થના :** મુથુની પત્ની અને પુત્ર પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે એ માટે. સુવાર્તા પ્રચાર કાર્ય માટે પ્રોજેક્ટર અને પી.એ. સિસ્ટમની જરૂરિયાતને પહોંચી વળવા માટે. આગામી મહિલાઓની મીટીંગમાં ઘણી મહિલાઓ ભાગ લે એ માટે. અન્નુમલાઈ, પન્નાયુર અને ચિનાલાઈપડી ગામોમાં સુવાર્તા પ્રચાર માટે દરવાજા ખુલે એ માટે.

## એલમાપિલ્લાઈ

### સેલ્વાકુમાર આર. વિલ્સન અને જયા હેલેન

**સ્તુતિ :** નાના દીકરાને કમળાની બીમારીમાંથી ઈશ્વરપિતાએ સાજાપણું આપ્યું હતું. વિશ્વાસમાં નબળા પડનાર સારન્યાના પરિવારે ચર્ચમાં પાછા આવવાનું શરૂ કર્યું છે. ઈશ્વરપિતાએ મેરી અને સુજાતાને ઉચ્ચ શિક્ષણ માટે કોલેજમાં પ્રવેશ મેળવવામાં સહાય કરી હતી. વેંકટેશ વિશ્વાસની જાહેર કબૂલાત માટે તૈયાર છે.

**પ્રાર્થના :** પેરુમલ, કુમાર, ધનરાજ અને કૃષ્ણન દારૂના વ્યસનનો ત્યાગ કરે એ માટે. કિશોરો અને યુવાનો ઈશ્વરપિતાની કૃપાથી પવિત્ર જીવન જીવે એ માટે. અલાગમ્મા, મરિયામ્મા, મૈગેશ્વરી, જ્યોતિ, નીલા, વરાગવા, પેરુમલ અને વિગ્નેશ ઈસુ ખ્રિસ્ત પર તેમનો વિશ્વાસ કબૂલવા તૈયાર છે, તમામ અવરોધો દૂર થાય એ માટે. અલાગપ્પનના પુત્ર ગુમ થયેલ છે જે મળી આવે અને સુરક્ષિત રીતે ઘરે પાછા ફરે એ માટે. વિશ્વાસીઓના ઘરમાં પ્રવર્તતી દેવાની સમસ્યા અને અશાંતિ દૂર થાય એ માટે.

# 31 OCTOBER
**શુક્રવાર**

*Happy Birthday*

શ્રીમતી ઝુચાનો યાન્થાન થાસંગે

## એન્ચેટ્ટી

### ડેવિડ નિકોલ્સન અને આઈવી

**સ્તુતિ :** આપણા વિશ્વાસીના પુત્ર મુવેન્દ્રને ગંભીર ઈલેક્ટ્રીક શોકથી ઈશ્વરપિતાએ બચાવ્યા હતા. ૭ વર્ષથી નિસંતાન રમ્યાને પ્રાર્થના દ્વારા ગર્ભ રહ્યો છે. કેટલાક નવા ગામોમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ભેંસ સાથે ટકરાવાથી પગમાં થયેલ ઈજામાંથી મંગાને પ્રાર્થનાને કારણે સાજાપણું મળ્યું છે.

**પ્રાર્થના :** ઈશ્વરપિતા આપણા વિશ્વાસના બાળકો પ્રભુ, પ્રવીણ, અને અશ્વિનને યોગ્ય અને ઈશ્વરની બીક ધરાવતા જીવનસાથી આપે એ માટે. કિડનીની બીમારીમાંથી અજીત અને ગીતાને, પેટની બીમારીમાંથી નાસાગી, અજ્ઞલને અને સુશીલાને તથા ચાલવામાં અસમર્થ રેણુકા અને કમલમને ઈશ્વરપિતા સાજાપણું આપે એ માટે. દેવાનો બોજ ધરાવતા એન્જેલિન, શાંતિ, જયંતિ, કવિતા, શ્રીધર, ભવાની અને સેન્ટિલના પરિવારોને ઈશ્વરપિતા દેવાના બોજમાંથી મુક્ત કરે અને શાંતિ સ્થાપિત કરે એ માટે.

## ચત્રાપેટ્ટી

### અર્ચના

**સ્તુતિ :** પેલાઈથોચમ ગામમાં મિશનરીને સક્ષમ કરવામાં તેમની સહાય કરવા સુવાર્તા પ્રગટ કરવામાં આવી હતી. ચંદીરપતિ ગામમાં ઉપવાસની પ્રાર્થનામાં ઘણા લોકોએ ભાગ લીધો હતો. ઈશ્વરપિતાએ મિશનરી ટીમ સેવાકાર્ય. બાળકોનું સેવાકાર્ય અને રાત્રિની પ્રાર્થના મીટીંગોનું આયોજન કરવા સક્ષમ બનાવ્યા હતા. આપણા મિશનરી અર્ચનાને પ્રાર્થના દ્વારા અલ્સરની બીમારીમાંથી સાજાપણું મળ્યું હતું.

**પ્રાર્થના :** ચંદીરપતિ ગામમાં ચર્ચની નોંધણી સમયસર પૂર્ણ થાય એ માટે. ઈશ્વરપિતા સચિવિલ અને શ્રુતીના પરિવારોને બાળકનો આશીર્વાદ આપે એ માટે. ડેનિયલને સારી નોકરી મળે અને પરિવારને દેવાના બોજથી દૂર કરે એ માટે. અરવિંદને ડ્રગ્સના વ્યસનમાંથી મુક્તિ મળે અને પરિવારમાં શાંતિ સ્થાપિત થાય એ માટે.

**412**

**મિશનરી આલ્બમ**




# રેવ. પી. વિનુ અને શ્રીમતી એસ. સુહી મલાર પરિવાર

રેવ. પી. વિનુનો જન્મ ૨૮ ફેબ્રુઆરી ૧૯૮૮ ના રોજ કન્યાકુમારી જીલ્લામાં શ્રી પરમનાન્થમ અને શ્રીમતી સુશીલાના પરિવારમાં થયો હતો. તેમને એક મોટો ભાઈ અને એક નાની બહેન છે. તેના શરૂઆતના વર્ષોમાં તેમને ઈસુ ખ્રિસ્ત સાથે અંગત સંબંધ નહોતો અને તેની માતાના સતત પ્રોત્સાહન છતાં, ઘણીવાર મંડળીમાં નિયમિતપણે ભાગ લેવાનો ઈનકાર કરતો હતો. રવિવારે, તે પ્રભુમંદિરમાં જવાને બદલે તે પોતાને કામમાં વ્યસ્ત રાખતો.

જ્યારે તે ૮ માં ધોરણમાં હતા, ત્યારે રેવ. વિનુ નલુમાવાડી ખાતે આત્મિક જાગૃતિની મીટીંગમાં ભાગ લીધો હતો, જ્યાં ઈશ્વરપિતાએ તેમની સાથે વચન દ્વારા વાત કરી, ‘‘તે સમયે તેનો ભાર તારી ખાંધ પરથી, ને તેની ઝૂંસરી તારી ગરદન પરથી ઉતારવામાં આવશે, ને પુષ્ટિને લીધે ઝૂંસરી નાશ પામશે’’ (યશાયા ૧૦:૨૭). તેમના પાપોને દોષી ઠેરવવામાં આવ્યા, તેમણે ઈશ્વરપિતાની ક્ષમા માંગી અને ઈસુ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકાર્યા. તે પછીથી, તેમનું જીવન બદલાઈ ગયું — તે પ્રભુમંદિરમાં સક્રિય બન્યા, જવાબદારીઓ લીધી અને અન્યને આત્મિક જાગૃતિના મેળાવડાઓમાં દોરી ગયા.

એક દિવસે, ઉત્તર ભારતીય આદિજાતિ સમુદાયો વિષે કોઈ કાર્યક્રમ જોયા પછી, ઈશ્વરપિતાએ તેના હૃદયને સ્પર્શ કર્યો અને તેમની મધ્યે સેવા આપવા માટે ઈશ્વરના તેડાની અનુભૂતિ કરી, આ તેડાનું પાલન કરીને, તેમનું શિક્ષણ પૂર્ણ કર્યા પછી, તે એફએમપીબીમાં સુવાર્તા રથમ સેવાકાર્યમાં જોડાયા. આ સેવાકાર્ય દ્વારા, તેમણે ભારતભરના ઘણા એફએમપીબી સેવા ક્ષેત્રોની મુલાકાત લીધી, જેને લીધે ઉત્તર ભારતમાં સેવા આપવાની તેમની ઈચ્છા વધુ પ્રબળ બની. ૧ જુલાઈ, ૨૦૦૬ ના રોજ, તે એફએમપીબીમાં પૂર્ણ સમયના મિશનરી તરીકે જોડાયા. એનઆઈએમ ખાતે એક વર્ષ તાલીમ પૂર્ણ કર્યા પછી, તેમને ગુજરાતના સાબરકાંઠા જીલ્લામાં ડુંગરા કરેશિયા લોકજૂથમાં સેવાકાર્ય માટે મોકલવામાં આવ્યા, જ્યાં તેમણે લુસાડિયા ખાતે એક નવું સેવા ક્ષેત્ર શરૂ કર્યું.

શ્રીમતી એસ. સુહી મલારનો જન્મ ૨૬ મી જુલાઈ ૧૯૮૮ ના રોજ શ્રી સોરનપ્પન અને શ્રીમતી સોર્નાબાઈની સૌથી મોટી પુત્રી તરીકે કન્યાકુમારી જીલ્લાના આંટીથુપુ ગામમાં થયો હતો. ૨૦૦૬ માં, સાલેમ ડેનિશપેટ ખાતેની વાર્ષિક શિબિર દરમિયાન, તેણીએ પોતાના જીવનને પૂર્ણ સમયના સેવાકાર્યમાં સમર્પિત કરવા માટે પવિત્ર આત્માનું દૈવીય તેડુ મેળવ્યું. પોતાનું શિક્ષણ પૂર્ણ કર્યા પછી, તે ૨૦૧૦ માં એફએમપીબીમાં જોડાયા, ઝાંસીમાં મિશનરી તાલીમ લીધી, અને ઝારખંડના ગંગુપાડામાં ચિલ્ડ્રન હોસ્ટેલમાં પોતાનું સેવાકાર્ય શરૂ કર્યું.

૧૯ મી ઓક્ટોબર ૨૦૧૧ ના રોજ, રેવ. પી. વિનુ અને શ્રીમતી એસ. સુહી મલાર લગ્નમાં એક થયા હતા. ત્યારથી, તેઓ ગુજરાતમાં ડુગરા ભીલ, વસાવી, વારલી અને કુકના-ભાષી સમુદાયોમાં વિશ્વાસપૂર્વક પ્રભુનું સેવાકાર્ય કરી રહ્યા છે. હાલમાં, રેવ. વિનુ સાહાદરી ક્ષેત્રના પ્રાદેશિક સચિવ તરીકે સેવા આપે છે, જે સેવાકાર્યમાં તેમની પત્ની દ્વારા સમર્થન આપે છે.

ઈશ્વરપિતાએ તેમને બે પુત્રોનો આશીર્વાદ આપ્યો છે. તેમના મોટા પુત્ર, રિચાર્ડસન, જેનો જન્મ ૨૯ ઓગસ્ટ ૨૦૧૨ ના રોજ થયો હતો, તે ૮ માં ધોરણમાં અભ્યાસ કરે છે અને તેમના નાના પુત્ર જેફ્રીસન, ૨૨ માર્ચ ૨૦૧૭ ના રોજ જન્મેલા ધો. ૩માં અભ્યાસ કરે છે. બંને બાળકો ધોનાવુરની સંતોષા વિદ્યાલયમાં અભ્યાસ કરી રહ્યા છે.

રેવ. વિનુ અને શ્રીમતી સુહી મલારે નમ્રતાપૂર્વક તેમના પરિવાર અને સેવાકાર્ય માટે તમારી સતત પ્રાર્થના માટે વિનંતી કરી છે, જેથી તેઓ ગુજરાતના વણખેડાયેલા લોકજૂથોમાં ઈશ્વરના તેડાને વિશ્વાસપૂર્વક પરિપૂર્ણ કરી શકે.

GO OR SEND

# friends missionary prayer band

# KARNATAKA STATE CONFERENCE 2025

**PLACE**

## INDIA CAMPUS CRUSADE FOR CHRIST

Hennur Road, Lingarajapuram, Bangalore - 84.

**DATE**

## Oct. 11 - 12

SATURDAY - 8.00 AM TO SUNDAY - 7.30 PM

**THEME** More than these (John 21:15)

## GUEST SPEAKERS

- Rt. Rev Dr. Vincent Vinod Kumar Bishop, CSI (KCD) (Inaugural)
- Dr. Julian Sundersingh
- Rev. I.K. Abraham
- Rev. Emmanuel Ranjithsingh
- Bro. Brighton Anbu (Youth)

### Vision / Mission of the Conference:

- To see the Great Commission come alive.
- To develop a heart for mission among disciples of Jesus
- To renew our commitment/involvement for Mission & witness

### Objectives to achieve the vision:

- Identify new partners inspired to go as Missionaries, inspired to pray & inspired to give.
- Engage every member/house to pray for missions
- Create new prayer cells and equip young leaders.

Friends Missionary Prayer Band

### Young Couples Meet

Together in God's Mission

GUEST SPEAKERS:

Rev. Emmanuel Ranjithsingh & Mrs. Vasanthi Emmanuel

11th October 2025

Saturday, 2pm to 5pm

India Campus Crusade for Christ, Lingarajpuram, Bengaluru.

Topics:

* Family as God's Design.
* Children & Parents.
* Family in God's Mission.

Commences with lunch

For More Details: 9902288750 / 9686436937

## FMPB - KARNATAKA SNEHALAYA

# 173, 4th Cross, Chikkanappa Layout, Byrathi, Kothanur, Bengaluru - 560 077.

☎: **Rev. Elangovan** - 9902288750, **Rev. Justin** - 7889050020, **Bro. Ananda Kumar** - 9686436937, **Rev. Raja (Hubballi)** - 9036671342, **Rev. Daniel Vijayaraj (KGF)** - 9886327316, E-mail: elangovan@fmpb.org

**Pray, Participate & Be Blessed**

***Published by:*** S. John Berlin on behalf of Friends Missionary Prayer Band from 29, High School Road, Ambattur, Chennai 600 053. Tel. 044-2657 0404 E-mail: info@fmpb.org ***Printed by:*** Rasi Graphics (P) Ltd. No. 40, Peters Road, Royapettah, Chennai - 600014. ***Editor: S. John Berlin***